
# ચૌરાહા



વિનાયક
પુરોહિત

Author's Copy
25.4.91

# ચૌરાહા

- ત્રિઅંકી નાટક. ચાર રાહોનો ભેટો.
  તેના ચાર પ્રધાન પાત્રો, અચ્યુત, નિશા, પ્રભાકર અને ચંપા.
- તેમના મિલનં, કલેશ અને અંજામનું નિરૂપણ.
- આપણી આજની કાલા ગુમાસ્તા, દલાલ, આડતીઆ, દુભાષિયા, બ્રોકર સંસ્કૃતિમાં રોમાંચ્ યુવાનોને ક્યાં સુધી ખેંચી જાય છે તે દર્શાવવાનો એક પ્રયત્ન.
- કારકીર્દિ, પ્રતિષ્ઠા ને પૈસાની-ત્રિમૂર્તિની ઉપાસના માનવીને હેવાન બનાવીને જ રહે.

રૂા. ૬૦/-

# વિનાયક પુરોહિત

- જન્મ: ૧૯૨૭, કલકત્તામાં;
- સ્વાતંત્ર્ય સૈનિક, ૧૯૪૨ ની ઑગસ્ટ ચળવળના (શાહીવાદી પોલીસની લાઠીના ફટકાને લીધે ખોપડી ફાટેલી તે બરાબર ૯મી ઑગસ્ટ ૧૯૪૨ ના રોજ શિવાજી પાર્કમાં; ત્રણ વખત ગિરફતારી; પહેલી વાર કોન્સટેબલને જીવતો સળગાવી દેવાના તહોમત નીચે; ત્રીજી વારની પ્રતિબંધીત અટક કાયદા હેઠળ વરલી કૅમ્પમા);
- સ્નાતક બી.એ. ઑનર્સ, ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજનીતિ વિષયો સાથે, બોમ્બે યુનિવર્સિટી, ૧૯૪૮.,
- સભાસદ, ૧૯૪૨-૪૮, બોલ્શેવિક લેનિનેસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા, બર્મા ઍન્ડ સિલોનના (ટ્રોટ્સ્કીવાદી ચોથી આંતરરાષ્ટ્રિયનું એક ઘટક); તેના વિસર્જન બાદ, ૧૯૪૮-૫૨ દરમ્યાન સમાજવાદી પક્ષના;
- મજદૂર સંસ્થા સંઘઠક (મહાસચિવ, બૉમ્બે પ્રેસ એમ્પ્લોઈઝ યુનિયન) ૧૯૪૮-૫૨;

(ચાલુ પાછળના ફ્લેપ પર)

Donated by
Dr. VINAYAK PUROHIT
MANKIND, Pune

# ચૌરાહ

વિનાયક પુરોહિતનાં બીજાં પુસ્તકો

સ્ટીલ ફ્રેમ (ગુજરાતી નાટક)

તે ઉપરાંત અંગ્રેજીમાં

The Press and the People
Education for Liberation
Arts As History
Arts of Transitional India : 20th Century, 2 Volumes
Sociology of Indian Dance
Sociology of Indian Ballet
Sociology of Thumri
Vistara : A Note on the Sociology of Indian Architecture
Compradorism, Times of India and M.F.Hussain
Gorbachevism, Art Systems of Russia and India, etc.
Three wonders of Compradorism
The Social Setting of Indian Sculpture
The Social Aspects of Indian Music
Philosophy of Leisure, etc.
Sociology of Indian Film
Ten Essays in Indian History

# ચૌરાહા

વિનાયક
પુરોહિત

ડૉ. શરયુ મ્હાત્રે, મુંબઇ

ઙરવભીરો
સ્વીકારી
શકાય
નહીં

મુખપૃષ્ઠ સજાવટ : વિનાયક પુરોહિત

પહેલી આવૃત્તિ, ૧૯૯૧

કૉપીરાઇટ : ડૉ. શરયુ મ્હાત્રે, ૧૯૯૧

ISBN 81-85530-14-9

સર્વ હકક કર્તાને સ્વાધીન

આ નાટકનો કોઇ પણ સંવાદ કે સંપૂર્ણ નાટક, લેખકની લેખિત પરવાનગી વગર છાપવાનો કે ભજવવાનો કોઇને હકક નથી. આ બંધીનું ઉલ્લંઘન કરનાર પર કાયદેસર કામ ચલાવવામાં આવશે.

હિન્દુસ્તાનની છપાઇ :

ફાઇન પ્રિન્ટસ

૨૪ / ૨૬, વિલ્સન સ્ટ્રીટ,

વી.પી.રોડ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

ફોન : ૩૫ ૮૪ ૨૧ / ૩૮ ૯૨ ૦૮

પ્રકાશક : ડૉ. શરયુ મ્હાત્રે

૫, બીજે માળે,

૩૭૨ - અ, કૅડેલ રોડ,

રવિ ધુરૂ વાડી,

દાદર, મુંબઇ - ૪૦૦ ૦૨૮.

ફોન : ૪૨૨ ૦૮ ૫૪, ૪૨૨ ૫૮ ૭૫, ૪૩૦ ૯૦ ૪૯

મારાં અતિપ્રિય સ્વર્ગસ્થ સાવકાં બહેન રેણૂકા દીદીને.

તેમણે પહેલવહેલો મને નાટ્ય પ્રવેશ કરાવેલો અને

વહાલથી હસીને નાટ્યરસમાં ડૂબાડેલો.

તે જમાનામાં, ત્રીસીમાં ક્ષયરોગ જીવલેણ નીવડતો

અને નાની ઉંમરે તે જ એમનો ભોગ લઇ ગયો.

આજે હું ખિન્ન છું કે રેણૂકાદીદી આ નાટક વાંચવા

રહ્યાં નથી.

# પ્રસ્તાવના

- ૧ -

"ચૌરાહા" પંચ્યાસીની અધવચમાં લખાયેલો. તેનું મૂળ નામ હતું "ત્રિભેટો" અને તેમાં એક ત્રીજા ખૂનની પ્રક્રિયા સમાવી લેવામાં આવી હતી. પણ તે પછી, પ્રભાકરના કાકાની કરામત, જેમાં તેમણે ઝેર આપીને તેમની એક વિધવા દરદીનું ખૂન કરેલું, તે ચોથો અંક કાઢી નાખીને નાટક ટૂંકાવીને વધુ ધારદાર બનાવવાનું વાજબી માન્યું અને "ચૌરાહા" જેવું નૂતન નામકરણ થયું.

કેટલાક પ્રકાશક મિત્રોનું કહેવું હતું કે ગુજરાતી પ્રજામાં નાટકોનો ઉપાડ નથી. (કહે છે કે મરાઠી, બંગાલી, તામીલ અને હિંદીમાં પરિસ્થિતિ એટલી ખરાબ નથી.) આપણે ત્યાં નવલકથા અને તેવા "હળવા" સાહિત્યની ખપત થાય છે. (નવલકથાકારો માફ કરે, પણ તેમનાં લખાણોને હજી આપણે ત્યાં "હળવા" મનાય છે.) પણ નાટકો કરતાં સાડીઓ લેવાનું ગુજરાતીઓ વધારે પસંદ કરે છે. (સાડીની કિંમત ઘણુંખરું ઘણી વધારે હોય છે તે છતાં) એટલે પહેલા છપાયેલા "સ્ટીલ ફ્રેમ" ના અનુભવ બાદ મેં "ચૌરાહા - ત્રિભેટો" ને છપાવવાનું ટાળ્યું. પાંચ વર્ષથી ઉપર સમય વીતી ગયો.

સાચું પૂછો તો લેખકોના કોઇ પ્રકાશક મિત્રો હોતા નથી. પ્રકાશકો વિશે મારો અનુભવ નિરાશાજનક છે. એટલી હદ સુધી કે પ્રકાશક માત્ર લેખકનો દુશ્મન છે એવી મારી દૃઢ માન્યતા છે. "આર્ટ્સ ઓફ ટ્રાન્ઝિશનલ ઇન્ડિયા," બે ભાગો અને ૧૪૫૦ પાનાવાળા ગ્રંથો, પોપ્યુલર પ્રકાશનના રામદાસ ભટકલે છાપ્યા. વર્ષો છપામણીને થયાં (પાંચથી વધુ). ૮૬ માં પહેલો ભાગ અને પછી ૮૮ માં બીજો, એમ બહાર પડ્યા. ૩૧.૧૨.૮૮ ના દિન સુધીનો રોયલ્ટીનો હિસાબ, ફેબ્રુઆરી ૧૯૯૦ માં અપાયો, કરારની કલમોની સ્પષ્ટ વિરુધ્ધ અને તે પણ માત્ર હિસાબ. તેમાં કબૂલેલી, મારા નામે જમા નીકળતી રકમ, આજ સુધી પ્રકાશકે અદા કરી નથી અને તેનો એવો વિચાર પણ નથી. મારે ન્યાયાલયની પાયરીઓ ચઢવી પડશે, ના છૂટકે.

ખેર, એ તો થવાનું થયા કરશે. લેખક બનવાનો ગુનો મેં કર્યો એટલે તેની કિંમત ચૂકવવી જ જોઇએ.

નાટક લખીને કેટલાં વર્ષ એમને એમ રાખી મૂકાય ? આખરે, મેં પોતે પ્રકાશક બનીને છપાવવાનો નિર્ણય લીધો. કેરલના લેખકોની સહકારી

સંસ્થા જેવી ગુજરાતમાં હોત તો મારે પ્રકાશક તરીકે વિતરણ વ્યવસ્થાની જવાબદારી ઉપાડવી ન પડત. સ્વ. જયવદન તખ્તાવાલા સાથે મળીને આવી સહકારી સંસ્થા ઊભી કરવાની યોજના એક વખત તૈયાર કરી હતી, પણ તે બની શકયું નહીં. (ત્યાં કેરલમાં લેખકોને ૨૫ થી ૪૦% સુધી રોયલ્ટી પ્રાપ્ત થાય છે એમ જાણવા મળ્યું છે.) ગુજરાતી લેખકો ભેગા મળીને હજી કંઇ કરે તેવી આશા મેં સાવ છોડી નથી.

- ૨ -

કથાવસ્તુ સાવ કાલ્પનિક છે. છતાં પાત્રોના સંવાદો લખતી વખતે મેં તે સાંભળ્યા હતા. એટલે, વાસ્તવિકતામાંથી જ વસ્તુનો ઉદ્ભવ થયો હોવો જોઇએ. કયાંક કોઇ સમાચાર - પત્રના અંદરના પાનાંની ફકરા બે ફકરાની ખબર, કે બસમાં કે ટ્રેનમાં જતાં આવતાં બેધ્યાને સંભળાયેલા બે શબ્દો, કદાચ આવું જ કોઇ ઉદ્ભાવ-સ્થાન હશે. એક વાત હું નિશ્ચિત માનું છું કે જો પાત્રોનું સર્જન સચોટ થયું હોય, અને બીના જો સરખી ગોઠવાઇ ગઇ હોય, તો કયાં તો વર્ણવાયેલા પ્રસંગો હકીકતમાં બની ગયા છે અથવા તો તે નજદીકના ભવિષ્યમાં બનવાના છે.

આવું જ મારા પહેલ-વહેલા છપાયેલા "સ્ટીલ ફ્રેમ"ની બાબતમાં બન્યું હતું. તેજપાલમાં એનો પ્રયોગ જોયા પછી કમલનયન બજાજ (સ્વર્ગસ્થ ઉદ્યોગપતિ અને સંસદસભ્ય) અને લાલજી મલ્હોત્રા (માજી એલચી, જાપાન) મને મળ્યા. બંનેને નાટક ખૂબ ગમ્યું. એમણે સામેથી પૂછયું કે તને મુંબઇમાં બેઠે બેઠે, જુનાપુરાણા (વિસ્મૃતિ થઇ ચૂકેલા), આઇ.સી.એસ. બી.બી.લાલનો કિસ્સો કેવી રીતે જડી આવ્યો ? ઉત્તર પ્રદેશના વર્તમાન-પત્રોમાં તે જમાનો થયે ચર્ચે ચઢેલો બનાવ ૧૯૪૭ની પૂર્વેનો. આઇ.સી.એસ. બી.બી. લાલે ઘરની સામંતશાહી ઢબથી રાખેલી નોકરાણી બિદાસિયાનું ઘરના કૂવામાં ફેંકી દઇને ખૂન કરેલું. (મારા નાટકમાં બિદાસિયા-પદ્માનું ગળે ટૂંપો દઇને ખૂન કરવામાં આવે છે, એટલો ફરક).

ખરી બિદાસિયા પણ ગર્ભવતી હતી અને તે પણ ઘરમાલિક સાથેના આડસંબંધોને લીધે. બી.બી.લાલને કોઇ મનુ જેવો દીકરો કે મીના જેવી દીકરી હતાં કે નહીં તે ખબર નથી. (પણ હોત તો મેં ચીતર્યાં છે તેવાં જ હોત.) પણ મીસીસ રામ જેવી ફેશનેબલ, ઊંચા કુટુંબની, ક્લબ જીવનમાં રમતી પત્ની તો હતી જ. ગમે તેમ સ્ટીલ ફ્રેમના અનેક ધમપછાડા છતાં, અનેક આઇ.

સી.એસ.ની ધરખમ મદદ છતાં, લાલભાઇ સપડાઇ ગયા અને તેમને ફાંસીની કે જન્મટીપની સજા થઇ. તે વખતે દિલ્હીની સુપ્રીમ કોર્ટ હજી જન્મી નહોતી. એટલે કે ૧૯૫૦ સુધી લાલભાઇની અપીલોની કતાર પહોંચી હશે. લંડનની પ્રિવી કાઉન્સિલમાં કેસ ખુલવાની તારીખ જાહેર થાય તેવામાં જ પૈસેટકે ખુવાર થયેલા, તેજોવધ પામેલા, મિસ્ટર બી.બી.લાલ આઇ.સી.એસે આત્મહત્યાનો માર્ગ અપનાવ્યો. લગભગ મારા નાટકના આઇ.સી.એસ. મિસ્ટર રામની જેમ જ.

મને બી.બી.લાલના કિસ્સાની કદીએ જાણ નહોતી. વારંવાર દિલ્હી જવાનું થતું, ખાસ કરીને મારા સ્વર્ગસ્થ મિત્ર ડો. રામમનોહર લોહિયાના ૧૯૬૩ના લોકસભા પ્રવેશ બાદ. તે અરસામાં લોહિયાના મુખપત્રો "મેનકાઇન્ડ" અને "જન" માં હું ખૂબ લખતો. મેનકાઇન્ડના એકાદ અંકનો તો હું મહેમાન તંત્રી પણ બન્યો હતો.

વિષયાંતર કરીને ગર્વથી લખવા ઇચ્છું છું કે ૧૯૫૬ના હૈદરાબાદથી પ્રકાશિત "મેનકાઇન્ડ"ના પહેલા અંકથી માંડીને લોહિયાના મૃત્યુ સુધી અને તે પછીના પણ થોડાક અંક સુધી, પાછળથી દિલ્હીથી પ્રકાશિત મેનકાઇન્ડ માં સતત નહીં પણ અનેક વાર લગભગ અવિરત હું લખતો રહ્યો. લોહિયાના હાથમાં "મેનકાઇન્ડ" સમાજવાદનું લડાયક મુખ પત્ર હતું અને છેવટ સુધી ઝઝૂમતું રહ્યું.

આ બધા, દિલ્હીના, નિકટથી નિરીક્ષણ કરેલા, અનુભવોને લીધે હું "સ્ટીલ ફ્રેમ" નું માળખું રચી શકયો.

મારા આનંદની, હર્ષ ઉલ્લાસની શું વાત કરું ? કમલનયનજી અને લાલજી મલ્હોત્રાભાઇની વાતથી હું ખૂબ ખુશ થયો. મેં "સ્ટીલ ફ્રેમ" લખતી વખતે સાંભળેલા સંવાદો સાવ સાચા નીકળ્યા. ખરેખર એવા વાર્તાલાપો એક જીવતા જાગતા આઇ.સી.એસ. ઓફિસરના ઘરમાં થતા હતા ! આજે પણ, એક દાયકા પછી, સ્મરણ કરું છું ત્યારે રાજીનો રેડ થઇ જાઉં છું અને નિર્દોષ પણે ભાવભીનો થઇને મારી પોતાની પીઠ થાબડી લઉં છું. મનમાં ને મનમાં બોલું છું : વાહ વિનાયક, તેં કમાલ કરી. બી.બી. લાલને જાણ્યા વગર, તેં એને ઓળખી કાઢયો !

- ૩ -

સ્ટીલ ફ્રેમની બીજી એક બે વાતો યાદ કરવા જેવી લાગે છે. પહેલું એ કે આપણે ત્યાં કોપીરાઇટ (સર્જન માલિકી હકક) જેવું

કશું છે જ નહીં. "સ્ટીલ ફ્રેમ"ના અનેક પ્રયોગો જયપુર, લખનૌ, કાનપુર, એમ ઠેરઠેર થયા. ઊડતી વાતો સાંભળી અને અવલોકનો જોયાં. પણ કોઈએ ઔપચારિક રીતે પણ મારી પરવાનગી માગી નહોતી. (મેં આપી જ હોત.) સ્ટીલ ફ્રેમનું તામીલમાં ભાષાંતર થઈને મદ્રાસમાં ભજવાઇ પણ ગયું છતાં ન તો ભાષાંતરકારે કે ન તો ભજવનારે મારા અસ્તિત્વની દખલ લીધી. મેં વિચાર કર્યો કે અનેક ન્યાયાલયોમાં, જબરજસ્ત ખર્ચો વેઠીને. મારા હકો સંભાળવાનો પ્રયાસ કરવો, એના કરતાં બીજાં બે નાટકો લખી નાખવાં તે વધારે ઉચિત પ્રત્યુત્તર થશે.

મરાઠીવાળાએ તો હદ કરી નાખી. આઘુંપાછું જોયા વગર ધરાર એક રાજા કરાલે નામની વ્યકિતએ તો સ્ટીલ ફ્રેમને પોતાનું જ નાટક ગણાવી રાજય - નાટ્ય - સ્પર્ધામાં તેનો પ્રવેશ કરાવી દીધો ને મુંબઇના વર્તમાન પત્રોમાં તેવી જાહેરખબરો સુધ્ધાં છાપી નાખી. મેં યોજકોને લખ્યું ત્યારે ભાઇ કરાલેએ ઝડપથી પીછેહઠ કરવા માંડી. પણ તે પહેલાં તેમણે તમાશા બોર્ડે સુચવેલા અમુક અયોગ્ય ફેરફારો સંવાદોમાં સ્વીકાર્યા હતા. જેમકે, રાણી એલિઝાબેથની વિષયભરી આંખોનો ઉલ્લેખ, અને તેવાં બીજાં કેટલાક મારાં તમતમતાં વિધાનો બાકાત કરવાનું તેમણે કબૂલી નાખ્યું હતું. આ અનુભવ પછી મને ખાસ સમજાયું કે આજની પૂંજીવાદી વ્યવસ્થામાં કોપી રાઇટ એ કેવળ બૌધ્ધિક માલિકી હકકનો પ્રશ્ન નથી. લેખકના હેતુને જાળવી રાખવાનો આજની પરિસ્થિતિમાં તે એકમાત્ર રસ્તો છે. આ બીજો મુદ્દો.

ત્રીજો મુદ્દો તે અનુદાનનો.ભજવનારાઓમાંથી જવલ્લે જ એકાદ બે એવા હોય છે કે જે લેખકને ફુલની પાંખડી પણ આપવાની કાળજી રાખે. કલકત્તાના અનામિકા સંઘના શ્રીમતી પ્રતિભા અગ્રવાલને અપવાદ ગણીએ તો મારા અનુભવમાં એવું કોઇ ભાગ્યે જ છે. (કદાચ, દિલ્હીના અભિયાનના રાજેન્દ્ર નાથને પણ આ અપવાદોમાં ગણવા જોઇએ.) જે લેખકના અનુદાનની ચીવટાઇથી ફેરફેટામણી કરે છે. મુંબઇના ગઠિયા સત્યદેવ દૂબેએ તો, રજત જયંતિ પછી, ખાસ સમારંભ કરીને પછી, સુવર્ણ-જયંતિ પછી, એમ ગલ્લાંતલ્લાં કરીને, છેવટ સુધી એક પણ પૈસો મને આપ્યો નહીં. પ્રતિ પ્રયોગ કેટલા આપવાના તે મેં ભજવાનારોઓ પર પહેલેથી છોડ્યું હતું. એટલે દરનો પ્રશ્ન કયારેય ઊભો નહોતો થયો. પણ છેવટ સુધી લેભાગુ અને લબાડ દૂબે આશ્વાસન આપતો જ ગયો અને આપવાનો પ્રસંગ ટાળતો જ ગયો. તે આજ સુધી.

અનુદાનની સાવ તુચ્છ રકમ બદલ ઝાઝી હૈયાવરાળ કાઢવાનો તો શોખ અને સમય મને ન હોય તે સ્પષ્ટ છે. ફકત પ્રતિષ્ઠિત, ફેશનેબલ, ફિલ્મી ધૂતારાઓ પ્રત્યે દંભ વિસારી, નામ દઈ, કાળાને કાળા વર્ણવી, આંગળી ચીંધવી, તે હું મારા સહ નાટ્યકારો તરફની નમ્ર ફરજ સમજુ છું. આખરે લેખકોના હકો વિષે લેખકોએ જ ભેગા મળી લડવું રહ્યું

"ચૌરાહા"ની બાબતમાં આવું કંઇ ન બને એવી આશા રાખું છું. જો કે, આપણા દેશની કાયદાની વ્યવસ્થા એવી સુંદર છે કે ચોરોને આઝાદી મળી જ રહેવાની.

- ૪ -

મુશ્કેલી ફકત કાયદાની વ્યવસ્થાની નથી. આપણી આખીયે આર્થિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થા આડતિયા, દલાલ, બ્રોકર, કમિશન - એજન્ટ, બનિયન, દુભાષિયાઓની, ક્રૂર શબ્દમાં કહીએ તો ભડવાઓની સર્જેલી અને પોષક છે. છેલ્લાં સો સવાસો વર્ષ દરમ્યાન આપણે માણસો મટીને નકલખોર વાંદરાઓ બની ગયા છીએ. પરદેશનાં થોડાંઘણાં નાટકો ભજવાય અને તેના રૂપાંતરો થયાં કરે, તેનો મુદ્દલ વાંધો નથી. પણ, જયારે "બ્રોડ વે" અને "વેસ્ટ એન્ડ"ની કનિષ્ઠમાં કનિષ્ઠ રજૂઆતોનાં ભાષાંતરો ને રૂપાંતરો અને હમણાં હમણાં તો બી.બી.સી.ની સીરિયલોના કલેવર પલટાઓ તખ્તા પર એકહથ્થુપણું જમાવે છે, ત્યારે ચિંતા થવી સ્વાભાવિક છે. આ કેવો દેશ છે કે જેના સામાજિક અને સાંસ્કૃતિક આગેવાનોને સ્વદેશના કોઈપણ પ્રશ્નો, અભિલાષાઓ, વિમાસણો, આકાંક્ષાઓ અને દર્દોની લેશમાત્ર પરવા નથી ? એમને પરદેશોની ઝાકમઝોળમાં જ નિરંતર ઓતપ્રોત થવું વધારે ફાવે છે !

નાટકો તો દેશના જીવન - સંગ્રામમાંથી ઉદ્દભવે. જે સંગ્રામ આપણા દેશમાં ચાલતો જ નથી તેવાનું અવિરત નિરૂપણ સમાજના ઉપલા સ્તરને કેમ ગમતું હશે ? શું આપણે ત્યાં વિમાસણો ઓછી છે ? શું તેના ભયાનક ઓળાઓ અને પડઘાઓ ઓછા રસપ્રદ કે હચમચાવનારા છે ? આપણે આપણી પોતાની સમસ્યાઓમાં કેમ ગૂંથાયેલા નથી ?

પરદેશી નાટકો તો, તેમના સમાજને સમજવા, કોઇ કોઇ વખત કરવાના હોય, પણ ભાષાંતરો અને રૂપાંતરોને જંગી, ધરખમ, પ્રતિષ્ઠિત દેશી ઉદ્દ્યોગનું રૂપ ઓછું આપી શકાય ?

- ૫ -

અઢારમી સદીની અધવચથી જ આપણા તખ્તાના અધઃપતનની શરૂઆત થઇ ચૂકી હતી. શેક્સપિયરના ભાષાંતરોનો ઝડીમાર ત્યારથી જ આરંભાયો. જેને પારસી - ઉર્દૂ - ગુજરાતી રંગભૂમિ કહેવાય છે, તે પ્રવૃત્તિએ તો આગા હશ્ર અને નારાયણ પ્રસાદ 'બેતાબ'ની કલમો દ્વારા શેક્સપિયર નામનું એક વંટોળિયું ઊભું કર્યું. શેક્સપિયરના નાટકોના અને સોનેટના અનેક અનેકવાર, ફરી ફરીને, ભાષાંતરો થતાં જ રહ્યાં. પાઠ્ય - પુસ્તકોમાં તે અનિવાર્ય બની ગયાં. અંગ્રેજ શાહીવાદી પ્રચારતંત્રે સર્વત્ર, સંસ્થાનિક જગતમાં, શેક્સપિયરની બોલબાલા મચાવી દીધી.

મારા અત્યંત નમ્ર મત મુજબ શેક્સપિયર એક વ્યકિતનું નહીં પણ એક શાહીવાદી મહાઉદ્યોગનું નામ છે. મેકૉલેની "દેખાવે હિન્દી અને અંદરથી અંગ્રેજ માનસ તૈયાર કરતી" શાહીવાદી શિક્ષણનીતિને વિકસવવામાં શેક્સપિયર જેટલો અંગત ફાળો ભાગ્યે જ કોઇ બીજાનો હશે. આજે કેવળ અંગ્રેજો અને અંગ્રેજ પ્રેમીઓ જ શેક્સપિયરના બાલીશ "ફિલસૂફી" ભર્યાં વિધાનોને ડોકું ધુણાવીને સાંભળી શકે.

પણ આપણે આગળ વધીએ. શેક્સપિયર પછી આવ્યો જમાનો આપણા કહેવાતા સમાજ સુધારકોનો. આ સુધારકોને બહુજન - સમાજનું અલ્પજ્ઞાન હતું. તેઓએ વિધવા - વિવાહ, બાળ - વિવાહ, સતીપ્રથા, છૂટાછેડા, બહુપત્નીપ્રથા વગેરેની વિરુધ્ધ ઉહાપોહ ઉઠાવ્યો. પણ, આપણા "નીચલા - સ્તર"ના ગરીબોમાં વિધવા - વિવાહ તો સહજ હતો. બાળ - વિવાહ, ખાસ કરીને આદિવાસીઓમાં તો થતો જ નહીં. બીજા ગરીબોમાં, અનુકરણના અપવાદો સિવાય, ભાગ્યે જ લેવાતો અને "ગૌના" (પરણેતરને વરને ઘરે મોકલવાનો રિવાજ) તો મોટી ઉંમરે જ કરવામાં આવતો. સતીની પ્રથા તેમનામાં હતી જ નહીં. છૂટાછેડાનું સ્વાતંત્ર્ય તો પહેલેથી જ આસાન હતું. બહુપત્નીત્વ તેમને પોષાય તેવું જ નહોતું. એટલે કે આપણા દેશમાં બૃહદ્અંશે વસતા ગરીબો, કંગાલો, ગામડિયાઓ/"નીચલી જાતિઓ"/"આદિવાસીઓ", એ બધા અંગ્રેજોની જેમ અત્યંત સુધરેલી અવસ્થામાં પહેલેથી જ હતા.

ટૂંકમાં, આપણા ઉચ્ચવર્ણીય મધ્યમવર્ગના નાટ્યકારોએ સામાન્ય માણસના જીવનને ન સ્પર્શતા આ બધા કહેવાતા સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને શુષ્ક, ઉપરછલ્લા, પિષ્ટપીંજણ કરતા, બોધપાઠ સુણાવતા, નાટકો લખી-ભજવીને, એક દૃષ્ટિએ, દાટ વાળી દીધો. બહુજન - સમાજના જીવનને ન

સ્પર્શતી કથનીઓ કદી પ્રબળ નાટ્યકૃતિઓ બની શકે નહીં. છતાં હું ઉમેરી લઉં કે, બીજી તરફથી જોતાં, આપણી આડતિયા અને દલાલોની સંસ્કૃતિને અનુરૂપ એવી 'શ્રેષ્ઠ' કૃતિઓ તે આ જ ઉપલા સ્તરના સવર્ણોના "સુધારક" નાટકો હતા. એમની બોલબાલા લગભગ ત્રીસીના અંત સુધી, એટલે કે ગાંધીયુગના અંત સુધી રહી.

તે પછી આવ્યા બે ત્રણ અવનવા વહેણો. એક તો મોડેમોડે આપણા બુધ્ધિજીવીઓને હાથ લાગેલો ફ્રોઇડ મહાશયના સેક્સનો ચમકારો. આમ તો વૈશ્વિક સંસ્કૃતિના વિશાળ પ્રવાહોને જોતાં ફ્રોઇડવાદ તે પહેલા વિશ્વયુધ્ધ પહેલાંની પ્રવૃત્તિ હતી. પણ આપણે ત્યાં, નકલખોરોને ત્યાં, ફ્રોઇડનું ચલણ વીસ પચીસ વર્ષના વિલંબે શરૂ થયું. જે દેશની મૌલિક વિચારશકિતની કુવત ઘસાઇ ગઇ છે ત્યાં આવું જ થાય. યુરોપીય ઉત્પત્તિ સ્થાનોથી અહીંની નકલોનો ફાસલો પાએક સદીનો થઇ જ જાય. અને સાથે સાથે જે બલિષ્ટ આકારનું મૂળરૂપે હતું, તે ક્ષીણ થઇને અહીં સુધીમાં માયકાંગલું સ્વરૂપ ધારણ કરી જ લે. ઇતિહાસનું પુનરાવર્તન કરવા જે બેઠા છે, તેઓ શોકાન્તિકાને ફારસ ન બનાવે તો જ નવાઇ. એવી રીતે પધાર્યા આપણા મોહન રાકેશ, મોહિત ચટ્ટોપાધ્યાય અને તેવા બીજા વચેટીયાની સંસ્કૃતિના ધુરંધરો.

બીજો પ્રવાહ તે કહેવાતા પ્રગતિશીલોનો. જેમણે આંતરરાષ્ટ્રીય શાહીવાદ સાથે સુલેહ કરીને, બ્રિટીશ કોમ્યુનિસ્ટ પાર્ટીના હુકમે ચાલીને, રશિયાને બીજા વિશ્વયુધ્ધ દરમ્યાન મદદ પહોંચાડવાના બહાને, કાળો કેર ફેલાવ્યો. જયારે રાષ્ટ્રની છેલ્લી સ્વાતંત્ર્ય લડતો ચાલી રહી હતી, ૧૯૪૨ની ચળવળ પૂર જોશમાં હતી, સુભાષ બોઝના આઇ.એન.એ. બળવો પોકાર્યો હતો, મુંબઇના બારામાં નૌકાચાલકોએ બંડ પોકાર્યું હતું "અંગ્રેજ શાહીવાદને આખરી ધકકા એક દો"ના સૂત્રો અમલમાં મૂકાઇ રહ્યા હતા. ત્યારે આપણા કહેવાતા શાહીવાદી પ્રગતિશીલોએ ઊંધો માર્ગ અપનાવ્યો. તેમણે બંગાળના દુષ્કાળની, મુસ્લીમ લીગની માંગણીઓની, દયાદાનની, કોમી એકતાની વગેરે, વાહિયાત આડ વાતોમાં જનસમાજને ગૂંતવવાનો યત્ન કર્યો. સ્ટાલીનવાદે આપણા છીછરા પ્રગતિવાદીઓનો ભયાનક ભોગ લીધો. હબીબ તન્વીર, ઉત્પલ દત્ત, શંભુ મિત્ર અને બીજોન ભટ્ટાચાર્ય તે આ શાહીસ્ટાલીનવાદના નબીરાઓ.

ત્રીજો પ્રવાહ તે ગાંધીવાદના અવશેષોનો. જેમાં ધર્મવીર ભારતીના "અંધા યુગ" અને આદ્ય રંગાચાર્યના "સૂનો જન્મેજય" જેવાં નાટકોનો ઉલ્લેખ કરી શકાય. આ બિચારાઓને ભાન જ નહોતું કે પોતે શું લખી રહ્યા છે !

એમને મોટી મોટી ફિલસૂફીની ચર્ચા કરવી હતી. પણ બાપડાઓને કેવા પ્રશ્નો પૂછવા તે જ આવડતું નહોતું. જ્યારે પ્રશ્નો પૂછવાની જ ગમ ન હોય ત્યારે જવાબ ક્યાંથી જડે ? એમને સ્વતઃ સર્જેલા ગૂંચવાડામાં રહેવા દઈએ અને ચોથા, છેલ્લા અને અબઘડીના પ્રવાહ તરફ આવીએ.

આ પ્રવાહ તે "એબ્સર્ડ થીએટરનો" અને "થીએટર ઓફ ક્રુએલ્ટી"નો, એટલે કે મિથ્યા અને અર્થહીન અસ્તિત્વના અને વિકરાળ તખ્તાના નાટકોનો. આ પ્રવાહના ચુનંદા પ્રતિનિધિઓ તે વિજય તેંદુલકર, મહેશ એકલુંચવાર, અનિલ બર્વે અને તેના જેવા મસ્તાન - મવાલી સામાજિક સ્તરના પ્રતિનિધિઓનો. તે પ્રવાહના વિચિત્ર નાટકોનાં નામ લઈએ તો તે તેંદુલકરના "સખારામ બાઈન્ડર," "ગિધાડે" અને "ઘાશીરામ કોટવાલ." એકલુંચવારના "ગાર્બો" ને "વાસનાકાંડ" અને બર્વેનું "હમીદાબાઈની કોઠી".

આ બધી જ નાટ્યકૃતિઓમાં સર્વ મૂલ્યોનો પરિહાસ કરવામાં આવ્યો છે. આ મસ્તાન - મવાલીઓના સામાજિક સ્તરના પ્રતિનિધિઓને મન જીવનમાં કશાં જ મૂલ્યો નથી. જીવનમાત્ર અર્થહીન અને અટ્ટહાસ્યને જ યોગ્ય છે. ક્રૂરતા સ્વાભાવિક, મનુષ્યજન્ય અને ચીરકાલીન છે. તક મળે કે તરત જ મનુષ્ય હિંસક પશુ બનવામાં આઘુંપાછું જોતો નથી અને આનંદ અનુભવે છે.

જો ખરેખર એમ હોત તો માનવ સંસ્કૃતિનો દાયકાઓ અને સૈકાઓ પહેલાં જ નહીં પણ હજારો વર્ષ પહેલાં અંત આવી ગયો હોત. ઈતિહાસના મેઘધનુષ્યના રમણીય રંગબેરંગી રંગો કોઈને જોવા જ ન મળત. બધું જ કાળું, ગંદું અને બિભત્સ ! તેવું તો મસ્તાન મવાલીઓનો સામાજિક સ્તર જ માની શકે. આજના સમાજમાં, ખાસ કરીને ૧૯૬૬ની આસપાસથી, મહાકાયરૂપ ધારણ કરેલા લાયસન્સ - કોટા - પરમિટ રાજના જમાનામાં, મસ્તાન મવાલીઓની જે મસ્તી જામી છે તેનું જ પ્રતિબિંબ નાટ્યસૃષ્ટિ પર પડયું છે. નોકરશાહી અને એન. આર. આઈ. તે આ મસ્તાન મવાલી (લુંપન) સ્તરના મુખ્ય મદદનીશો છે, અને તેવું જ તખ્તા પર છે.

તે સિધ્ધાંત મુજબ, નોકરશાહી સામાજિક સ્તરના પ્રતિબિંબો બાદલ સરકાર અને ગિરીશ કર્ણાડ અને પરદેશી હિન્દી (એન.આર.આઈ.) સ્તરના મધુ રાય છે. આ બધી હકીકતમાં માત્ર ક્ષુદ્ર શિરાઓ છે, જેની નોંધમાત્ર અહીં શકય છે.

હાલમાં ત્રણ પ્રવાહો સર્વોપરિ સ્થાને છે. પહેલો તે મસ્તાન - મવાલી

સામાજિક સ્તરના પ્રતિનિધિઓનો, જે સૌથી બહોળો અને પ્રબળ છે. બીજો, નોકરશાહી સ્તરના પ્રતિનિધિઓનો અને ત્રીજો તે પરદેશવાસી હિન્દીઓનો. આ ત્રણ વર્ગોની આજે બોલબાલા છે. તેમના જ સમૂહગાનની રમઝટ જામી છે અને સમાજના આગેવાન સાંસ્કૃતિક પરિબળો તે જ ત્રિપુટીની ધુનોનો પ્રતિઘોષ પાડે છે.

"ચૌરાહા" ઉપર વર્ણવેલા કોઇપણ પરિબળોનું પ્રતિનિધિત્વ કરતું નથી, તેમને પોષતું નથી. ઊલટું "ચૌરાહા"માં તો મેં આપણી હાલની દલાલી પૂંજીવાદી - સંસ્કૃતિને મૂળભૂત પડકારી છે. અને તેનો પરિહાસ કરવાનો યત્ન કર્યો છે.

- ૬ -

"ચૌરાહા" વાચકના હાથમાં જ છે તેથી વધારે તો શું લખું ? જે મારે કહેવું છે તે તો નાટકમાં આવી ગયું છે. છતાં સંક્ષિપ્તમાં એટલું દોહરાવવાનું વાજબી માનું છું કે, રોજિંદા જીવનના સામાન્ય, સામાજિક અને માનસિક, પરિબળોનું અંતિમરૂપ તે જ ગુનો. પ્રુધોંએ કયારનું શોધી કાઢેલું કે, "મિલકત માત્ર મૂળ ચોરીનો માલ." તેવી જ રીતે બળાત્કાર, ખૂન, મારપીટ, ડાકુગીરી, લૂંટફાટ, સ્ત્રીદેહવિક્રય, નશીલા પદાર્થોનું અતિસેવન બધા જ ગુનાઓ જીવન વ્યવહારની સામાન્ય પ્રવૃત્તિઓનાં આખરી રૂપો છે. પ્રત્યેક ઉત્પાદન વ્યવસ્થાના દરેક તબકકામાં બનતા ગુનાઓની આંકડાશાસ્ત્રના નિયમો મુજબ આગાહી કરી શકાય છે. પાંચદસ ટકાનો ફેર કદાચ થાય પણ જેને આપણે "અકસ્માત" અથવા "અસામાન્ય બીના" ગણીએ છીએ તે સમાજશાસ્ત્રીઓની નિગાહ અને ભવિષ્યવાણીની બહાર નથી.

અમુક સંજોગોમાં, અમુક પ્રમાણમાં ચોકકસ ગુનાઓ થાય જ છે. તેના પ્રકાર અને સંખ્યા બંને આગળથી વર્તી શકાય છે. એટલે કે તે ગુનાઓ પેદા થવાના સામાજિક - માનસિક કારણોમાં આપણે ડૂબકી મારીને શોધ કરવી પડે છે. ખાસ માહોલમાં થયેલો બાળકનો જન્મ, ઘરનું વાતાવરણ, કુટુંબની આસપાસ છવાયેલી સામાજિક આબોહવા, જીવનનિર્વાહ મેળવવાની ઢબ, ફાજલ સમય વ્યતીત કરવાની પધ્ધતિ, આ બધું તપાસવાની જરૂરિયાત ઊભી થાય છે. "ચૌરાહા" માં ચાર પાત્રો નિશા, અચ્યુત, પ્રભાકર અને ચંપાના મિલન તેમજ કલેશ અને તે બંનેના અંજામ વર્ણવ્યા છે. ઉદ્દેશ સ્પષ્ટપણે રોમાંચ વિરોધી છે.

આશા રાખું છું કે "ચૌરાહા" સુજ્ઞ અને સામાન્ય, બંને પ્રકારના વાચક - પ્રેક્ષકને પસંદ આવે.

હું વહેણની સાથે નહીં પણ તેની વિરુધ્ધ બાથંબાથ લઇ રહ્યો છું, જેના જોખમો પ્રત્યે હું બેધ્યાન નથી. પણ મને એ જ જચે છે અને એવું જ સૂઝે છે. સ્વભાવની વૃત્તિઓ અનિવાર્ય અને ઐતિહાસિક હોય છે. તેની સામે હું લાચાર છું.

સામાજના પ્રતિષ્ઠિત પૂંજીવાદી પરિબળોની વિરુધ્ધ ઝઝૂમવામાં જ મને મઝા આવે છે. અને તેની જ મને ફાવટ છે. હવે આવનારા, શોષણ અને દમનમુકત સમાજની હું ક્ષિતિજ પર મીટ માંડીને વાટ જોઇ રહ્યો છું. અને તેની જ આશામાં ઝઝૂમવામાં હું કૃતજ્ઞતા અનુભવું છું.

- ૭ -

આ પ્રસ્તાવના વાંચીને ભાઇ રજનીકાન્ત કટારિયાએ મને બે સરસ પ્રશ્નો પૂછયા :

૧) તમે વર્ણવેલા બધા જ નાટય લેખન પ્રવાહોમાં ઝાઝું કુવત નથી, તો પછી તમને કલાના ક્ષેત્રમાં આગવું અને આવકાર યોગ્ય કશું લાગે છે ખરું ?

૨) નાટય લેખનના પ્રવાહોમાં તમારા પોતાના નાટકોને તમે કયું સ્થાન આપો છો ?

પહેલો પ્રશ્ન પહેલાં લઈએ.

કલા આવિષ્કારોની ગુણવત્તાનો ભાર કેવળ કલાકાર ખેંચતો નથી. કલાકાર પોતે જ સ્થળ, કાળ અને સમાજની પેદાશ છે. એ તેટલું જ કરી શકે, ત્યાં સુધી જ વિચારી શકે જયાં સુધી સમાજમાં તેવાં પરિબળોની રજૂઆતનો વાવ હોય.

ટૂંકાણમાં, "સમય સમયની બલિહારી, સમય બડો બલવાન, કાબે અર્જુન લુંટિયો, એ જ ધનુષ એ જ બાણ."

આપણી, દલાલોની, બ્રોકરની, આડતિયાની, કમિશન એજન્ટની, બનિયનની, ભડવાઓની સંસ્કૃતિમાં કલાકાર કયાં સુધી પહોંચી શકે ? જો એ વધારે પડતો વાસ્તવવાદી કે આદર્શવાદી કે સત્યવાદી બનીને કારમી કરુણાની રજૂઆત ભૂલેચૂકેય કરી બેસે તો તેની કૃતિ પ્રત્યે દુર્લક્ષ જ થાય. અને વારંવાર તેવી કૃતિઓનું સર્જન તે કલાકાર ચાલુ રાખે તો સમાજના નેતાગણ અને ખેરખાંઓ તે કલાકારને અનેક રીતે ભીંસમાં લઇને દબાવી જ દે. કયારેય તેને

પ્રતિષ્ઠા તો ન જ બક્ષે.

ગમે તેમ લખવા, ચિત્ર કરવા, શિલ્પ કંડારવા કે કોઇ પણ કલા પ્રવૃત્તિમાં પરોવાઇ જઇને, મન ફાવે તેવું સર્જન કરવાની ન તો કલાકારની શકિત છે અને ન તો તેવી છૂટ આપવાની સમાજમાં તાકાત છે.સમાજ એવો જ કલાકાર તૈયાર કરે છે જે કલાકાર તે સમાજની વૃત્તિઓને અનુરૂપ કલાનું સર્જન કરી શકે. હુંકાર કરે એટલે કલાકારને વિશાળકાય સમજવો તે ભૂલ છે. હુંકાર તો મનુષ્ય જાતિને માટે સ્વાભાવિક છે. પણ ખરો હુંકાર તે સમાજનો હુંકાર, ઉત્પાદન પધ્ધતિનો હુંકાર, વિતરણ વ્યવસ્થાનો હુંકાર.

નાણાંને ઊલટાવીને તપાસીએ. જો હિન્દુસ્તાનની કલાનો આ સુવર્ણકાળ હોત તો પછી આપણા સમાજની આટલી દયનીય સ્થિતિ કેમ હોત ? જો કલાકારો અવનવી, પ્રબળ કલાઓનું ૧૮૬૦ થી કે ૧૯૪૭ થી આજ સુધી અવિરત સર્જન કરી રહ્યા હોત તો એવો લેશ માત્ર સંભવ નથી કે આપણી ગરીબી આટલી દારુણ હોત, આપણા સમાજની અંદરના વિસંવાદો આટલી પરાકાષ્ટાએ ન પહોંચ્યા હોત. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધે અંગ્રેજ શાહીવાદે સર્જેલા અસંખ્ય દુષ્કાળોની હારમાળા અને તેમના આડતિયાઓએ રચેલી વિભાજિત ભારતની તાંડવ સૃષ્ટિ કેવી જાતની કલાને પોષી શકે ? ભ્રષ્ટાચાર, કોમવાદ, પ્રાંતવાદ, ભાષાવાદ, જ્ઞાતિવાદ, સંપ્રદાયવાદ, આ બધાંનું ભેગા મળીને કેવું પ્રતિબિંબ કલામાં પડે ?

ફરીથી લખું છું, સમય સમયની બલિહારી, સમય બડો બલવાન, કાબે અર્જુન લુંટિયો, વહી ધનુષ, વહી બાણ.

હવે બીજો પ્રશ્ન લઇએ - મારાં નાટકોનો, જેમાંથી બે પ્રકાશિત થયાં છે. એટલે કે "સ્ટીલ ફ્રેમ" અને "ચૌરાહા" અને બીજા બે ત્રણ "અમીના અને તેનો જમાનો," "બ્યાલિસ" અને "વૈષ્ણવજન તો તેને રે કહીએ" જે હવે પછી ટૂંક સમયમાં પ્રકાશિત થશે એવી હું આશા રાખું છું.

પ્રશ્નના જવાબનાં બે ત્રણ પાસાં છે.

પહેલું તો એ કે સંશોધનના નિબંધોની સાથે સાથે હું નાટકો એટલા જ માટે લખું છું કે અમુક વિચારોની રજૂઆત માટે નાટકનું માધ્યમ મને વધારે ફાવે છે. અમુક વસ્તુ ઐતિહાસિક કડીઓને જોડી જોડીને સૂક્ષ્મદર્શક કાચ નીચે ગોઠવીને તપાસવી મને ગમે છે. પણ કલ્પનાના પ્રવાહમાં વહીને, કાલ્પનિક પાત્રોને ઊભાં કરીને કેટલાક અંદેશાઓ, ધારણાઓ અને

આગાહીઓ કરવાનું મને નાટય માધ્યમ દ્વારા વધારે યોગ્ય અને ઔચિત્યપૂર્ણ લાગ્યું છે. ધુરંધર નાટયકાર તરીકે મને પોતાની જાતને જોવાનો શોખ નથી. ફક્ત વેગવેગળા પ્રકારના વિચારોને તેને સુયોગ્ય તેવા ચાસ ખેડવાનો મારો આગ્રહ છે.

બીજું પાસું તે દૃષ્ટિક્ષેત્રની અનિવાર્ય મર્યાદાઓનું. હું આ દલાલોની સંસ્કૃતિની સામે બાથ ભીડીને ઝઝૂમી રહ્યો છું, તેથી જ મારા વિચારોને એક જાતની મર્યાદા આવી જાય છે. સમાજવાદ આવ્યા પછી માનવ સંસ્કૃતિની ઉત્ક્રાંતિ કયા માર્ગે અને કેટલે તબકકે થશે તે કહેવું આજે અશકય છે. કારણ, પૂંજીવાદે આપણો શ્વાસ ત્યાં સુધી રૂંધી નાખ્યો છે કે આપણે માત્ર તરફડિયાં મારીએ છીએ અને પૂંજીવાદનો સંહાર કરવા પ્રેરિત થયા છીએ. આગળ ઉપર શું થશે તે સમજવાની પહોંચ આ આકુળ વ્યાકુળ કાળમાં કેમ કરીને થાય ?

ત્રીજું પાસું તે દ્વંદ્વાત્મક ભૌતિકવાદનું. જો બધું જ સાવ એક તરફી હોય તો પછી છૂટકારાનો સંભવ જ મટી જાય. નવ સો નવ્વાણું કલા કૃતિઓનું સર્જન આડતિયાઓની સંસ્કૃતિને માફક આવે તેવા કલાકારો કરે જ અને કરતા આવ્યા જ છે. પણ એક તો પોતાના બે હાથની બખોલમાં એક અટુલો દિવો ટમટમતો તો રાખે ! આજે ભલે તે દિવો એકલો અટુલો હોય, આવતી કાલે તો દિવાઓની હારામળા પ્રગટવાની જ છે. એવા વિશ્વાસે હું લખ્યે જાઉં છું. નાટકના પ્રકાશન - સંયોજનમાં મને જયના પંડ્યા (મુખપૃષ્ઠ) અને રજનીકાન્ત કટારિયાની વિશેષ મદદ મળી છે, જેની સાભાર નોંધ લઉં છું.

વિનાયક પુરોહિત

૧૬.૨.૯૧
ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ રિસર્ચ
૫, બીજે માળે, ૩૭૨અ, રવિધુરૂ વાડી,
કેડલ રોડ, દાદર, મુંબઇ - ૪૦૦ ૦૨૮.
ફોન : ૪૨૨ ૦૮ ૫૪, ૪૨૨ ૫૮ ૭૫, ૪૩૦ ૯૦ ૪૯

# ચૌરાહા

અંક પહેલો
દૃશ્ય પહેલું

**સમય :**
હાલનો,આજરોજનો, ગુરુવારની સવારનો. તા.૨૭ મી જૂન ૧૯૮૫નો.

**સ્થળ :**
મુંબઇની એક કનિષ્ઠ દરજ્જાની હોટલનો ઓરડો, નં.૪૦૧.

**સન્નિવેશ :**
તખ્તાની ડાબી તરફ, સાવ છેડે નહીં પણ સહેજ મધ્યમાં, અગ્રભાગમાં એક જૂની ઢબનો લોખંડની નળીઓથી બનાવેલો સ્પ્રિંગવાળો પલંગ. તેની પાછળ ડાબી તરફની ભીંતમાં મોટી બારી. ખાટલાની બાજૂમાં બારીની નીચે એક બેડસાઇડટેબલ, જેની ઉપર, જર્જરિત ધૂળ ખાઇને કટાઇ ગયેલો ટેબલલેમ્પ. બાજૂમાં એક લોટો, તેની ઉપર એક પ્યાલો. ટેબલપર ફૂલદાની, એસ્ટ્રે વગરે...... બારીની પેલી તરફ પાછલા ભાગમાં ખાંચો પાડીને ખૂણો કરતી બાથરૂમની દીવાલ. તેની અંદર એક બારણું. બાથરૂમની દીવાલ પૂરી થાય ત્યાં રૂમમાં દાખલ થવાનું મુખ્ય દ્વાર.

બાથરૂમના દરવાજાની બાજૂમાં એક ડ્રેસિંગ ટેબલ અને તેની સામે એક બેઠક. જમણી તરફ અગ્રભાગમાં એક જૂની ઢબનો સોફાસેટ. લાંબી બેઠક પ્રેક્ષકોની સામે, સેટની વચ્ચે ટેબલ, ટેબલ પર ફૂલદાની, એસ્ટ્રે વગેરે..... જમણી તરફની દીવાલમાં એક નાનકડી બારી.

**પ્રકાશ યોજના :**
તખ્તાની ડાબી તરફની અગ્રભાગના ખાટલાની અને રંગભૂમિના કિનારાની વચ્ચે એક સ્પોટ. તેવીજ રીતે ડ્રેસિંગટેબલ અને સોફાસેટની ઉપર એક એક સ્પોટ. મુખ્ય દ્વાર પર એક સ્પોટ, એમ કુલ ત્રણ ચાર સ્પોટ.

**ધ્વનિ સંકલન :**
શહેરની સવારની અવરજવરનો ઘોંઘાટ અને અવારનવાર મોટરનાં હોર્ન,

તથા બ્રેક મારવાની ચીસો...... આસપાસની કોઈક રેસ્ટોરામાં સિનેમાના ગાયનોની તરજો પણ રૂમ સુધી પહોંચતી રહે છે.

**પાત્ર પરિચય અને વેશભૂષા :**
નિશા, અચ્યુત અને રાહુલ વેઈટર

**નિશા :**
બાવીસ-ત્રેવીસ વર્ષની કૉલેજમાં ભણતી, ગર્ભશ્રીમંત પરિવારની સ્વરૂપવાન યુવતિ છે. રોમાંચકારી નવલિકા વાંચવાની શોખીન અને તેવી વાર્તાઓ લખવાનો પ્રયાસ પણ તેણે શરૂ કરી દીધો છે. નવી પેઢીને શોભે તેવા ડિસ્કો સંગીતમાં તેને ઊંડો રસ છે. એણે પઠાણી ડ્રેસ પહેર્યો છે. લગભગ અચ્યુતના જેવો જ. જાણે કે બન્નેએ પહેલેથી જ મસલત કરીને તેવું ગોઠવ્યું ન હોય !

**અચ્યુત :**
તેની ઉંમર નિશા કરતાં પાંચેક વર્ષ વધારે એટલે કે અઠ્ઠાવીશ વર્ષની. એણે હાલમાં જ મૅનેજમેન્ટનો કોર્સ પૂરો કરીને કોઈક અતિ આધુનિક એડવર્ટાઈઝિંગ એજન્સીમાં નોકરી સંભાળી છે. નિશા જેટલી ભોળી છે, તેટલો જ અચ્યુત લુચ્ચો અને ખંધો છે. નિશા આ દુનિયામાં નહીં પણ સ્વપ્નોની સૃષ્ટિમાં વિહરતી હોય છે, જ્યારે અચ્યુત બુધ્ધિજીવી હોવાનો ઢોંગ કરીને, વાસ્તવિક સમાજમાં રહીને, અંગત સફળતાની સીડી મક્કમ પગલે ચઢતો હોય છે.

**પ્રસંગ :**
પડદો ખૂલે છે ત્યારે અચ્યુત ગડમથલમાં ડૂબેલો દેખાય છે. એણે પલંગનું ગાદલું અડધુંપડધું વીંટાળીને સોફાસેટ પર નાખ્યું છે. અને ખાટલાની એક નળી છૂટી કરીને હાથમાં પકડી છે. બેડસાઈડ ટેબલની ફૂલદાની અને લોટા પાછળ એણે એક ટેપરેકૉર્ડર છુપાવ્યું છે. તેની ચાંપ દબાવીને તે યંત્રને ચકાસે છે. અલીઅકબરના સરોદ વાદનના સૂરો પ્રેક્ષાગ્રહમાં પળભર રમઝટ જમાવી જાય છે. દરમ્યાન પાઈપની સાથે રમત કરતાં કરતાં, તેના કાણામાં નજર નાખીને, તેની અંદર આંગળી ફેરવીને, સીટી વગાડતો વગાડતો એ ઉત્સાહ અને આનંદથી તખ્તા પર આમ તેમ ફરતો રહે છે. અચાનક બારણા પર જોરથી ટકોરા પડે છે, સાથે ઘંટીનો પણ અવાજ આવે છે. અચ્યુત ચમકી ઊઠે છે, તેના હાથમાંથી ખણણ અવાજ સાથે પલંગની પાઈપ પડી જાય

છે. પળ બેપળ એ સ્તબધ બની જાય છે. પછી ઝડપથી ફલાંગ મારતો તે બેડસાઇડ ટેબલ પાસે પહોંચી જાય છે. એણે ટપરેકૅર્ડરનો વાયર ટેબલલૅમ્પના બલ્બસોકેટમાં જોડ્યો હોય છે અને બાજુમાં પડેલો બલ્બ ઊંચકીને તે ફરી ત્યાં નો ત્યાં રહેવા દે છે. પલંગની નળીઓ ફરીથી જોડવાના કામમાં લાગી જાય છે. તે દરમ્યાન બારણા પરના થપથપાટા અને ઘંટીના અવાજમાં પણ વેગ આવે છે. અચ્યુતને પરસેવો છૂટી પડે છે. બારણાની પેલી ગમથી નિશા અને રાહુલ વેઇટરનો સાદ સંભળાય છે.

**નિશાનો અવાજ :**
અચ્યુત ! અચ્યુત ! બારણું કેમ ખોલતો નથી ? હું નિશા.

**રાહુલનો અવાજ :**
સાબ, દરવાજા ખોલિયે ! આપ કમરેમેં હૈ ?
(અચ્યુત ઉતાવળે સોફાસેટ પરથી ગાદલાને ઊંચકીને પલંગ પર ગોઠવવા જાય છે. તેવામાં ગાદલાનો એક ખૂણો સેન્ટર ટેબલ પરની ફૂલદાનીને લાગીને તેને ઉથલાવી પાડે છે. ફૂલો વિખેરાઇ જાય છે. ને પાણી ઢોળાઇ જાય છે. અચ્યુતની વિમાસણ વધે છે, કારણકે નિશાને ફૂલદાની પડવાનો ધબાકો સંભળાઇ ગયો હોય છે.

**નિશાનો સાદ :**
અચ્યુત આ ધબાકો શાનો ? શાની ધમાલ ચાલે છે ? રૂમમાં જ છે તો પછી બારણું કેમ ખોલતો નથી ? હું કયારની આ વેઇટર સાથે બહાર ઊભી છું.
(અચ્યુત ફાંફા મારીને ઝડપ વધારીને પલંગના ચાદર-તકિયા વ્યવસ્થિત કરે છે. ફૂલદાનીને ઊંચકીને પાછી ગોઠવવા જાય છે. તે દરમ્યાન અચાનક વિચાર આવતાં મુરાદાબાદી ફૂલદાનીના મોઢામાં પણ એક આંગળી ફેરવી લે છે, ને નકારમાં માથું ધુણાવીને પ્રેક્ષકોને વ્યકત કરે છે. કે ફૂલદાનીના ઉપયોગનો વિચાર ખોટો છે. તેની પહેલી પસંદગીની પલંગની પાઇપ જ બરાબર હતી. દોડીને બાથરૂમનું બારણું ખોલીને એકદમ ફ્લશની સાંકળ ખેંચે છે. ને તે અવાજ શમી જાય તે પહેલાં મુખ્યદ્વાર પાસે આવ્યો ન હોય તેમ એક ટૉવેલથી હાથ લૂછવાનો અભિનય કરે છે.

**નિશા :**
મને કેટલીવાર બહાર ઊભી રાખી ! (દાખલ થાય છે.)

**રાહુલ :**
(પાછળથી ડોકિયું કરતાં) સાબ,યે મેંમસાબ ખામખા હમારે પર ગુસ્સા હો ગઇ.

**નિશા :**
(રૂમની અંદર આવીને તેના નિસ્તેજ રાચરચીલા ઉપર નજર ફેરવીને) છી..... કેવી ગંધાતી જગ્યા છે. આજે આવી પસંદ કરી ?

**અચ્યુત :**
(મૂંઝવણમાંથી માંડ માંડ બહાર નીકળતાં) હું બાથરૂમમાં હતો ને ફ્લશના અવાજમાં તારા ટકોરા સંભળાયા નહીં.

**નિશા :**
હું ને આ વેઇટર ક્યારનાં બારણાને ખટખટાવી રહ્યાં હતાં.

**અચ્યુત :**
(વિષયાંતર કરતાં) અહીં ગંધાતું શું છે ? બધું સ્વચ્છ છે. મને એમકે આજના કામ માટે સાદી જગ્યા.....

**રાહુલ :**
મેંમસાબ ! અબ મૈં ચલું ? (અચ્યુત તરફ ફરીને) સાબ ! ચાઇ નાસ્તા લે આઉં ?

**અચ્યુત :**
નહીં નહીં, કુછ નહીં ચાહિએ (વેઇટરને લગભગ ધકકા મારીને બહાર કાઢતો હોય તેમ બારણા તરફ પગલાં ભરે છે).

**નિશા :**
કૉફી મંગાવને, મારું ગળું સુકાય છે. જો કે આવી ભંગાર જગ્યાએ કૉફી તો થર્ડક્લાસ જ હશે.

**રાહુલ :**
હમારે વહાઁ કૉફી ફર્સ્ટક્લાસ મિલતી હૈ, ટ્રાઇ કર લીજીયે ! ફિલ્ટર કૉફી હૈ.

**અચ્યુત :**
(પાછો ગૂંચવાડામાં પડી જતાં) નહીં નહીં, એમ તો આ હૉટેલ બહુ સરસ છે. પણ આજે આપણને કોઇ પણ જાતની ખલેલ નથી જોઇતી. તને તરસ લાગી

હોય તો પાણી છે. (એનાથી ભૂલમાં બેડસાઇડટેબલ પરના લોટા તરફ હાથ લંબાઇ જાય છે. અચાનક ભૂલનો ખ્યાલ આવતાં નિશાને આંતરીને) હું તને લાવી આપું છું (સોફા તરફ વળીને) તું બેસ તો ખરી (વેઇટર તરફ ધ્યાન દેતાં) તુમ અબ જાવ, હમેં કુછ નહીં ચાહિયે ઔર યે "ડુ નોટ ડિસ્ટર્બ" વાલી તકતી બહાર લગાદો.

**નિશા :**

(સ્મિત સાથે) આજ પછી આપણને કોણ ડિસ્ટર્બ કરવાનું છે ?

**અચ્યુત :**

(નિશાના પ્રશ્નને અવગણતાં) તુમ જા સકતે હો......

**રાહુલ :**

(અચ્યુતની ઉતાવળનો ઊંધો અર્થ કરીને, તેને આંખ મારતાં) જાતા હું ("ડુ નોટ ડિસ્ટર્બ" ની પ્લેટ હાથમાં રમાડતાં) આપ આપકા કામ ચાલુ કીજિયે, (ખંધું હસીને બારણા પાસેની એક ચાંપ તરફ નિર્દેશ કરતાં) જબ જરૂરત હો તબ યહ સ્વિચ દબાકર બુલવા લીજિયે, મૈં નહીં તો મેરા જોડીવાલા રામકૃષ્ણ હાજિર હો જાયેગા. મેરા નામ રાહુલ હૈ જી.

**નિશા :**

રાહુલ ઔર રામકૃષ્ણ, બડે અચ્છે નામ હૈં ! ઔર ઐસી થર્ડ ક્લાસ જગામેં કામ કરતે હો ?

**અચ્યુત :**

ઠીક હૈ, ઠીક હૈ, અભી તુમ જાઓ. જરૂરત હોગી તબ બુલા લેંગે.

**નિશા :**

ફિકર મત કરો ,હમ હમારા કામ કરતે રહેંગે. (પોતાની પર્સમાંથી એક પાંચની નોટ કાઢીને તેની તરફ ધરતાં) લો.....

**રાહુલ :**

(હસતો હસતો, નિશાએ ધરેલી નોટ ખિસ્સામાં મારીને, એક સલામ ઠોકીને) જી મૅમસાબ, થૅંક્યુ મૅમસાબ. અબ આપકો કોઇ ડિસ્ટર્બ નહીં કરેગા. (અચ્યુત એકદમ કંટાળી ગયો હોય છે ને તેની અધીરાઇ સમાતી નથી. આખરે રાહુલ દરવાજાની બહાર જાય છે. અને બારણું બંધ કરતો જાય છે.)

**અચ્યુત :**
ઉફ, ટિપની લાલચમાં માળો આપણી જાન છોડતો ન હતો.

**નિશા :**
હવે જાન કેટલો વખત રહેવાની છે ? ....પણ આવી જગા, જ્યાં પવન પણ નથી. .....(એ જમણી તરફની બારીમાંથી ડોકાવીને ઉપર-નીચે જુવે છે.) સામેતો બાજુના મકાનની તોતિંગ દીવાલ છે. (ફરીને ડાબી તરફની બારી તરફ પગલાં ભરવા જાય છે ત્યાં અચ્યુત તેને આંબી લે છે) રસ્તામાંથી હટ.....

**અચ્યુત :**
(ઉતાવળે ઉતાવળે આલિંગન કરીને) ડાર્લિંગ ! (ચુંબન કરવાનો પ્રય્ત્ન કરે છે, નિશા મોઢું ફેરવી લે છે.)

**નિશા :**
પણ તું અંદર કરતો શું હતો ? (બાથમાંથી જાતને છોડાવી લે છે.)

**અચ્યુત :**
(એની ગડમથલ ચાલુ છે.) હું બાથરૂમમાંથી ઉતાવળે ઉતાવળે નીકળ્યો ને ફૂલદાની અડફટમાં આવી ગઈ.

**નિશા :**
પણ, એક....ખણણ...... અવાજ તો તે પહેલાં થયો હતો. અને બીજો ધબાકો પણ ફ્લશના અવાજ પહેલાંનો હતો. (આગળ વધીને બાથરૂમનું બારણું બંધ કરીને, ગોળ ફરીને બાથરૂમમાંથી દરવાજા તરફ આવતાં ત્યાં દૂરની ફૂલદાની તને નડી કેવી રીતે ?

**અચ્યુત :**
(ક્ષોભિત) આવતાંની સાથે મારી ઊલટતપાસ શરૂ કરી દીધી ? (માથું નીચું નાખીને) ગમેતેમ એ અડફટમાં આવી ગઈ.

**નિશા :**
કારણ વગર જૂઠું બોલવાની તારી ટેવ છેવટ સુધી છૂટવાની નહીં ! આખરે, આજે તો સાચું બોલ, જતાં જતાં તો......

અચ્યુત :
(રિસાઇ જઇને) અબ બહુત ગઇ ઔર થોડી રહી. સાચા ને ખોટા બન્નેનો આજે અંત આવવાનો છે. (ધીરે ધીરે સોફાખુરશીમાં બેસે છે. તખ્તાપરની બીજી બધી લાઇટ બુઝાઇ જાય છે. અને ફકત સોફાપરનું સ્પોટ અચ્યુતના માથાના વાળને ચમકાવે છે. નિશા વેરવિખેર થયેલ ફૂલોને ભેગા કરીને ફૂલદાનીમાં ગોઠવે છે. અને પાણી લેવા માટે બેડસાઇડટેબલ તરફ પગલાં ભરે છે. અચ્યુત ચોંકી જઇને તેનો હાથ પકડી લે છે.) બધું વગેસગે પછી થશે. જરા બેસ તો ખરી.

નિશા :
(એના ખોળામાં બેસતાં ગળાની આસપાસ બન્ને હાથ વીંટાળીને) ખોટું લાગ્યું ? જવાદે ! તું જે કરતો હોય તે, મને શું ? પણ, આવી ગંધાતી હોટેલ, થર્ડક્લાસ હોટેલ તેં શા માટે પસંદ કરી ? છેલ્લે કંજૂસાઇ ?

અચ્યુત :
હું જુઠ્ઠો છું તેમ તેં કહી દીધું, હવે કંજૂસ છું એમ પણ કહી નાખ.

નિશા :
(ખોળામાંથી ઊતરીને, જમણી તરફની બારી આગળ પહોંચીને) આજની મુલાકાતનું મૂલ્ય તેં આટલું જ આંક્યું ? કોઇ ફકકડ ફાઇવસ્ટાર હૉટેલમાં રૂમ લેતે, જેની બારીઓ અને બાલ્કનીમાંથી સુસવાટા મારતો દરિયાનો પવન આવતે,જ્યાંથી સમીસાંજની મુંબઇ શહેરની ચમકતી બત્તીઓ જોવા મળતે. અને આપણે બન્ને એકબીજાની બાંહોમાં ગાઢ આલિંગન કરીને, અધરથી અધર મિલાવીને, ધીરે ધીરે ચિરકાલીન નિદ્રામાં......આ બારીમાંથી તો ફકત આ તોતિંગ દીવાલ !

અચ્યુત :
(દબાયેલા ઘોઘરા સ્વરે) મને થયું કે દુનિયા છોડવાની જ છે તો શો ફરક પડે છે ? અહીં કે બીજે, હવે બધું સરખું જ છે ને ?

નિશા :
હું તો હજી કહું છું, વખત છે. ચાલ બીજે કયાંક જઇએ. અહીં મને ચીતરી ચડે છે. (બારસાખ પર આંગળી ફેરવીને, ફૂંકમારીને ધૂળનો ગોટો ઊડાડતાં) આ જો ! અને કેટલો ગંધાતો બાથરૂમ છે?

**અચ્યુત :**
(એકદમ બોલી જતાં) ના, ના ફાઇવસ્ટાર હૉટેલમાંથી બીજે દિવસે આપણા....(શબ્દ જડતો નથી એટલે થોથવાતાં......) આપણા દેહો.....

**નિશા :**
આપણાં શબો...!

**અચ્યુત :**
આપણા મૃતદેહો મળે તો છાપામાં મોટાંમોટાં મથાળાં આવે. નાની હૉટેલમાં તો આવું ચાલ્યા જ કરતું હોય છે. એવી મામૂલી ઘટનાઓની નોંધ લેવાની પણ ઘણુંખરું છાપાંવાળાઓને ફુરસદ હોતી નથી.

**નિશા :**
આપણા ગયા પછી છાપામાં શું આવશે તેની ચિંતા મારે કે તારે શું કામ કરવી જોઇએ ? તને આવો પેલીપારનો વાહિયાત વિચાર કયાંથી આવ્યો ? (પાસેની રેસ્ટોરામાંથી "દમ્ મારો દમ્"ની તર્જ પળભર વાતાવરણને ગુંજાવે છે.) જહાનમમાં જાય દુનિયા, આપણે શું ? હું તો ફરી કહું છું ચાલ, સરસ કોઇ રોમેન્ટિક વાતારણવાળી ફાઇવસ્ટારમાં જઇએ. આપણી પાસે પૂરતો સમય છે. બિલની જવાબદારી મારી.

**અચ્યુત :**
(છેડાઇ પડવાનો ઢોંગ કરતાં/ તું ખૂબ પૈસાદાર છે તે મને ખબર છે. ભૂલીશ નહીં કે આ મહિનાથી મને પણ એડ એજન્સીમાં ઊંચા પગારની નોકરી મળી ગઇ છે.

**નિશા :**
(ઉમળકાભેર અચ્યુત પાસે જઇને એના બે હાથ પકડીને, ખેંચીને, ઊભો કરતાં, લાડમાં) ભૂલી નથી કે હવે તું મારા માટે બે પૈસા ખર્ચી શકશે. પણ પહેલો પગાર હજી તને મળ્યો છે કયાં ? અને હવે પછી મારા પૈસા તને કયાં કનડવાના છે ? આજનું છેલ્લું બિલ હું ચૂકવીશ બસ.ચાલ......

**અચ્યુત :**
(કળથી કામ કાઢી લેતાં વ્યંગમાં) તારો વિચાર તો અચાનક મોળો પડી ગયો નથી ને ? નાચવું નથી તેનું આંગણું વાંકું.

નિશા :
(અચ્યુતના હાથ છોડી દઈને, તેની સામે તાકીને) છેલ્લી ઘડીએ આમ ઓછું કેમ બોલે છે ? કેટલાય દિવસથી નક્કી કર્યું છે એમાં ફેર કયાંથી પડવાનો ?

અચ્યુત :
મેં અહીંનું બિલ આગળથી ભરી દીધું છે. છેલ્લે દિવસે તારા પૈસાનો ખપ નહીં પડે.

નિશા :
(ચારે તરફ ફરીથી નજર નાખીને, નિઃશ્વાસ મૂકીને) ખેર, તારી મરજી ! એમ તો આ પગલું ભરવાનું પહેલું તને જ સૂઝ્યું હતું ને ? એટલે જગ્યાની પસંદગી પણ તારી જ રહેવા દે.

અચ્યુત :
(ટેપરેકોર્ડર તરફ વ્યાકુળ નજર નાખીને) અને મારું સૂચન તેં રાજીખુશીથી સ્વીકાર્યું હતું ને ?

નિશા :
હતું નહીં,છે....છે..... !

અચ્યુત :
(કટાક્ષમાં) સ્ત્રી સહજ ચંચળતાને લીધે કદાચ વિચાર બદલાયો હોય, નિર્ણય ફર્યો હોય, મન ડગમગી ગયું હોય....

નિશા :
ચંચળતા પુરુષ સહજ હોય છે. સ્ત્રીઓ તો બહુ મક્કમ.

અચ્યુત :
એમ ! બાઈ ધ વે, તું કાગળ લખીને લાવી છે ?

નિશા :
(વચલા લાંબા સોફાપર બેસીને પર્સમાંથી કાગળ કાઢીને) આ રહ્યો !

અચ્યુત :
(ઊભો થઈને, બેડસાઈડટેબલ તરફ એક આંટો મારીને, નિશાને ખબર ન પડે

તેમ એક વખત જોઇ લે છે કે ટેપરેકોર્ડર કામ કરે છે કે નહીં ? શું લખ્યું છે, તું જ વાંચને !

**નિશા :**
તેં કહ્યું હતું તે જ પ્રમાણે છે.

**અચ્યુત :**
તોય, વાંચ તો ખરી.

**નિશા :**
સારું. ફેરફાર કરવો હશે તો તું કહે તે પ્રમાણે કરશું.

**અચ્યુત :**
(કેસેટ તરફ જુએ છે, તેની ચિંતા વધતી જાય છે.) સુધારો એટલે ! તારી મનસૂબી પ્રમાણે તેં લખ્યું છે એમાં મને શું ?

**નિશા :**
મારી મરજીથી જ લખ્યું છે. તેં બળજબરી કરી છે એવું નથી કહેતી, ફકત તારી ઇચ્છા પ્રમાણે બધું છે ને ? એની ખાતરી કરતી હતી. લે સાંભળ :-દિનાંક ૨૭મી જૂન ૧૯૮૫
"પૂ. મમ અને ડેડ,
તમે આ કાગળ વાંચશો ત્યારે હું આ દુનિયામાં નહીં હોઉ. તમારા મનમાં સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊઠશે કે લાડકી દીકરીએ આવું ભયંકર પગલું કેમ ભર્યું ? પૂરી વાત લખવા બેસું તો આ કાગળનો છેડો જ નહીં આવે. એટલે જતાં જતાં ટૂંકાણમાં કહી દઉં છું કે, ડાર્લિંગ મમ અને ડાર્લિંગ ડેડ, તમારો કંઇ જ વાંક નથી. મારા પગલા બદલ તમે લેશમાત્ર જવાબદાર નથી. હું તમને બિલકુલ દોષ આપતી નથી. એટલા બધા પ્રેમથી તમે મને ઉછેરી છે, બધી જ હઠ પૂરી કરી છે, સંપૂર્ણ છૂટ હંમેશાં આપી છે. ન તો મને ડિસ્કોથેકમાં જતાં રોકી છે કે એકાદ ડ્રિંક પીતાં અટકાવી, કે નથી સહેલીઓ સાથે સિગારેટ પીવાની બંધી કરી. હા, એક વખત રાત્રે બે વાગ્યા પછી ઘરે આવવા સારું અને સ્મેક લેવા બદલ બે શબ્દ કહ્યા હતા, પણ તે એટલા વહાલથી કે તેનો મને જરાય રંજ નથી. તો પછી હું તમને છોડીને કેમ જઇ રહી છું ? તેનું એક જ કારણ છે, અચ્યુત પરનો મારો અગાધ પ્રેમ. તમે કહેશો કે અમે કયાં એ પ્રેમની વચમાં આવ્યાં છીએ ! અને મુદ્દો પણ વાજબી છે. તમે પોતે પ્રેમલગ્ન

કર્યાં છે એટલે મારી આડે શાનાં આવો ?"

**અચ્યુત :**
આટલું બધું પિષ્ટપેષણ !

**નિશા :**
અરે! પિષ્ટપેષણ એટલે ? જુવાનજોધ દીકરીનું શબ એક થર્ડક્લાસ હૉટેલમાંથી એના પ્રિયતમના ભુજપાશમાં વીંટળાયેલું કાલે મળી આવશે ત્યારે મારા મમ-ડેડની છાતી નહીં ફાટી જાય ? બધા એમને દોષ નહીં દે ? એમના નામ પર બટ્ટો નહીં લાગે ?

**અચ્યુત :**
સારું, સારું, ચાલુ રાખ. હમણાં જ કહેતી હતી કે કાલે શું થવાનું છે તેની આપણે ચિંતા નથી કરવાની.

**નિશા :**
કેવી દલીલ કરે છે ? કાલે છાપામાં શું આવશે તે મામૂલી વાત છે. મા બાપને દોષમુકત કરવા એ મોટી વસ્તુ છે. તને બન્ને ચીજ સરખી લાગે છે ?

**અચ્યુત :**
ઠીક,....ઠીક.....છે.

**નિશા :**
(લખાણ વાંચવાનું ફરી શરૂ કરે છે.) "મુશ્કેલી તમારા તરફથી નહીં પણ અચ્યુતના માતા - પિતાની છે. અચ્યુત અતિશય સ્વાભિમાની છે, એ પરપ્રાંતનો અને પરનાતનો છે. ચિત્તપાવન મરાઠી બ્રાહ્મણ છે. એમની સરખામણીમાં આપણે પાટીદાર લગભગ નીચી કોમનાં કહેવાઇએ. અચ્યુતનો પરિવાર મારો કદી સ્વીકાર નહીં કરે તેની અચ્યુતે મને અનેકવાર ખાતરી આપી છે. અને અમે એકબીજાંને છોડી દેવા તૈયાર નથી. અચ્યુત વટનો કટકો છે. છેલ્લાં બે વર્ષથી સાથે હોઇએ ત્યારે કોલેજની કેન્ટીન કે બહારની ડિસ્કોથેકનાં બિલો હું જ ચૂકવતી, તે એને કનડતું. એના પિતા એને પૈસા આપવા રાજી હતા. શરત એટલી જ કે પાઇએ પાઇનો હિસાબ લખીને રોજ રાત્રે એમના ટેબલ પર અચ્યુતે મૂકી દેવો. પોતાની પ્રેયસી સાથે પીધેલા ચાહપાણીની પણ નોંધ રોજ રોજ લખવાનું અચ્યુતને માટે સંભવિત ન હતું.

એટલે હું જ પૈસા આપતી, અને હંમેશાં અચ્યુતનું હૃદય ઘવાતું. આખરે એને એક એડ એજન્સીમાં બે-ત્રણ હજારની નોકરી મળી ગઇ છે. ને હવે પોતાની કમાઇના પૈસા મારા માટે ખર્ચી શકશે."

**અચ્યુત :**
પુરાણ પૂરું ક્યારે થવાનું ?

**નિશા :**
હવે વધારે નથી. "પૈસાનો પ્રશ્ન પતી ગયો છે, પણ મુખ્ય મુદ્દો છે એના પિતા અને નવી માની અનુમતિનો. અચ્યુતની સગી મા તો એને તેર વર્ષનો મૂકીને જ ગઇ હતી. ત્યારથી પ્રભાકરભાઇ અને સાવકી મા ચંપાબેને એને ખૂબ જ લાડથી ઉછેર્યો છે. ચંપાબેનને પોતાની સંતતિ નથી, એટલે ખરી મા કરતાં વધારે વહાલ એણે અચ્યુતને કર્યું છે. એની સંમતિ અસંભવિત છે. કારણકે તેઓ એકદમ રૂઢિચુસ્ત છે. રોજ સંધ્યાપૂજા એમને ત્યાં થાય છે. અને રસોડામાં પણ અબોટિયાવાળો મહારાજ. માતા - પિતાનું મન દુભાવવાનું અચ્યુતથી કદી નહીં બને, અને મને પ્રેમ કરવાનું તો કેમ છોડી શકે ? એટલે જ અચ્યુતને વિચાર આવ્યો કે અમારે બન્નેએ પ્રેમસમાધિ લેવી. લગભગ 'એક દુજેકે લિયે' અથવા 'મુકદ્દર કા સિકંદર' ફિલ્મની ઘટનાઓનું પુનરાવર્તન જ સમજી લો".

**અચ્યુત :**
મને વિચાર આવ્યો એટલે ! તેં કબૂલ કર્યું હતું ને કે બીજો પર્યાય નથી.

**નિશા :**
ક્યાં ના પાડું છું ?આ તો સહેજ મૂળ વિચાર તને સૂઝ્યો હતો એટલું જ.

**અચ્યુત :**
એટલે ? કોઇ એમ કહેશે કે મેં તને ફસાવી, મારી ઉપર ખોટું આળ આવશે.....

**નિશા :**
લે, સુધારું છું......(પર્સમાંથી પેન કાઢીને સુધારે છે.) "અમે નિશ્ચય કર્યો કે પ્રેમ સમાધિ એ જ જીવનનો શાશ્વત હેતુ છે. પ્રેમનો અર્થ જ સુપ્રિમ સેક્રિફાઇસ. સંપૂર્ણ બલિદાન દેવાની ઉત્કટ તમન્ના. પ્રેમ માણસને સર્વસ્વ

મેળવવાનું અને ખોવાનું બન્ને શીખવે છે. અને તેને આખરી મંજિલે પહોંચાડે છે. તમારાથી છૂટા પડવાનું દુઃખ જરૂર છે પણ અચ્યુતની છાતી પર માથું ઢાળી દઈને, આછા પવનની લહેરો એના વાળની લટોને ફરકાવતી હોય, તે પળે અનંત નિદ્રામાં પોઢી જવાનું સુખ પણ છે. ડિયરેસ્ટ મમ - ડેડ, હું લગીર પણ દુઃખી નથી. ઊલટું મારું મન અત્યંત પ્રફુલ્લિત છે. હું ઉમંગભેર મૃત્યુને ભેટવા જાઉ છું . આજે તો મારે નવવધુનો શણગાર કરવો હતો, થોડો ઘણો તો કરવાની છું. અચ્યુતની ઇચ્છા હતી કે બન્નેએ એકસરખો જ પઠાણી સૂટ પહેરવો. આવા પોશાક સાથે મારી એકવીસમી વર્ષગાંઠે તમે બન્નેએ આપેલો હીરાનો હાર એકદમ શોભે તો નહીં, છતાં......."

**અચ્યુત :**
અરે, આ હીરાના હારનું પીંજણ કયાંથી લઇ આવી ? (એ ઝડપથી રેકૉર્ડર પાસે પહોંચીને ચાંપ દબાવવાનો વિચાર અને અર્ધ પ્રયાસ કરે છે, પણ મોડું થઇ ગયાનો ખ્યાલ આવતાં અટકી જાય છે.)

**નિશા :**
કેમ ! તેં જ તો ફરીફરીને મને કહ્યું હતું કે હીરાનો હાર પહેરી લાવવો.

**અચ્યુત :**
(પોતાની જાતને સંભાળી લેતાં) અમસ્તો એક તુકકો, તરંગ ઊઠયો હતો. ખ્યાલ નહીં કે તું આટલું સીરિયસ લઇ લેશે.

**નિશા :**
તેં જ તો મને બાથમાં લઇને કાનમાં કહ્યું હતું કે, મારા નગ્ન સ્તનયુગલની વચ્ચો વચ્ચ, ગોરા, ગોરા બદનની સાથે તારો હાથ રમતો હોય ત્યારે એ અણમોલ હારનો સ્પર્શ તારે કરવો છે. તેનો ઝગમગાટ જોવો છે. આપણે છોડી રહ્યાં છીએ એ દુનિયાનાં ભોગ વિલાસનું પ્રતીક મરતાં - મરતાં તારે નજરની સામે રાખવું છે. સ્તનમંડળની વચ્ચો વચ્ચ પંચોત્તેર લાખના હારનો ઝબકારો તારી આંખ સામે તરવરતો હોય......!

**અચ્યુત :**
એ તો ભાવનાના અવેશમાં વ્હેતાં વ્હેતાં મેં લવારો કર્યો હશે. આ સાવ સાધારણ હોટેલ છે, અને ફાઇવસ્ટાર હોત તો પણ ચોરીનો સંભવતો છે જ.

**નિશા :**
આપણે તો બારણાં બંધ કરીને સૂઇ જવાનાં છીએ, બીજે દિવસે પોલીસ બારણું તોડીને આવશે એમ તું જ કહેતો હતો.

**અચ્યુત :**
પણ મેનેજર કે વેઇટર પોલીસ આવે તે પહેલાં હાર ચોરી લે તો ? અને આજકાલ પોલીસનો શો ભરોસો ! ઇન્સ્પેક્ટર ઉઠાવગીર નીકળ્યો તો ? ( આ બધું કેસેટપ્લેયર પાસે જઇને અચ્યુત બોલે છે જેથી ટેપમાં ચોખવટ થઇ જાય, તેવી તેની મુરાદ પ્રેક્ષકોને સમજાય જાય છે.)

**નિશા :**
એ બધું હું શું જાણું ? તેં હુકમ કર્યો એટલે હું તો લઇ આવી છું. પર્સ ખોલીને હાર કાઢે છે.) હવે પાછો મૂકવા ઘરે તો નથી જ જવાની.

**અચ્યુત :**
નારે ના, પાછા જવાનો સવાલ જ નથી ઊઠતો. હવે તો ક્ષિતિજને પેલે પાર, એ જ મુસાફરી. જેનું નસીબ હશે તેને મળશે..... ઝાડુવાળો, વેઇટર, મેનેજર, હવાલદાર, ઇન્સ્પેક્ટર, ડેપ્યુટી કમિશ્નર બધા જ ઇમાનદાર નીવડશે તો તારા પિતાનું નુકસાન નહીં થાય.

**નિશા :**
થવાનું હશે તે થશે, મારા ગયાનું જ મમ-ડેડને એટલું દુઃખ હશે કે હારની ચોરીની શી વિસાત! તો પૂરું કરું છું. (નાનો ખોંખારો ખાઇને) "આ પઠાણી સાથે હીરાનો હાર સાવ શોભે તો નહીં પણ મૃત્યુની વેળાએ શું શોભે ને શું ન શોભે તેનો કોણ નિર્ણય કરશે ? મારી આ અંતિમ ક્ષણો છે. મને તો યમદેવ અને કામદેવ બન્ને સરખા પ્રિય લાગે છે. અને સાથે જ મળ્યા છે. અચ્યુતના ગળામાં હાથ નાખીને હું આંખ બંધ કરીશ, ત્યારે ત્રણેય આકૃતિઓ, અચ્યુતની, યમદેવની અને કામદેવની, એકબીજામાં મળી જતી મને દેખાશે. હા,...ચરસની એક સિગરેટ પીને જ પોઢી જવાની છું. આનંદની છોળમાં ન્હાતાં-ન્હાતાં અચ્યુતને જકડી લઇને જવાની છું. એજ લિ. તમારી એકની એક નિશા" બોલ, બરાબર છે ને

**અચ્યુત :**
જેવી તારી ઇચ્છા, મેં તો સાવ ટૂંકાણમાં પતાવ્યું છે. (ખિસ્સામાંથી ચિઠ્ઠી કાઢીને

વાંચે છે.) "વહાલા પિતાશ્રી અને માતુશ્રી, સા.ન.વિ.વિ. હું, અચ્યુત પ્રભાકર લિમયે, રાજીખુશીથી, સંપૂર્ણ ભાનની અવસ્થામાં કોઇને પણ દોષિત ઠરાવ્યા વગર અને કોઇની પણ ઉપર જવાબદારી નાખ્યા વગર, સ્વહસ્તે મારા જીવનનો અંત લાવી રહ્યો છું. જે કંઇ મારું છે તે બધું મારા પિતા પ્રભાકરભાઇ લિમયે અને નવી મા ચંપામાઇને સુપરત કરીને મુકત થાઉં છું. લિ. અચ્યુત લિમયે "

**નિશા :**
અરે ! આવું કાયદેસરનું લૂખું લખાણ કરવાનું તને કયાંથી સૂઝયું ?

**અચ્યુત :**
આખરે, બાપ વકીલ રહ્યા તેની થોડી અસર તો થાય જ ને. અને મેનેજમેન્ટનો કોર્સ કર્યા પછી ભાષા પર તેની છાયા તો પડે જ ને !

**નિશા :**
પણ પિતાના વકીલાતનાં ધંધા વિરુધ્ધ તું કેટકેટલું બોલતો હતો ! વકીલાત જેવો નઠારો વ્યવસાય બીજો કોઇ નહીં, અને તે ચલાવીને તારાપિતા કેટલા ક્રૂર અને કઠોર થઇ ગયા છે એમ તેં જ મને સમજાવ્યું ન હતું ? અને મારું નામ સુધ્ધાં લખ્યું નથી ?

**અચ્યુત :**
નામના ઉલ્લેખની શી જરૂર ? જ્યારે તું મારી બાંહોમાં સૂતેલી જડવાની છે !

**નિશા :**
અને, તારું કુટુમ્બ જાત અને પ્રાંતની બાબતમાં કેટલું ચુસ્ત, કર્મકાંડી, વેદોનો રોજ પાઠ કરનારું, ચિત્તપાવન બ્રાહ્મણનું છે, જે મારો કદી સ્વીકાર કરે નહીં, તે કશું જ લખ્યું નથી ? તેને લીધે તો આપણે આ પગલું ભરી રહ્યાં છીએ.....

**અચ્યુત :**
જવા દે, જતાં જતાં એમની લાગણી શું કામ દુઃભાવવી ? દુઃખ બધું દિલમાં આપણે સમાવી લેવાનું છે. આ પળે તો દુઃખ અને સુખ બન્નેથી પર થઇ જવાની અણી પર આપણે છીએ

**નિશા :**
તારી સાવકી મા-ચંપા, જાણે કે સગી હોય તેવો ડોળ કરે છે જે તારા કાળજાને કોરી ખાય છે, એનો પણ ઉલ્લેખ ન કર્યો ?

**અચ્યુત :**
જે લખાયું તે લખાઇ ગયું. લાવ તારો કાગળ આપ. બન્ને પત્રોને ટેબલલેમ્પની નીચે દબાવીને મૂકી દઉં (કથનને અનુસરે છે.)

**નિશા :**
ઉતાવળ શું છે ? હજી તો આપણે ખૂબ ખૂબ કરવાનું છે ને ! (સૂચક હસીને પછી શરમાઇ જાય છે.) આજે છેલ્લીવારનું છે ને !

**અચ્યુત :**
ના, ના, હવે વખત બગાડવો નથી. કહ્યું હતું તેમ સ્લીપિંગ ટેબ્લેટની શીશી લાવી છે કે નહીં ?

**નિશા :**
આ રહી, (પર્સમાંથી કાઢીને ટેબલ પર મૂકે છે. વિચારમાં ડૂબી જઇને) પણ અચ્યુત ! આપણે આ આકરું પગલું ભરી રહ્યા છીએ તે ખરેખર વાજબી છે ને ?

**અચ્યુત :**
(ડ્રેસિંગટેબલ પરથી બે ખાલી ગ્લાસ લાવીને સેન્ટરટેબલની ફૂલદાનીની બાજુમાં મૂકે છે. બેડસાઇડટેબલવાળો લોટો પણ લાવીને ત્યાં જ ગોઠવે છે.) છેલ્લે સુધી સ્પષ્ટ કરી દઉં છું કે તું સ્વતંત્ર છે. મને અહીં છોડીને તું બહાર જવા છૂટી છે. આ રૂમ અને હોટલને ભૂલી જઇને, ઘરે પાછી જઇ શકે છે.

**નિશા :**
છી !...... આવું ગંદુ કેમ બોલે છે ? (ઊભી થઇને, અચ્યુતની સોડમાં જઇને, એના વાળમાં આંગળીઓ ફેરવે છે.

**અચ્યુત :**
આ પચ્ચીસ ગોળીની શીશીમાંથી હું તો દસ બાર ખાઇ જ નાખવાનો છું. તારે આપણો આપઘાત કરાર તોડીને, બે- વચની થઇને, જવું હોય તો તારી ખુશી. આખરે તને અપનાવવાની અડચણ મારા પરિવારે ઊભી કરી છે. એટલે

એકલો હું જ મારા જીવનનો અંત લાવું તે યોગ્ય છે. (એ બોલતો જાય છે પણ નિશાને બાથમાં લઈને, આલિંગન કરીને પંપાળતો પણ જાય છે.)

**નિશા :**
ના, ના, હું તારી સાથે જ આવવાની છું.... આજે મારું મન મારા જ કાબૂમાં નથી..(અચ્યુતને ભીંસ મારીને) મારા કામદેવ ! મારા યમદેવ મારા અચ્યુત ! (અચાનક છૂટી પડીને ટેબલ પરનો હાર ઊંચકીને, પહેરીને, ડ્રેસિંગટેબલના અરીસામાં પોતાનું પ્રતિબિંબ નિહાળતી ) હું તો ભૂલી જ ગઈ. (હારનો પાછલો દોરો સૂટમાં નાખી, આગલાં બટનો ખોલી સ્તન પ્રદેશ ખુલ્લો કરીને અચ્યુતની સમીપ પહોંચીને ) પછી સૂતી વખતે બાકીનાં ડ્રેસનાં બટન તું જ ખોલી નાખજે. હં....

**અચ્યુત :**
(બાટલીનું ઢાંકણું ખોલીને, દસ દસ ગોળીઓ બન્ને ગ્લાસમાં નાખે છે. નિશાના ગ્લાસમાં પાણી પણ રેડે છે. પોતાના ગ્લાસમાં પાણી નાખતાં અટકી જાય છે. ને નિશા તરફ ફરીને) ડ્રેસનાં બટન તો ખોલી નાખીશ, પણ અંદરની બ્રાનું શું?

**નિશા :**
કેમ આજ પહેલાં મારી બ્રા કદી ખોલી નથી ?

**અચ્યુત :**
એમ નહીં, મોકાણ આ પઠાણી ડ્રેસ સૂટની છે,......તને ફેરવીને પાછળની સ્ટ્રેપનો હૂક કાઢવાનું નહીં ફાવે......

**નિશા :**
સારું-સારું, બહુ બોલવાની જરૂરિયાત નથી. આમેય મારે ટૉયલેટમાં તો જવું જ છે ને ! (પર્સ ઊંચકીને, અચ્યુતના ગાલ પર ટપલી મારીને, લટકતી - મટકતી બાથરૂમમાં જાય છે. જેવું બાથરૂમનું બારણું બંધ થાય છે કે અચ્યુત પોતાના ગ્લાસમાં ફકત એકાદ બે ગોળી રહેવા દઈને, બાકીની શીશીમાં પાછી નાખી દે છે. પછી પોતાના ગ્લાસમાં થોડુંક જ પાણી રેડીને અર્ધા ભરેલા ગ્લાસને બેડસાઈડ ટેબલ પર ગોઢવે છે. ત્યાંનું કેસેટ પ્લૅયર સરખું રેકોર્ડિંગ કરી રહ્યું છે કે નહીં તેની ચકાસણી કરી લે છે. રૂમની બધી જ લાઈટો બંધ કરી દઈને ફકત ડ્રેસિંગટેબલ પરની બત્તી ચાલુ રહેવા દે છે. ઓરડાના મુખ્યદ્વારનો આગળો સજ્જડ બંધ છે કે નહીં તેની તપાસ કરી આવે છે.પાછો

આવીને પલંગ પર સૂઇ જાય છે. અને ત્યારબાદ બાથરૂમનું બારણું ખોલીને નિશા બહાર પડે છે. તે અચ્યુતની તરફ જુએ છે. અને બેડ સાઇડટેબલપરના તેના અર્ધા ખાલી થયેલ ગ્લાસ પર તેની નજર જાય છે.) અચ્યુત ! મારી વાટે ન જોઇ ?

**અચ્યુત :**
ના ના,... એમ તો અર્ધું બાકી રાખ્યું છે ને ! તું તારો ગ્લાસ લઇ આવ, ( આટલું બોલતાં બોલતાં તેની જીભ થોથવાતી હોય અને મગજ ચકકરે ચડયું હોય તેવો અભિનય કરે છે.)

**નિશા :**
(ઝડપથી સોફાસેટ વચ્ચેના સેન્ટરટેબલ પરનો ગ્લાસ ઊંચકી લે છે. ગ્લાસ ઓચિંતો ઊંચકયો હોવાથી પડતો પડતો બચી જાય છે. એને બચાવવા જતાં નિશાને બે ત્રણ પગલાં પછેહઠ કરવી પડે છે. અને ડ્રેસિંગટેબલનો આધાર લઇને તે સ્થિર થાય છે.) જરા થોભી જા અચ્યુત !

**અચ્યુત :**
(વધારે થોથવાતાં, બન્ને હાથ વચ્ચે માથું દબાવીને) ડાર્લિંગ તું તારો ગ્લાસ પીને મારી સોડમાં આવ (પોતાની પાસેની જગ્યા થપથપાવીને સૂચન કરે છે.) કાશ ! આપણું ટેપરેકૉર્ડર અહીં હતે ! ચિરકાલીન નિદ્રામાં પોઢી જતાં જતાં અલિઅકબરખાનની સરોદના સૂરો કાનમાં ગૂંજતા રહેતે. જલદી કર નિશા ! હવે ઝાઝો સમય રહ્યો નથી. મેં એટલી બધી ટેબલેટ ખાઇ લીધી છે કે એની અસર થવા માંડી છે.

**નિશા :**
(ગ્લાસ મોઢે માંડીને ઘટક ઘટક મોટા ઘૂંટડા લઇને તેને ખાલી કરી નાખે છે.) પ્લીઝ વેઇટ, વેઇટ ફોર મી અચ્યુત ! (તે દરમ્યાન અચ્યુતે એક બીજો નાનકડો ઘૂંટડો ભર્યો હોય છે. નિશા અચ્યુતની બાજુમાં સૂઇ જાય છે અને અચ્યુતનું માથું પોતાની છાતી પર ટેકવે છે. અચ્યુત અર્ધ બેભાન અવસ્થામાં હોવાનો ઢોંગ ચાલુ રાખે છે. તે જોઇને નિશા વિહ્‌વળ થઇ જાય છે.)અરે ગાંડા! સહેજ વાટ તો જોવી હતી ! છેલ્લી ઘડીએ આટલી ઉતાવળ ? એમ કેમ કહે છે કે ટેપરેકૉર્ડર લાવ્યો નથી ? બાથરૂમમાંથી નીકળી ત્યારે મને દેખાઇ ગયું કે ફૂલદાની પાછળ ટેપરેકૉર્ડરને તેં સંતાડયું છે. ચાલ હવે, તારા ફેવરીટ

અલિઅકબરની ટેપ વગાડ ! (એ અચ્યુતના અચેતન શરીરને ઢંઢોળવાનો પ્રયાસ કરે છે. પછી પોતાની છાતી પરથી દૂર કરીને ઓશિકા પર તેનું માથું ગોઠવે છે. એની સામે તાકી તાકીને જુએ છે. હાથ લાંબો કરીને પલંગની પેલીગમના બેડસાઈડ ટેબલ પરના ટેપરેકૉર્ડર સુધી હાથ લંબાવીને પહોંચવાનો યત્ન કરે છે. તેનાં ફાંફા ચાલુ હોય છે તે દરમ્યાન પાર્શ્વસંગીત પ્રબળ થઇ જાય છે. અને તેના વિષાદસ્વરો રંગમંચને સંપૂર્ણ રીતે આવરી લે છે. પાર્શ્વસંગીત પરાકાષ્ઠાએ પહોંચે છે, અને તખ્તા પરનો પ્રકાશ વિલીન થઇ જાય છે.)

અંક પહેલો

દૃશ્ય પહેલું

– સમાપ્ત –

## અંક પહેલો
## દૃશ્ય બીજું

**સમય :**
પહેલા દૃશ્ય બાદનો, એકાદ કલાક પછીનો.

**સ્થળ, સન્નિવેશ, પ્રકાશયોજના, ધ્વનિસંકલન : એનાં એ જ.**

**પાત્ર પરિચય અને વેશભૂષા :**
નિશા, અચ્યુત,રાહુલ અને રામકૃષ્ણ નામના બે વેઇટરો.

**પ્રસંગ :**
ઉપરના દૃશ્ય બાદ, ફરી પાછો જયારે તખ્તા પર મંદપ્રકાશ ફેલાય છે ત્યારે અચ્યુત સોફાસેટની પાછળ અને મુખ્યદ્વારથી થોડે દૂર, ફસડાઇને જમીન પર ઢળેલો પ્રેક્ષકોને દેખાય છે. મુખ્યદ્વાર ખુલ્લું હોય છે. તેમાંથી ઝડપથી ચાલતાં રાહુલ અને રામકૃષ્ણ વેઇટરો એકબીજાની સાથે કશોક ઝઘડો કરતા નજરે પડે છે. બારણાને પસાર કરી ગયા પછી એકદમ ચોંકીને, વળીને, બન્ને પાછા ફરીને, બારણાની વચ્ચો વચ્ચ સ્તબ્ધ ઊભા રહી જાય છે.

**રાહુલ :**
અરે રામ ! યહ કયા હો ગયા ? દરવાજા ખુલ્લા કૈસે ?

**રામકૃષ્ણ :**
રાહુલ, બડી ગરબડ દિખતી હૈ ! મામલા પૈચિદા...(બન્ને સાવચેતીથી ઊંબરો ઓળંગે છે અને અચ્યુતના અચેતન શરીરની ઠોકર રામકૃષ્ણના પગને લાગે છે. એ પડતો પડતો બચી જાય છે. અને રાહુલનું બાવડું જોરથી પકડી લે છે. અચ્યુતની બન્ને બાજુથી આગળ વધીને નીચા વળીને તેને તપાસે છે.)

**રાહુલ :**
રામ, બાથરૂમ સે પાની લાઓ ! ઇનકો કુછ હો ગયા લગતા હૈ ! (રામ આગળ વધીને બાથરૂમના બારણા તરફ જવા જાય છે ત્યારે તેની નજર પથારીમાં પોઢેલી નિશા તરફ જાય છે. એ ચોંકીને અટકી જાય છે.)

**રામ :**
રાહુલ, યહ ઔરત કોન હૈ ?

રાહુલ :
(ધીરે ધીરે પલંગ પાસે પહોંચીને ) યહ તો વહી હૈ, સાબકા લફડા, જિનકો મૈંને કમરા દિખાયા થા. (બન્ને જણા નિશાની પોઢેલી આકૃતિ પાસે જઇને, સાવચેતીથી ડરતાં - ડરતાં એને સહેજ ઢંઢોળે છે. નિશા જીવતી નથી એવી પ્રતીતિ થાય છે.)

રામ :
મેનેજરકો ફોરન બુલાના હોગા.

રાહુલ :
(એનામાં ધીરે ધીરે હિંમત આવી હોય તેવું દેખાય છે. શાંત ચહેરે મન મક્કમ કરીને, એ નિશાને જોરથી ઢંઢોળે છે. પછી તેનો શ્વાસોચ્છ્વાસ નથી ચાલતો તેની ખાતરી કરી લે છે. હોઠ પર આંગળી મૂકીને, રામને) શ......શ.....શ.....અબ રુક ભી જાવ. (એક વખત ફરી અચ્યુતની પાસે જઇ આવીને, પાછા આવીને, નિશાની પાસે જઇને, આમથી તેમ ઝડપથી નજર ફેરવે છે. રામ બેવકૂફની જેમ મોઢું વકાસીને એક જ જગ્યાએ દિઙમૂઢ ઊભો છે. રાહુલ છલાંગ મારીને ડ્રેસિંગ ટેબલ પરની નિશાની પર્સ ઊંચકીને ખોલે છે. તેમાંથી ચાર પાંચ સો સો રૂપિયાની નોટ કાઢે છે. એક નોટ રામના યુનિફોર્મના ઉપલા ખીસામાં ખોસે છે. બાકીની પોતાના ખીસામાં નાખીને, પર્સ પાછી ડ્રેસિંગટેબલ પર પૂર્વવત્ પોતાના નેપ્કિનથી લૂછીને, મૂકી દે છે. અચ્યુતનો ખભાઝોળો જે સોફાસેટની ખુરસી પર છે. તેને ઊંચકીને તપાસે છે. તેમાંથી એક કાંડાઘડિયાળ તેને જડે છે. તેને પણ ખીસામાં દબાવે છે. ત્યાર બાદ રામકૃષ્ણનું બાવડું ખેંચીને મુખ્યદ્વારમાંથી નીકળી જાય છે.) ચલ, અબ મનેજરકો ઇત્તલા દે. (ઢસડાતો રામકૃષ્ણ રાહુલની પાછળ પાછળ ખેંચાય છે અને બન્ને મુખ્યદ્વારની બહારની લોબીમાં પગ મૂકે છે. તેવામાં તખ્તા પરનો પ્રકાશ ઓલવાઇ જાય છે.)

અંક પહેલો

દૃશ્ય બીજું

— સમાપ્ત —

## અંક પહેલો
## દૃશ્ય ત્રીજું

**સમય :**
બીજા દૃશ્ય બાદનો, બે ત્રણ કલાક પછીનો.

**સ્થળ, સન્નિવેશ, પ્રકાશ યોજના, ધ્વનિ સંકલન : એનાં એ જ.**

**પાત્ર પરિચય અને વેશભૂષા :**
**પ્રભાકર લિમયે અને ઇન્સ્પેક્ટર રીબેરો.**

**પ્રભાકર :**
પચાસ વર્ષની પાકટવયના, સ્થૂળ બાંધાના, સફેદ સિન્થેટિક સૂટમાં સજ્જ, પાઇપ પીતા વિખ્યાત ક્રિમિનલ વકીલ તે પ્રભાકર લિમયે.

**ઇન્સ્પેક્ટર રીબેરો :**
ઊંચા કદનો, મજબૂત બાંધાનો, પાંત્રીસ - ચાળીસની આપસપાસનો, યુનિફોર્મમાં સજ્જ.

**પ્રસંગ :**
પ્રકાશ પ્રજ્જ્વલિત થાય છે ત્યારે સોફાખુરશી પર બેઠેલા અચ્યુતના પિતા - પ્રભાકરભાઇ અને સેન્ટરટેબલ પાસે ઊભેલા ઇન્સ્પેક્ટર પ્રેક્ષકોને દેખાય છે. મૃતદેહો હવે ઓરડામાં નથી. બેડસાઇડ ટેબલને ખેંચીને સોફાસેટ પાસે લાવવામાં આવ્યું છે. તેની ઉપરના ટેબલલેમ્પ સાથે જોડાયેલો લાંબો તાર પલંગની પાછળની દીવાલ સુધીનો લાંબો છે. ટેબલલેમ્પમાંથી એક વાયર ટેપરેકૉર્ડરને ચોંટેલો છે. બન્ને પાત્રો ટેપ સાંભળતા હોય છે. ઉપર લખાઇ ગયેલો નિશાનો છેવટનો સંવાદ ફરી એકવાર પ્રેક્ષકોને સંભળાય છે.

**ટેપરેકૉર્ડર :**
પ્લીઝ વેઇટ ફોર મી અચ્યુત !.......અરે ગાંડા, સહેજ વાટ તો જોવી હતી. છેલ્લી ઘડીએ આટલી ઉતાવળ ! એમ કેમ કહે છે કે ટેપરેકૉર્ડર લાવ્યો નથી ? બાથરૂમમાંથી નીકળી ત્યારે મને દેખાઇ ગયું કે ફૂલદાની પાછળ ટેપરેકૉર્ડરને તેં સંતાડ્યું છે. ચાલ હવે, તારા ફેવરિટ અલિઅકબરની ટેપ વગાડ (આ સંવાદ બાદ તરત ટેપની ચાંપો દબાવવાનો "ખટક્....ખટક્" અવાજ અને ત્યાર પછી

સરોદના સૂરો સંભળાય છે. જેવી સરોદની રમઝટ શરૂ થાય છે કે ઇન્સ્પેક્ટર ચાંપ દબાવીને રેકૉર્ડર બંધ કરી દે છે.)

**રીબેરો :**
મિ. પ્રભાકર લિમયે, તમને આ ટેપ સાંભળીને શું લાગે છે ?

**પ્રભાકર :**
વેરી ઇંટરેસ્ટિંગ, એબ્સલ્યૂટલી ફેસ્સિનેટિંગ !

**રીબેરો :**
મિ. લિમયે, તમે કહ્યું તે પ્રમાણે આપણે આ ટેપ બીજીવાર સાંભળી. આઇ એમ ફ્રેંકલિ પઝલ્ડ ! આ ટેપ મને સમજાતી નથી.

**પ્રભાકર :**
એમાં ન સમજાવા જેવું છે શું ? બે બેવકૂફ જુવાનિયાઓએ અતિ રોમાંચકારી આવેશને વશ થઇને સહિયારો આપઘાતનો ઇરાદો કર્યો. જે મૂર્ખતાને લીધે બન્ને અત્યારે હોસ્પિટલમાં છે. જ્યાંથી હું અબઘડીએ આવ્યો છું.

**રીબેરો :**
બાય ધ વે, બન્નેની હાલત કેમ છે ?

**પ્રભાકર :**
(ગંભીર થઇને) છોકરી બચશે એવું લાગતું નથી. છોકરાના ચાન્સીસ ફિફ્ટી ફિફ્ટી. કદાચ બચી જાય.

**રીબેરો :**
આ કેસમાં મારે તમારી સલાહ લેવી છે, કેટલીક બાબતો ગૂંચવાડો ઊભો કરે છે. તમે જાણીતા ક્રિમિનલ છો.....(બોલવામાં થાપ ખાઇ જવાથી સુધારીને) માફ કરજો...ક્રિમિનલ લોયર છો, એટલે થોડાક પ્રશ્ન પૂછવા છે.

**પ્રભાકર :**
(તખ્તાના અગ્રભાગના કિનારા પાસે આવીને, ઊભા રહીને, ઇન્સ્પેક્ટર તરફ પીઠ રાખીને. એક હાથની હથેલીમાં બીજા હાથનો મુકકો મારીને, લગભગ સ્વગત) ડેમફૂલ, સિલિ બાસ્ટર્ડ ! (એકદમ ફરીને મોટેથી) તો ઇન્સ્પેક્ટર રીબેરો ! તમે કેસ કરવાનું નકકી કરી લીધું છે ? તમારી પાસે આ ટેપ છે,

એટલે બન્ને જુવાનિયા પર આત્મહત્યાના પ્રયત્નનો આરોપ તો ચોખ્ખો જ છે. છતાં તમને નથી લાગતું કે આ ઘેલી નિશા અને ગાંડા અચ્યુતે ખૂબ ખૂબ સહન ઓલરેડી કરી લીધું છે ! એમની ઉપર મુકદ્દમો ચલાવીને એમને અને એના પરિવારને હજી વધારે સતાવવા યોગ્ય છે ?

**રીબેરો :**
જુઓ, મિસ્ટર લિમયે, આપણે બન્ને કોર્ટમાં દુશ્મન હઈશું, અત્યારે આપણે અનૌપચારિક ચર્ચા કરી રહ્યા છીએ. એમ ન હોત તો આ ટેપ હું તમને બે વાર સંભળાવત ?

**પ્રભાકર :**
(ખંધુ હસીને) એટલે મુકદ્દમો ચલાવવાનો નિર્ણય હજી તમે લીધો નથી ?

**રીબેરો :**
મુકદ્દમો શબ્દ હાલ માટે છોડો, એ તો કમિશ્નર અને મિનિસ્ટર ફેંસલો કરશે. આપણે તો બીના - ઘટનાની ચર્ચા કરશું.

**પ્રભાકર :**
અકસ્માત શબ્દ રાખોને !

**રીબેરો :**
ઠીક છે અકસ્માત કહો.

**પ્રભાકર :**
તો આ અકસ્માત વિશેની અનૌપચારિકતાની શરત મને મંજૂર છે. બોલો ! શું સલાહ જોઈએ છે ?

**રીબેરો :**
શરૂઆતના કેટલાક સંદિગ્ધ આવાજો સમજાય તેવા નથી. જુઓ..... આ ખણણ......ખણણ....ધડીમ .......આ બે અવાજો શેના છે ? (બોલતાં બોલતાં ચાંપ દબાવીને ટેપરેકૉર્ડર પર અંકિત થયેલો જરૂરી હિસ્સો વગાડીને પ્રભાકરને સંભળાવે છે.) તમે મારો પ્રશ્ન સમજી ગયાને ? બારણા પરના થપથપાટ પહેલાંનો ખણણ....ખણણ...તે અવાજ શાનો છે ? અને થપથપાટ સાથેનો ધડીમ....ધડીમ.....કશુંક પડી જવાનો અવાજ શાનો ? આ ફૂલદાની

પડી હશે ? અને પડી તો કેમ કરતાં ?

પ્રભાકર :
કહેવું મુશ્કેલ છે.

રીબેરો :
આ અવાજો, ખાસ કરીને ખણણ.....ખણણ.....નો અને ધડીમ..... ધડીમ....નો રેકૉર્ડ થઇ રહ્યા છે એવો અચ્યુતને પણ ખ્યાલ નહીં રહ્યો હોય. એટલે જ તો ટેપ પર અંકિત થઇ ગયા.

પ્રભાકર :
(વિચારમાં ઊંડા ઉતરી જઇને) આઇ ડોન્ટ નો, વન કાન્ટ સે...

રીબેરો :
ઇટ ઇઝ અ મિસ્ટરી વિધિન અ પઝલ ઇન્સાઇડ અ ડિલેમા. દ્વિધાની ભીતરના કોયડાની અંદરનું રહસ્ય !.....ચાલો બીજા મુદ્દા પર આવીએ.... હીરાનો હાર ગાયબ છે તેનું શું ?

પ્રભાકર
મને ચોખ્ખું દેખાય છે કે પેલી રાહુલ - રામની જોડીની તલાશ, અરે ઊલટ તપાસ તમારે કરવી જોઇએ.

રીબેરો :
એ બધી વિધિ કયારની ચાલુ થઇ ગઇ છે. બન્ને પોલીસ થાણામાં બંધ છે. પણ એમની જડતીમાં કંઇ મુદ્દામાલ હાથ લાગ્યો નથી.

પ્રભાકર :
તમારા હવાલદારો વિશ્વાસુ છે ?

રીબેરો :
આ કેસ મોટો છે. નિશાના બાપ લક્ષાધિપતિ છે. તમે વિખ્યાત વકીલ છો. ખુદ કમિશ્નર આ કેસ પર કડક નજર રાખશે. એટલે અમારા નાના માણસો સામાન્ય રીતે અફરાતફરીની હિંમત ન કરે. છતાં એ શકયતા મારા ધ્યાન બહાર નથી. રાહુલ-રામની ચામડી ઊતરશે પછી જ તેમનો લોકપમાંથી

છૂટકારો થશે. કોઇ કચાશ નહીં રહે. પણ મારા બહોળા, વર્ષોના અનુભવના આધારે છાતી ઠોકીને કહું છું કે આમાં તેમનો કે મારા હવાલદારનો કશો જ હાથ નથી.

**પ્રભાકર :**
તો પછી મને પણ સમજાતું નથી ! તમે કહ્યું તેમ દ્વિધાની ભીતરના કોયડાની અંદરનું એ રહસ્ય જ બની જાય છે..... (અચાનક વિચાર આવતાં) નિશા અને અચ્યુતની બેહોશી દરમ્યાન બારણું ખુલ્લું જોઇને કોઇક આવતા જતા ત્રાહિતે હાથ મારી લીધો હોય તો ?

**રીબેરો :**
હોટેલમાં રહેનારા બધાની જ જડતી લેવાનો ઑર્ડર અપાઇ ગયો છે. ......અને વધુ એક મુશ્કેલી છે બારણાની. અંદરથી આગળો મારેલો તે રાહુલને સંભળાયેલું. જ્યારે એણે 'ડુ નોટ ડીસ્ટર્બ'ની તખ્તી બારણા પર લગાવી હતી. તો પછી બારણું ખોલ્યું કોણે ? અને કયારે ?

**પ્રભાકર :**
તમે જાણો છોને ઇન્સ્પેક્ટર ! મેન્ડ્રેક્સની ગોળીઓની અસર ખૂબ ઝડપથી થાય છે, પણ એટલા વેગથી નહીં કે નિશા અથવા અચ્યુત ઊઠીને આગળો ખોલી ન શકે.

**રીબેરો :**
અને તો પછી જેણે બારણું ખોલ્યું તેણે બહાર જઇને કોઇની મદદ કેમ ન મેળવી ?

**પ્રભાકર :**
આ માનસશાસ્ત્રનો પ્રશ્ન છે રીબરો ! એક તરફ આપઘાત તો કરવો છે, પણ છેલ્લી ઘડીએ ઘેનની અવસ્થામાં માણસ આકુળ વ્યાકુળ થઇને કંઇક ધમપછાડા કરી નાખે છે.

**રીબેરો :**
વિટંબણા એ છે કે ધમપછાડો થયો નથી અને બારણું ખુલ્લું છે.

**પ્રભાકર :**
(ફરી એકવાર ઇન્સ્પેક્ટર તરફ પીઠ કરીને પ્રેક્ષકોની સામે ઊભા રહીને એક

હાથની મુઠ્ઠીને બીજા હાથની હથેલી પર મારે છે, લગભગ સ્વગત) ડેમ ઈડિયટ ! સિલિ ફૂલ ! (મોટેથી, ફરીને) આઇ રીઅલી ડોન્ટ નો ! અચ્યુત બારણા પાસેથી ફસડાયેલો મળ્યો એટલે બારણું તો એણે જ ખોલ્યું હશે ! પણ એ બહાર કેમ ગયો નહીં ?

**રીબેરો :**
જુઓ, બીજી એક ગૂંચ ઊભી થાય છે. અચ્યુતે બારણું ખોલ્યું હોય,.... અને એમ જ બન્યું હશે, એ હું સ્વીકારું છું પણ તે બારણા પાસે, લગભગ ઊંબરા પર કેમ ઢળી ન પડયો ? એ તો બારણાથી ખાસ્સા ચાર ડગલા અંદર હતો. અને વિચિત્ર વાત તો એ છે કે એનું માથું રૂમની અંદર તરફ હતું. નહીં કે બારણા તરફ.

**પ્રભાકર :**
વેલ ઈન્સ્પેક્ટર રીબેરો ! હું તમારી ગૂંચો વિશે અત્યારે તો વધારે મદદ નહીં કરી શકું. મારે ઘરે જઇને મારાં વાઈફને સાંત્વન આપવાનું છે. તે પછી ઓફિસમાં જઇ આસિસ્ટન્ટને ચાલુ કેસોમાં મુદત માગી લેવાની સૂચના આપવાની છે. અને પછી હોસ્પિટલમાં હાજર થવાનું છે, ચંપાને લઇને.

**રીબેરો :**
છેલ્લો પ્રશ્ન રહી જાય છે, તમે લંડનમાં બેરિસ્ટર થયા. તમારાં સોફિસ્ટિકેટ પત્ની પણ એડવાન્સ્ડ છે, તો પછી અચ્યુતે નિશાને એમ કેમ કહ્યું કે તમે કર્મ કાંડી, રૂઢિચુસ્ત, જૂના જમાનાનાં......!

**પ્રભાકર :**
(ઊભો થઇને બારણા તરફ સરકતાં) મને માફ કરજો, અત્યારે મારી પાસે વખત નથી. આપણે ફરી મળીશું (ઈન્સ્પેક્ટર રીબેરોને વિમાસણમાં રહેવા દઇને, બારણાને ઓળંગીને, પાછું ફરીને) ગુડબાઇ ફોર પ્રેઝન્ટ (ધીરે ધીરે પ્રકાશ ઝાંખો થતો જાય છે ને પડદો પડે છે.)

– અંક પહેલો

– સમાપ્ત –

## અંક બીજો
## દૃશ્ય પહેલું

**સમય :**
પહેલા અંકના થોડા દિવસ પછીનો, પહેલી જુલાઇ ૧૯૮૫નો. શુક્રવારની સાંજનો.

**સ્થળ :**
મુંબઇના એક આલિશાન ફ્લેટનો બાર અને ડાઇનિંગરૂમ.

**સન્નિવેશ :**
તખ્તાનું બે વિભાગમાં વિભાજન થયું છે. ડાબી તરફનો ભાગ પહેલા દૃશ્યમાં પ્રકાશથી રોશન થશે. જ્યારે જમણી તરફનો ભાગ બારી બારણાં વગરની દીવાલથી ઢંકાયેલો રહેશે. આ દીવાલ પર પહેલા દૃશ્યમાં જમણી તરફના તખ્તાના અર્ધ ભાગને ખુલ્લો થવા દેશે ત્યારે તે ડાબી તરફના ભાગને ઢાંકી દેશે. તે વખતે તેના પર જૂના જમાનાના કાચમાં મઢેલા ફોટાઓ, રવિ વર્મા શૈલીનાં કેલેન્ડરો વગેરેથી સુશોભિત હશે.

ડાબી તરફનો અર્ધ ભાગ છે, - એક આલિશાન અતિ સુસજ્જિત ફ્લેટનો બાર ડાઇનિંગ રૂમનો વિશાળ ઓરડો. તખ્તાની છેડેની દીવાલ જે પ્રેક્ષાગૃહની સન્મુખ છે, ત્યાં એક વિશાળ ખીચોખીચ ભરેલું સાઇડબોર્ડ. તેની અંદર અને ઉપર,ખાવાપીવાનો સામાન, રકાબીઓ, કાચના પ્યાલા, પાણીનો જગ, ફૂલદાની, ગ્લાસ, ટેબલ લૅમ્પ વગેરે. સાઇડબોર્ડની ઉપર દીવાલમાં ઍર - કન્ડિશનિંગ મશીનની જાળી. સાઇડબોર્ડની એક તરફ તખ્તાના ડાબી તરફના છેડાના ખૂણામાં રસોડામાં પડતું બારણું. ડાબી તરફની દીવાલ તરેહ તરેહના મદ્યપાનના પ્રસાધનોથી સુશોભિત છે. તેનાથી થોડે આગળ એક લાંબો બાર છે. જેની લગોલગ ત્રણ ઊંચા બારસ્ટૂલ અને નીચે સ્ટૂલ પર બેઠેલાના પગ ટેકવવા માટેની એક પિત્તળની પીળી રેલિંગ. બારના પ્રેક્ષાગૃહ તરફના છેડા પર એક ઇલેક્ટ્રૉનિક ટેલિફોન, અને ઇન્ટરનલ કૉમ્યુનિકેશનનું એક યંત્ર. પ્રેક્ષા ગૃહની દૂરના છેડે બાર પર સોડાસાઇફન, આઇસબકૅટ, વેફર - ચણાના બાઉલ. વગેરે..... ડાબી તરફની દીવાલના પૃષ્ઠ ભાગમાં ખાંચો પાડીને ફ્લેટનું મુખ્ય દ્વાર. સાઇડબોર્ડ અને બાર સમીપ એક નીચા ઢાળનું જાપાનીઝ સ્ટાઇલનું ડાઇનિંગ ટેબલ અને તેની આસપાસ ગોઠવેલ છ આઠ મૂઢાશૈલીની

ગોળ બેઠકો.

**પ્રકાશયોજના :**
સ્વાભાવિક રીતે,દૃશ્યની શરૂઆતમાં ડાબી તરફના તખ્તાના ત્રિકોણ હિસ્સા પર જ પ્રકાશ પડતો રહેશે.

**ધ્વનિસંકલન :**
વાતાવરણ એકદમ શાંત છે, એટલું સૂમસામ છે કે સન્નાટો છવાયેલો છે.

**પાત્ર પરિચય અને વેશભૂષા :**
અચ્યુત, પ્રભાકર અને ચંપાતાઇ.

**અચ્યુત :**
એનું વર્ણન આ પહેલાં આવી ગયું છે. આ અંકમાં એણે કપડાં બદલીને પાઇજામા કુરતાની જોડ પહેરી છે.

**પ્રભાકર :**
એ પચાસ પાર કરી ગયેલા, પુખ્તવયના, સાધારણ સ્થૂળ, અહંકારી રોફદાર વ્યકિત છે. એમણે કોર્ટમાંથી પાછા ફરીને કપડાં બદલ્યાં નથી. ફકત ગાઉન કાઢીને એક બાજુ ફેંકયો છે, બાકી અપટુડેટ વેશભૂષા છે. અને ગળાની ધોળીફીત એમની એમ છે.

**ચંપાતાઇ :**
વયસ્કર છતાં પણ ખૂબસૂરત. આ પાત્રે મરાઠી ઢબની નવવારી સાડી પહેરી છે.

**પ્રસંગ :**
પડદો ખૂલે છે ત્યારે બારના સ્ટૂલ પર બેઠેલો અચ્યુત કોઇ ચોપાનિયાનાં પાનાં ઉથલાવતો હોય છે. ડાબી તરફના પાછલા, રસોડાના, બારણામાંથી ચંપા દાખલ થાય છે.

**અચ્યુત :**
(લગભગ ખીજાઇ જઇને) આઇ, હે કાય ? એવું તે શું કામ હતું કે પપ્પાએ ખાસ આજે સાંજે મને ઘરે રહેવાનું કહ્યું ! અને પોતે કયાં છે ? બપોરે

હોસ્પિટલથી પાછો આવ્યો ત્યારથી માખો મારું છું.મારે ક્લબમાં જવું છે, ઘણા દિવસે દોસ્તોને મળવું છે.

**ચંપા :**
તને કહ્યું છે તો રહ્યે જ છૂટકો. એમનો મિજાસ તો તું જાણે છે ! (આસપાસનું રાચરચીલું વ્યવસ્થિત કરતી જાય છે.) કાઇ ઘાણ ઝાલિ આહે !.....મને પણ કહ્યું છે કે હાજર રહેવાનું. નહીં તો હું વિલિંગડન ક્લબ ક્યારની ગઇ હોત ! એ આવતા જ હશે. (બારણા પરની મ્યુઝિકલ બેલ વાગે છે અને ચંપા ઉતાવળે બારણું ખોલવા જાય છે. અચ્યુત એકદમ ચોપાનિયાને બાજુમાં મૂકીને, પોતાનાં કપડાં સહેજ ખંખેરીને, એક મૂઢાપર ચોકસાઇથી ગોઠવાઇ જાય છે. ચંપા બારણું ખોલે છે અને શ્રીયુત્ પ્રભાકર લિમયે દાખલ થાય છે. ગાઉન ઉતારીને ચંપાને આપે છે.)

**પ્રભાકર :**
(અતિ આધુનિક સ્ટાઇલમાં ચંપાના ગાલને એક પપી ભરીને) અચ્યુત હોસ્પિટલમાંથી આવી ગયો ને ? ઘરમાં જ છે ને ?

**ચંપા :**
અમે બન્ને અહીં જ છીએ. હોસ્પિટલમાંથી આવ્યા પછી ક્યાંય બહાર જવા દીધો નથી.

**અચ્યુત :**
ગુડ ઇવનિંગ પપા !

**પ્રભાકર :**
ઑલરાઇટ ઑલરાઇટ !(ખીસામાંથી પાઇપ કાઢીને તંબાકુ સળગાવે છે. લાઇટર ખીસામાં મૂકતાં) હોસ્પટલમાં તક ન મળી, પણ મારે ખૂબ જ ગંભીર અને મહત્ત્વની ચર્ચા તમારી બન્ને સાથે કરવાની છે. જ્યારથી નિશાનું મૃત્યુ થયું છે, ત્યારથી મારા મનમાં કંઇક વિચારો ઘોળાયા કરે છે.

**ચંપા :**
(ડરી ડરીને) તો બરા નાય ઝાલા....પણ જે થયું તે, બનવાકાળ બની ગયું. હવે તો અચ્યુત પરના કેસમાંથી એને છોડાવો.

પ્રભાકર :
ઘણું કરીને પોલીસ કેસ નહીં કરે. મારી કમિશ્નર, હોમ સેક્રેટરી અને ચીફ મિનિસ્ટર સાથે વાતચીત થઇ ગઇ છે. ફકત ટેપ આડે આવે છે. એટલે જ તો અચ્યુતને પૂછું છું કે, એ ગધેડાએ રેકૉર્ડર શું કામ સાથે રાખેલું ?

ચંપા :
અચ્યુતને આજે પૂછવાથી ટેપ તો ગાયબ નહીં થાય ! ટેપ રહેવા દઇને રસ્તો કાઢો.

અચ્યુત :
(દબાયેલા સ્વરે) અમને છેલ્લે છેલ્લે અલિઅકબરનો માલકોસ સાંભળવો હતો.

પ્રભાકર :
(ગુસ્સામાં મોટેથી) તે મી આઇકૂલા........ટેપની છેવટમાં રાગ, માલકોસનો આલાપ મેં સાંભળ્યો. પણ તે પહેલાંનું રેકૉર્ડિંગ શું કામ કર્યું ? તને મૂર્ખાને, એક ટેપરેકૉર્ડર ચલાવતાં આવડતું નથી ?

અચ્યુત :
(એકદમ ધીમા સાદે) નિશા આવી તે પહેલાં હું ટેસ્ટ કરતો હતો, અને ભૂલમાં ઑન રહી ગયું.

ચંપા :
જાવુ દ્યા, ચૂક ઝાલી તે ઝાલી.

અચ્યુત :
અને મને એમ કે વધારાનો પુરાવો રહેશે. ખ્યાલ જ નહીં કે નિશા આટલું લાંબુ પુરાણ કાઢશે. અને તે બધું રેકૉર્ડ થઇ જશે.

પ્રભાકર :
(ટેબલ પર બન્ને હાથ ટેકવીને, અચ્યુત તરફ તાકીને) એકઝેકટલી, તારે વધારાનો પુરાવો તૈયાર કરવો હતો. પણ તે વખત, તને કેવી રીતે ખબર કે, તું બચી જવાનો છે ? હૉસ્પટલમાં પહોંચ્યો ત્યારે તું સંપૂર્ણ બેભાન હતો. ડૉક્ટરોએ સમયસર સ્ટમકવોશ નહીં આપ્યો હોત તો તું બચત પણ નહીં. અને પેલી બિચારી તો ગઇ.

**ચંપા :**
જાવુ દયા, આ....તા......

**પ્રભાકર :**
બારણું કોણે ખોલ્યું હતું ?...

**અચ્યુત :**
(ઊલટ તપાસમાં પકડાઇ જવાથી, મંદ સ્વરે) મેં....મેં.....મેં.....જ ખોલ્યું હતું...ખોલાઇ ગયું હતું.

**પ્રભાકર :**
તો પછી લોબીમાં કેમ ન ગયો ? અને ચાર ડગલાં પાછા ફરીને માથું રૂમની અંદરની તરફ રાખીને આરામથી સૂઇ ગયો ? રાહુલ અને રામકૃષ્ણ ન આવત તો ?

**ચંપા :**
બારણું ખુલ્લુ હતું એટલે કોઇને કોઇ તો આવત જ ને !

**પ્રભાકર :**
ચંપા, તને તારા શબ્દનો અર્થ સમજાય છે ?

**અચ્યુત :**
માએ કહ્યું તેમ કોઇને કોઇ તો આવત જ ને ! હું અર્ધ બેભાન હતો, ત્યારે મને વિચાર આવ્યો કે આમ આપઘાત કરવો ઠીક નથી. મેં છેવટેનો પ્રયત્ન કર્યો ને બારણું ખોલી.....

**પ્રભાકર :**
એટલે ? તને આપઘાત કરવો ન હતો ? (અચ્યુત અને ચંપા એકબીજા તરફ ડઘાઇને જોઇ રહે છે.) તું કહેવા શું માગે છે ? નિશાને ભૂલી ગયો ? ..... (એ આમથી તેમ આંટા મારે છે, થોડીક પળ બાદ..... મા દીકરા તરફ ફરીને..) નિશાને અમારા વિશે અગડંબગડં કેમ સમજાવ્યું હતુ ? હું કર્મકાંડી છું ? ઇંગ્લૅંડમાં બીફ, ગોમાંસ હું રોજ ખાતો હતો. ચંપા રૂઢિચુસ્ત છે ? એ કઇ જ્ઞાતિની છે તે તને ખબર છે ? એને પોતાને ખબર છે ? તારા પૉકેટ મનીનો હું રોજ સાંજે હિસાબ માગું છું ? તને કાર આપી છે તો નિશાની ગાડીમાં રોજ

લિફ્ટ શું કામ લેતો હતો ? રેસ્ટોરાનાં બિલ એ હંમેશાં શું કામ ચૂકવતી ?

**ચંપા :**
(અચકાઇ અચકાઇને બાપ - દીકરાની વચ્ચમાં પડે છે.) અચ્યુતે પૈસા બચાવ્યા હશે તો એના એકાઉન્ટમાં રહ્યા હશે, ભલેને જમા થતા.

**પ્રભાકર :**
હું એના ખાતાની વાત નથી કરતો. એમાના પૈસા મને નથી જોઇતા. મેં તો પચાસ હજાર રૂપિયા આપીને એ એકાઉન્ટ શરૂ કરાવ્યો હતો. મને એવી પચીસ પચાસ હજાર રૂપરડીની શું પડી છે ? મારી કલાકની આવક ત્રણ હજાર રૂપિયાની છે.

**ચંપા :**
શાંત......શાંત......થાવ.

**પ્રભાકર :**
શાંત કેમ થાઉ,? તેં ટેપ સાંભળી નથી. આપણે બન્ને વિશે અચ્યુતે નિશાને કેટકેટલું વાહિયાત સમજાવ્યું હતું ! (અચ્યુત તરફ ફરીને) તને ખબર છે. સારી પેઠે ખબર છે કે હું અને ચંપા એક નાતના નથી. અમે પ્રેમ લગ્ન કર્યાં છે, તારી અને નિશાની વચમાં અમે શું કામ આવીએ ? નિશાના પિતા લાખોપતિ હતા, નિશા સુંદર હતી, એનો પરિવાર સુસંસ્કૃત, સભ્ય, સર્વરીતે સંપન્ન......

**અચ્યુત :**
(એકદમ મૂંઝાઇ જઇને, ઊભો થઇને બાપ તરફ પીઠ ફરીને) નિશાનું કુટુમ્બ લાખોપતિનું, એમને ત્યાં કશાની કમી ન હતી, તમારા કરતાં પણ નિશાના ફાધર ઘણા વધારે પૈસાદાર. હું તો એમની સામે કંઇ જ નહીં.

**પ્રભાકર :**
એટલે ? તું શું બકી રહ્યો ! (ચંપા તો બિલકુલ દિઙ્મૂઢ થઇ ગઇ છે)

**ચંપા :**
મારે એ ટેપ સાંભળવી છે.

**પ્રભાકર :**
(ગુસ્સામાં ત્રાડ પાડીને) ઇન્સ્પેક્ટર રીબેરોની પાસે જજે. એને પૂછજે. એ બધું

તને સંભળાવશે. (અચ્યુત તરફ ફરીને) નિશાવાળા આપણાથી વધારે પૈસાદાર હોય તો શું થયું ? મારી પણ સમાજમાં પ્રતિષ્ઠા છે ! હું સારામાં સારી ક્લબમાં સભાસદ છું. કેટલીકનો લાઇફમેમ્બર છું. ઊંચામાં ઊંચા સર્કલમાં આપણી આવજા છે. મિનિસ્ટરો આપણે ત્યાં આવે છે, મને ઍટર્ની જનરલ બનાવવાની વાત રાજકીય વર્તુળોમાં ચાલે છે.

**અચ્યુત :**
(બાર તરફ પીઠ કરીને તેના પર બે કોણી ટેકવીને) હું નિશાને પરણત તો એના પિતાનો ઓશિયાળો થઇને આખી જિંદગી કાઢત. એમના કોઇ કારખાનામાં ઊંચી નોકરી આપીને મને પાળેલો કૂતરો કરી નાખત.

**પ્રભાકર :**
પરણવું ન હતું તો આપઘાત - કરારનો સવાલ જ ક્યાં પેદા થાય છે ? તું કાર વગરનો, પૉકેટ મની વગરનો, નિશા સાથે પ્રેમાલાપ.........શું કામ કરતો ગયો ?

**અચ્યુત :**
નિશાનું માનસ એવું હતું કે જેની પર દયા ખાય તેને તે વધારે ચાહે, એટલે મારી સેકન્ડહૅન્ડ ગાડી, મારા તુચ્છ પૈસા એની આગળ પ્રદર્શિત કરું તેના કરતાં....

**ચંપા :**
નિશાને આકર્ષિત કરવા અચ્યુતે થોડું ઘણું, ગાંડું ઘેલું વર્તન કર્યું હશે. તમે જ તો હંમેશાં કહો છો.....એવરીથિંગ ઇઝ ફેર ઇન લવ એન્ડ વોર.....

**પ્રભાકર :**
એ બધું ઠીક છે. અચ્યુત કરતાં બે સવાર મેં વધારે જોઇ છે. મુદ્દો એ છે કે આ બધું નિશાની સાથે કર્યું શા માટે ? આપણે જ્ઞાતિ પ્રથાનાં દુશ્મનો નથી ? આપણે પ્રેમલગ્ન કર્યાં નથી ?

**અચ્યુત :**
(હિંમત ભેગી કરીને હાથનો સ્વસ્તિક બનાવીને, બારથી સહેજ આગળ વધીને, તુમાખીથી....) ખરેખર તમે પ્રેમલગ્ન કર્યાં હતાં ?

**પ્રભાકર અને ચંપા :**
(લગભગ એક સ્વરે.....) શું કહ્યું ?

**અચ્યુત :**
(સ્વસ્થતાથી) મારો સવાલ છે કે તમે ખરેખર પ્રેમલગ્ન કર્યાં છે ? જે દિવસે મારી સગી મા ગઇ તે સાંજ તમને બન્નેને યાદ આવે છે ? બારણા પાછળ લપાઇને મેં બધું જોયું હતું, સાંભળ્યું હતું. આજે વર્ષો પછી એ દૃશ્ય ગઇકાલનું હોય તેવું અને તેટલું જ સ્પષ્ટ મારી સામે તરવરે છે.

**પ્રભાકર :**
ઑ નો ! તે બારણા પાછળ લપાઇને સાંભળેલું ? જોયેલું ?

**ચંપા :**
(લગભગ તન્દ્રાવસ્થામાં) મારે એ ટેપ સાંભળવી છે. (ઊભી થઇને લડખડાતા પગલે ટેલિફોન પાસે પહોંચીને ત્યાં પડેલી નંબરોની નોંધપોથી ઊંચકીને) ઇન્સ્પેક્ટર રીબેરોનો ફોન નંબર ક્યાં છે ? (પ્રભાકર બારની પાછળ જઇને વિસ્કીની બાટલી ઊંચકે છે. તખ્તા પરનો પ્રકાશ વિલીન થતો જાય છે. અને તે સાથે જ જમણી તરફના તખ્તાનો ત્રિકોણ હિસ્સા પરનો પ્રકાશ પ્રજ્જ્વલિત થાય છે. વચલી દીવાલ, જેની ઉપર આધુનિક ચિત્રકલાના નમૂના ટાંગેલા હતા, તે ફરીને ડાબી તરફનો તખ્તાનો હિસ્સો ઢાંકી દે છે. હવે એની પાછલી તરફના સજાવેલા સસ્તા ફોટા અને કેલેન્ડરો છતા થાય છે.)

અંક બીજો

દૃશ્ય પહેલું

– સમાપ્ત –

## અંક બીજો
## દૃશ્ય બીજું

**સમય :**
ઉપરના દૃશ્યથી પંદર વર્ષ પહેલાનો, ૧૯૭૦ ની દિવાળીના બે દિવસ પહેલાંની ધનતેરસની સમી સાંજનો.

**સ્થળ :**
ગિરગામની ભાઈ જીવનજી લેનની ચારમાળની ચાલની એક ખોલી.

**સન્નિવેશ :**
ઉપર લખ્યું છે તેમ, આ દૃશ્યમાં જમણી તરફનો તખ્તાનો ભાગ ખુલ્લો થાય છે અને ડાબી તરફનો ઢંકાઈ જાય છે.
તખ્તાના પાછલા છેડાનું મોટું બારણું, એક બાલ્કનીમાં પડે છે. જેનો જર્જરિત પાણીથી કોહવાઈ ગયેલો કઠેરો, પ્રેક્ષાગૃહમાંથી દેખાય છે. તેના પર ગોઠવેલી કોડિયાની હારમાળાનો પ્રકાશ ટમટમે છે.
બારણાની બાજુમાં ગીરગામની જ ચાલોમાં હોય છે તેવી બારી અને તેની નીચે એક જરીપુરાણું મોટું ટેબલ. તેના ઉપર એક ટાઇપરાઇટર અને તેની સામે એક ખુરશી. જમણી તરફની દીવાલને લાગીને એક મોટી પાટ. પાટના અગ્રભાગના પ્રેક્ષાગૃહ તરફના છેડા પર એક નાનું ટેબલ. પાટની સામે જૂની ઢબનું ગોળ કાચવાળું સેન્ટર ટેબલ. પાટના પાછલા છેડા અને બાલ્કનીના દરવાજાની પાસે એક ઊંચુ સ્ટૂલ જેનો ઉપયોગ છત્રી મૂકવા, ડસ્ટર રાખવા જેવા કામમાં લેવાય છે.

**પ્રકાશ યોજના :**
પહેલા દૃશ્યમાં જેમ ડાબી તરફનો ભાગ રોશન હતો, તેમ હવે જમણી તરફનો છે. તેની રોશનીમાં કઠેરા પર ગોઠવેલી કોડિયાની હારમાળા વૃધ્ધિ કરે છે. અને દિવાળીના પર્વનું સૂચન કરે છે.

**ધ્વનિ સંકલન :**
દિવાળીના ફટાકડા ફૂટવાના અને કોઠીના સૂસવાટા સંભળાય છે. વચમાં, વચમાં દૂરથી ઝીણે સ્વરે મંગલ પ્રસંગના ગીતો ગવાતાં સંભળાય છે.

**પાત્ર પરિચય અને વેશભૂષા :**
પ્રભાકર અને શીલા

**પ્રભાકર :**
ઉપરના દૃશ્યથી પંદર વર્ષ નાનો. લગભગ પાંત્રીસ વર્ષની ઉંમરનો મધ્યમ વર્ગનો વકીલ છે. એની પ્રેક્ટિસ સાધારણ ચાલે છે અને આજે એણે સિલ્કની કફની અને ધોતિયું પહેર્યાં છે.

**શીલા :**
શીલા, પ્રભાકરની પહેલીવારની પત્ની, જેની ઉંમર એકત્રીસ વર્ષ આસપાસની છે. તેણે તહેવારનો જાજરમાન પોશાક પહેર્યો છે.

**પ્રસંગ :**
શીલા આજે ખૂબ ખુશમાં છે. તે તરતની નાહીને નીકળેલી, ભીનાવાળે કપડાં સરખાં કરતી કઠેરા પરના કોડિયાની હારને તપાસીને બાલ્કનીમાંથી રૂમમાં આવે છે. પ્રભાકર ટાઇપરાઇટર પર કામ કરતો હોય છે. શીલા અચ્યુતનું ફગાવેલું દફતર ઊંચકીને પાટ પાછળની દીવાલની ખીંટીમાં ટાંગે છે.

**શીલા :**
અચ્યુત, અલ્યા અચ્યુત ! જરા નાસ્તો કરીને પછી રમવા જતો હોય તો ! (ટેબલ પર કામ કરતા પ્રભાકરને ઉદ્‌દેશીને) આ સપરમા દિવસે સમીસાંજે શું કામ કાઢીને બેઠા છો ? ટાઇપરાઇટરને બાજુએ મૂકી આ મારી વેણી બાંધી આપો.

**પ્રભાકર :**
સપરમા દિવસે કે બપરમા દિવસે, આપણા નસીબે કાળી મજૂરી જ લખેલી છે.

**શીલા :**
અરે ! આજે ધનતેરસ થઈ, બહાર તોરણ બાંધવાનું છે ને તેની પહેલાં મારી વેણી.....

**પ્રભાકર :**
ચોથા માળની બાલ્કનીના કઠેરાની સડી ગયેલી રેલિંગ પર ઊભા રહીને મારે તોરણ બાંધવું નથી. મને તો નીચે જોતાં જ ચક્કર આવે છે.

**શીલા :**
સ્ટૂલ પર ચડીને મારો અચ્યુત બાંધશે. નહીં તો હું બાંધી લઇશ. તમારા જેવા બાયલાને મરદ બનાવ્યા એના કરતાં ભગવાને મને ભાયડો બનાવી હોત તો સારું થાત.

**પ્રભાકર :**
તો કાલથી બાયડીને બદલે ભાયડો બનીને પહેરવા માંડ પાટલૂન ને ખમીશ. છોડી દે આ સાડી અને વેણી (ટાઇપરાઇટરને બંધ કરીને, ખુરશી ફેરવીને હવે શીલાની સાથેની વાતચીતમાં ગુંથાય છે.)

**શીલા :**
હું વેણી એટલા માટે પહેરું છું કે  તમને શોભે તેવું કામ કરવાની તક તમને મળે (હસી પડે છે.. પ્રભાકર ખીજવાઇને ધૂંવાંપૂવાં થાય છે.) આ લો ! તમને વેણી બાંધવાનું જરૂર ફાવશે. (પ્રભાકરના ખોળામાં વેણી નાખે છે અને એની તરફ પીઠ ફેરવીને, કેડ પર હાથ ટેકવીને, લાડથી ઊભી રહે છે. પ્રભાકર ગુસ્સામાં આવી જઇને, વેણીને પાટ પર ફગાવી દે છે.) સહેજ મશ્કરી કરી તો આટલો બધો ગુસ્સો ?

**પ્રભાકર :**
તારી મજાક મને બિલકુલ પસંદ નથી. બાલ્કનીના તોરણ બાબત મેં ગયા વર્ષે ચોખવટ કરી નાખેલી કે, હવે પછી હું નહીં બાંધું. બાજુવાળા ચંપાતાઇનો કઠેરો તૂટી ગયો છે તે ખબર છે ને ?

**શીલા :**
સારું, મેં કહ્યુંને હું બાંધી દઇશ.

**પ્રભાકર :**
વાત વાતમાં મને બાયલો અને ગમે તેવા ટોણાં માર્યા કરે છે તે હું બિલકુલ સાંખી નહીં લઉં.

**શીલા :**
સૉરી, મારી ભૂલ થઇ. ચાલો હવે સપરમા દિવસે ઝગડો નથી કરવો.

**પ્રભાકર :**
પૈસાદાર ઘરની દીકરી, એટલે બાપે બહુ ચઢાવી મેલી છે. એક સોટી લઇને બે

ફટકારીશ ત્યારે ખબર પડશે કે બાયલો કોણ છે.

**શીલા :**
ઓહો ! બૈરીને સોટી મારશો એટલે બહાદુરમાં ખપશો ?(પ્રભાકરનું વીલું મોં જોઇને તરત સંભાળી લે છે.) માફ કરજો, ફરી મશ્કરી થઇ ગઇ.

**પ્રભાકર :**
આ તું નહીં પણ તારા બાપના પૈસા બોલે છે.

**શીલા :**
બાપના પૈસા, બાપના પૈસા શું રટ્યા કરો છો ? સૂરતમાં ફકત એક ઘર અને જમીનનો એક ટુકડો, એટલું જ તો મારા નામે છે.

**પ્રભાકર :**
અને તે વરને ખાતર વેચવાની તારી તૈયારી નથી.

**શીલા :**
બીજું બધું લઇ લો, બધાં ઘરેણાં વેચી નાખો. પણ બાપદાદાનું ઘર અને જમીન હું અચ્યુતને માટે મૂકી જવાની છું.

**પ્રભાકર :**
અચ્યુતની સંભાળ રાખવા માટે એનો બાપ જીવતો જાગતો બેઠો છે.

**શીલા :**
પણ બાપને લંડન જઇને ગોરી છોકરીઓ સાથે મોજમજા મારવી છે તેનું શું ? પછી અચ્યુતનું જે થવાનું હોય તે થાય.

**પ્રભાકર :**
બેશરમ, ફાવે તેમ લવારો કરે છે ? (ઊભો થઇને શીલાને એક તમાચો મારી દે છે.)

**શીલા :**
(પાટ પર પછડાઇ પડે છે.) આખરે ધનતેરસના દિવસે મારા પર હાથ ચલાવ્યો જ !

**પ્રભાકર :**

બેફામ બોલતી જાય છે ! જબાનની ઉપર કાબૂ નથી, પતિનું આત્મસન્માન કે આમન્યા કશાની જ પડી નથી ? મેં તને કેટલી વાર કરગરીને કહ્યું છે કે, જમીન અથવા ઘર, બેમાંથી એક વસ્તુ વેચી નાખીએ તો હું લંડન જઇને બેરિસ્ટરની ડિગ્રી લઇ આવું. ડિગ્રીના જોરે ધરખમ પ્રેક્ટિસ જમાવી લઇએ તો આપણાં બધાંનું ભવિષ્ય ઊજળું થશે. પણ બસ, અડિયલટટ્ટુની જેમ, એક ખચ્ચરની જેમ .......તું આડી ફાટી છે........

**શીલા :**

તો જાતે કમાઇને જાવ. કોણ રોકે છે ? પણ એ ઘર કે જમીન એક વખત હાથમાંથી નીકળી ગયાં તો ફરી આવવાનાં નથી. એ જમીન મારા અને તમારા માટે નથી, પણ અચ્યુતનાં છોકરાંનાં છોકરાં માટે મૂકતી જાઉં છું તમારો શો ભરોસો ! આજે ધનતેરસના દિવસે મારી ઉપર હાથ ઉગામ્યો ! કાલે મને છોડીને કોઇ બીજીનો હાથ પકડશો તો મારું અને મારા અચ્યુતનું શું થશે ?

**પ્રભાકર :**

બસ, બહુ થયું. આખો વખત અચ્યુત, અચ્યુત, પણ મારું શું ? જોતી નથી કે ધનતેરસના દિવસે મારે ટાઇપરાઇટર પર બેસવું પડે છે ? મુંબઇમાં એટલા વકીલો ભરાઇ પડયા છે કે કોર્ટના કમ્પાઉન્ડમાં અસીલો માટે એકબીજાની સાથે મારામારી થાય છે. કેટલીવાર આજીજી કરીને, તને પગે પડીને, કહ્યું છે કે લંડન જઇને બેરિસ્ટર થઇ આવવા દે.

**શીલા :**

પણ, મારી મિલકત વેચીને જ શું કરવા ? લંડન જવું જ હોય તો બૅન્ક પાસે લોન લો.

**પ્રભાકર :**

બૅન્કની લોન મફત નથી આવતી. વ્યાજ આપવું પડશે. બીજી પણ કપરી શરતો છે.

**શીલા :**

વ્યાજ તો પાછા આવીને કમાઇને આપવાનું છે ને ? ત્યાં સુધી તો બૅન્ક વાટ જોશે ને !

**પ્રભાકર :**
બીજી શરતોનું શું ? કોરા ખર્ચા સિવાય બીજું કંઇ ન મળે. દરેક પરીક્ષામાં પાસ થવાનું. પાસ થતાંની સાથે પાછા ફરવાનું. યુરોપમાં ક્યાંય ફરવા ન જવાય. મારે એવી આકરી શરતો પર નથી જવું. જ્યારે પોતાની મિલકત છે ત્યારે આ બધી લપ શા કાજે !

**શીલા :**
આપની પોતાની એ મિલકત નથી, એ મારી છે. તમને દર પરીક્ષામાં પાસ થવું નથી. કોરા ખર્ચામાં ચલાવવું નથી. લંડનને બહાને યુરોપમાં રખડવું છે. મને કયાંય સાથે લઇ જવી નથી. હું કંઇ બોલું તો મને મારવી છે. અં,........અં,.......અં,......(રડી પડે છે.)

**પ્રભાકર :**
(એને ખ્યાલ આવે છે કે બાલ્કનીનું બારણું ખુલ્લું છે. પડોશીઓ સાંભળી જશે એ ડરથી અને આમેય દલીલોમાં હારી જવાથી, નછૂટકે, બાજી બદલીને,..) આઇ એમ સૉરી. મારું મગજ ઠેકાણે નથી. ફરી કદી હાથ નહીં ઉપાડું (જે પાટ પર શીલા ઢગલો થઇને પડી છે તેની પાસે જઇને, બન્ને હાથે શીલાના ખભા પકડીને વહાલ કરતાં કરતાં...) લાવ, તારી વેણી બાંધી આપું. તું પહેલાં અંદર જઇને મોઢું ધોઇ આવ (તેની પીઠ થાબડે છે.) ચાલ જોઉં ....(ખભા પકડીને ઊભી કરે છે, પીઠ પસવારતાં એને તખ્તાની કિનારા પાસેની વિંગમાંથી અંદર જવા દે છે. પળભર તખ્તા પર શાંતિ છવાઇ જાય છે, ને દિવાળીનાં મંગળ ગીતો 'ફેઇડઇન' થાય છે. પ્રભાકર થોડો વખત વિચારમાં લીન થઇ જાય છે. પછી સફાળો ભાનમાં આવીને કંઇક નિર્ણય પર પહોંચે છે. એકાદ બે વખત અંદરની ખોલી જે પ્રેક્ષાગૃહ તરફની છે, તેની દિશામાં દૃષ્ટિપાત કરી આગલી બાલ્કનીના મુખ્ય બારણા પાસે જઇને, બન્ને તરફ ડોકાવીને, જોઇને.... ખોલીમાં પાછો ફરે છે. એક કબાટમાંથી રંગીન બત્તીઓવાળું એક તોરણ કાઢે છે. ફટાકડાના અવાજ પ્રેક્ષાગૃહને ચમકાવતા રહે છે. પાટ પાસેનું ઊંચું સ્ટૂલ ઊંચકીને ટમટમતાં કોડિયાવાળા કઠેરાની લગોલગ ગોઠવે છે. પાટ પર ફગાવેલી વેણીને ઉપાડીને તખ્તાના જમણા ખૂણાની વિંગ પાસે આવીને, ચહેરા પર કૃત્રિમ હાસ્ય ઝળકાવીને શીલાની વાટ જોતો ઊભો રહે છે. શીલા બહાર આવે છે.)

**પ્રભાકર :**
મને માફ કરી દીધો કે નહીં ?

**શીલા :**
(દુઃખ દબાવીને ખસિયાણું હસીને.) હું પણ માફી માગું છું. મારા શબ્દોથી તમને દુઃખ થયું હોય તો.... (પ્રભાકર હાથ પહોળા કરીને શીલાને બાથમાં લઇને તેના ગાલ પર એક ચુંબન કરે છે, શીલા શરમાઇ જાય છે.) કોઇ જોઇ જશે !

**પ્રભાકર :**
(શીલાને ગોળ ફેરવીને એના અંબોડામાં વેણી બાંધે છે.) તું આજે એવી કામણગારી લાગે છે કે, કયારે રાત પડે અને તને ભીંસમાં......

**શીલા :**
બસ, બસ, બધાં બારીબારણાં ખુલ્લાં છે. બાજૂની ચંપાબાઇને ઓળખતા નથી? પોતે તો ત્રણ શેઠિયાની રખાત થઇને રહે છે, અને દરેકને વારા કરી આપ્યા છે. છતાં પડોશીઓની કૂથલી કરવામાં આઘુંપાછું જોતી નથી.

**પ્રભાકર :**
એ તો ગામની ઉતાર છે. ગલીના ગુંડા સિવાય કોણ એનું સાંભળે છે !

**શીલા :**
તોય, તમે એની સાથે ખિલખિલાટ વાતો કરો છો. એટલે તો મનફાવે ત્યારે આપણા ઘરમાં આવતી - જતી રહે છે. અને અચ્યુતને લાડ લડાવતી રહે છે. મારા દીકરા પર એનો પડછાયો પડે તે પણ મને ગમતું નથી.

**પ્રભાકર :**
એવા જ લોકોને લીધે વકીલનો ધંધો ચાલે. વાતવાતમાં એણે મને બે - ત્રણ કેસ લાવી ન આપ્યા ? એની કેડ છોડ. આજે રાતે હું તને છોડવાનો નથી. બસ એવી તો ભીંસમાં......

**શીલા :**
(પ્રભાકરના મોઢે હાથ મૂકીને બોલતો બંધ કરે છે.) બોલવાનું બંધ કરો....(આંખ ઢાળી દઇને) અચ્યુત સૂઇ જાય પછી જે કરવું હોય તે કરજો. (ધીરેથી પ્રભાકરની બાથમાંથી જાતને છોડાવી લઇને) ચાલો હવે, બારણા

પરના ફૂલનું તોરણ તમે લગાડો અને બાલ્કનીવાળું હું બાંધું છું.

**પ્રભાકર :**
મેં બધી તૈયારી કરી છે, હું જ બાલ્કનીનું લગાડું છું.

**શીલા :**
ના, આજે મને જ બાંધવા દો. આવતા વર્ષે તમે કરજો.

**પ્રભાકર :**
જેવી તારી મરજી, પણ આજ રાતનું આપણું ઍપોઇન્ટમેન્ટ પાકું હં......!

**શીલા :**
(ખભે નાખેલા છેડાને ગોળ ફેરવીને કમર પર ખોંસીને, હજી વધારે આકર્ષક સ્વરૂપમાં) એવી વસ્તુ માટે વરવહુ વચ્ચે ઍપોઇન્ટમેન્ટ હોતાં હશે ?

**પ્રભાકર :**
શિષ્ટાચારમાં માનવાવાળા લોકો બધી જ બાબતનાં ઍપોઇન્ટમેન્ટ રાખતા ને લેતા હોય છે.

**શીલા :**
એમ ! અને પછી....કોઇક વખત અધવચ્ચે (કાંડા ઘડિયાળ જોઇને) એમ તો નહીં કહોને કે ટાઇમ અપ !

**પ્રભાકર :**
હટ, અધવચ્ચે..... એમ રોકાતું હશે ?

**શીલા :**
તમે શિષ્ટાચારવાળા, તમારું શું કહેવાય ? (હસે છે. પ્રભકર પણ હસતો હસતો એને ટપલી મારવા જાય છે. શીલા ઝડપથી દોડીને સ્ટૂલ પર ચડી જાય છે, તોરણ ટાંગવા હાથમાં લે છે. છેડા પરનો પ્લગ પ્રભાકર તરફ ફેંકીને) લો,..... આને જોઇન્ટ કરો. (હાથ ઊંચકીને, પહેલેથી જ તૈયાર ખીલીઓ ઉપર તોરણ બાંધવાનું શરૂ કરે છે. કઠેરાની ઉપર એક પગ ટકવે છે. કઠેરો જૂનો છે, એટલે તે અને શીલા બન્ને ડગમગી ઊઠે છે. પ્રભાકર ચૂપચાપ તારનો છેડો પડતો મૂકે છે. સહેજ 'કટક્' અવાજ સાથે પ્લગ જમીન પર પડે છે. તેવામાં મંગળગીતોનો ગૂંજારવ પ્રબળ થાય છે. પ્રભાકર મકકમતા સાથે બે પગલાં

આગળ વધીને, પ્રેક્ષાગૃહ તરફ પીઠ રાખીને બન્ને હાથને ઊંચા કરીને..... સ્થિર, પળભર ઊભો રહે છે. તખ્તા પરની બધી જ લાઇટો બૂઝાઇ ગઇ છે. દીવડાના અસ્થિર, હવામાં ઝોલાં ખાતાં આછા પ્રકાશમાં એક ભૂતાવળનો પ્રસંગ રંગાય છે. ઊગામેલા બે હાથ વડે એક જ નાનો હડસેલો શીલાના શરીરને એ આપે છે. શીલા કઠેરા પરથી નીચે પડતી જાય છે. અને એક ધીમી કારમી ચીસ વિલીન થતી પ્રેક્ષાગૃહના વાતાવરણને ભેદતી અરેરાટી ઊભી કરે છે. તે જ વખતે તખ્તા પર સંપૂર્ણ અંધકાર છવાઇ જાય છે.

અંક બીજો

દૃશ્ય બીજું

– સમાપ્ત –

## અંક બીજો
## દૃશ્ય ત્રીજું

**સમય :**
બીજા દૃશ્યના આઠેક કલાક પછીનો, એટલે કે મોડી રાતના ત્રણ ચાર વાગ્યાનો.

**સ્થળ :**
એનું એ જ

**સન્નિવેશ :**
એ જ

**પ્રકાશયોજના :**
આખો પ્રસંગ એક સ્પોટના નાના વર્તુળની અંદર ભજવવો જોઇએ. વર્તુળનો એક કિનારો પાટ પર બેઠેલી ચંપા સુધી પહોંચે છે અને બીજો કિનારો ટાઇપરાઇટરની સામેની ખુરશી સુધીનો છે, જેના પર પ્રભાકર બેઠો છે

**ધ્વનિસંકલન :**
સ્થળ બીજા દૃશ્યનું હોવાને લીધે, એ જ ફટાકડાના અવાજો અને મંગળ ગીતો ચાલુ છે.

**પાત્ર પરિચય અને વેશભૂષા :**
પ્રભાકર અને ચંપાબાઇ

**પ્રભાકર :**
એ તો આગલા દૃશ્યના જેવો જ છે

**ચંપાબાઇ :**
બીજા અંકના પહેલા દૃશ્ય કરતાં ચંપાબાઇ પંદર વર્ષ નાનાં છે. પોશાક નવવારી સિલ્કની સાડીનો છે. એના હોઠ પાનથી રંગાયેલા છે અને આ અંકની શરૂઆતવાળી સૌમ્યતા ચહેરા પર નથી. એકદમ ભડાક ગોવાકર્ણીના

હાવભાવ અને ચેનચાળા સ્પષ્ટ છે.

**પ્રસંગ :**
બાલ્કનીવાળુ બારણું બંધ છે. તેની ઉપર ટક્...ટક્..... અવાજ થાય છે.

**પ્રભાકર :**
(તખ્તાની આગલી વિંગમાંથી બહાર આવીને બારણું ખોલે છે.) અરે ! ચંપાબાઇ તમે ! (કાંડા ઘડિયાળ જોઇને) સાડાત્રણ થયા, અમે પોલીસ સ્ટેશનથી હમણાં જ પાછા ફર્યા......

**ચંપાબાઇ :**
(કંઇ પણ બોલ્યા વગર ભારેખમ પગલે ખોલીની અંદર દાખલ થાય છે ને પ્રભાકર પાછલા પગે હટતો જાય છે. અંદર આવીને ફરી પાછા વળીને, બાલ્કનીનું બારણું અર્ધું વાસીને, જોરથી.) સરસ્વતીબાઇ, તુમી દાર જવળ જ બસા ! હે  દાર ઉઘડ ચ રાહીલ, મી હાક મારલી તેવ્હા ચ આત યાયચા. (ફરીને પ્રભાકર તરફ કરડાકીથી જોઇને) આ બારણું અડધું ખુલ્લું જ રહેશે.

**પ્રભાકર :**
અવશ્ય, ખુલ્લું જ રહેવા દો.

**ચંપાબાઇ :**
તમને વિચાર આવતો હશે કે, કલાક બે કલાક પહેલાંની મીઠું મીઠું બોલનારી ચંપા, પોલીસ સ્ટેશનથી પાછા ફરવાની સાથે કેમ બદલાઇ ગયેલી લાગે છે ? કલાક પહેલાં પડોશીઓને નરમાશથી વિદા કરનાર ચંપા, એકદમ  છાતી કાઢીને હુકમ કેમ ચલાવવા લાગી છે ! સમજાવું છું. સમજાવવા જ તો આવી છું. બેસો !......

**પ્રભાકર :**
પહેલાં તમે બેસો

**ચંપાબાઇ :**
હું તમારી રજા વગર પણ બેસીશ. તમે બેસો. એક વખત કહ્યું ને ! (ટેબલ

પાસેની ખુરશી પર પ્રભાકર અનિચ્છાએ બેસે છે. જમણી તરફની પાટ પર આરામથી ચંપા આસન જમાવે છે.) મેં બધા પડોશીઓને વિદાય એટલા માટે કર્યા કે મારે એકાંતમાં તમારી સાથે વાત કરવી હતી.

**પ્રભાકર :**

એકાંતમાં ! અત્યારે, સાડાત્રણ વાગે ? શીલાના અકસ્માત પછી મારા મનની હાલત જોતાં નથી ?......

**ચંપા :**

સવારે તો કોરોનર પાસે મડદું લેવા જશો. ત્યાં સુધીમાં બધાં સગાં વહાલાંઓ ભેગાં થશે. સાંજ સુધીમાં અગ્નિસંસ્કાર થશે. અને તે પછી તમે સ્નેહી સંબંધીઓ સાથે સંપૂર્ણ વીંટળાયેલા રહેશો. તમને વખત જ નહીં રહે. એટલે જ મારે અત્યારે વાત કરી લેવી છે.

**પ્રભાકર :**

પણ .....! હું થાકી ગયો છું.......

**ચંપા :**

વચમાં વચમાં ન બોલો તો મારું કહેવાનું બે મિનિટમાં પૂરું થશે. બહાર સરસ્વતીબાઈને પણ મારે વધારે વખત બેસાડી નથી રાખવી. એ સહેજ બહેરી છે, છતાં આપણે વાત ધીરેથી કરશું તો બિલકુલ એને કાને નહીં પડે.

**પ્રભાકર :**

કાને નહીં પડે !......ધીમા સાદે !.........હું સમજ્યો નહીં, ચંપાબાઇ !

**ચંપા :**

કેટલીવાર કહ્યું કે વચમાં ડબ ડબ કરવાની જરૂર નથી.

**પ્રભાકર :**

હા,.........હા, ચૂપ છું...બોલો !....

**ચંપા :**

આજે સાંજે જે આપઘાત બન્યો તે બારણાની આડમાં ઊભા રહીને મેં બરાબર

જોયો હતો. (થોડીક પળ શાંતિ છવાઇ રહે છે.) શીલાને જોરથી ધકકો મારતાં તમને જોયા હતા. (બીજી થોડીક પળની શાંતિ બાદ) મેં મારી નજરે, આ સગી આંખે શીલાનું ખૂન કરતાં તમને જોયા છે. હવે સમજાયુંને, મારે એકાંતમાં શું વાત કરવી હતી ?

**પ્રભાકર :**
એ તોરણ બાંધતી હતી .......મને ઊંબરાની ઠેસ લાગી ગઇ..... અને ધકકો લાગી ગયો. કઠેરો સડી ગયો હતો......ચોથામાળથી સીધી નીચે,......

**ચંપા :**
મારી આગળ જૂઠું બોલવાનો પ્રયત્ન નકામો છે. શીલાને બે હાથથી ધક્કો મારતાં મેં તમને નજરે જોયા છે. સવારના આઠ વાગે પોલીસ સ્ટેશનમાં જઇને આવું બયાન હું આપવાની છું. ખૂનનાં કારણો સહિત....

**પ્રભાકર :**
કારણો ?......કારણો શું હોઇ શકે ?

**ચંપા :**
તમે પરણીને અહીં રહેવા આવ્યા, ત્યારથી આ ચોથામાળનાં આપણે બે જ પડોશીઓ છીએ. શીલા અને હું બહેનપણી કદી બન્યા નહીં, પણ તમારી વચ્ચેના અનેક ઝગડા મેં કોમન બાલ્કાનીમાં ઊભા ઊભા સાંભળ્યા છે. આખરે શીલાએ થોડા દિવસ પહેલાં કબૂલ કર્યું હતું કે એની સૂરતની મિલ્કત બાબતમાં તમારા બન્ને વચ્ચે અવારનવાર બોલાચાલી થતી.આજ સાંજનો ઝગડો મેં અથથી ઈતિ સાંભળ્યો. જ્યાં સરસ્વતીબાઇ અત્યારે બેઠી છે, ત્યાંથી જ, તમે શીલાને તમાચો માર્યો તે પણ મેં જોયું. તમે સ્ટૂલને કઠેરાની બાજુમાં ગોઠવવા આવ્યા ત્યારે હું સહેજ ખસી ગઇ. (શાંતિ છવાઇ જાય છે.) ખેર!... અમુક શરતે હું હકીકત પર પડદો નાખવા તૈયાર છું.

**પ્રભાકર :**
(જેમ જેમ એક પછી એક વિગતો ચંપા આપતી જાય છે. તેમ તેમ તેનો ચહેરો બદલાતો જાય છે. આખરે શાણપણમાં ડહાપણ છે એમ સમજીને...) જ્યારે

બધું જ તમે જાણો છો ત્યારે... તમારી શરતો......?

**ચંપા :**
તમારે મારી સાથે લગ્ન કરવા પડશે

**પ્રભાકર :**
શું ? (સફાળો ખુરશીમાંથી ઊભો થઇ જાય છે.) શું ? એક બજારૂ વેશ્યા સાથે.....તમારા ત્રણ શેઠિયાઓની કહાણી તમે જ તો મને કહી હતી.

**ચંપા :**
હું વેશ્યા છું એ સત્ય છે. પણ હવે પછી રહેવાની નથી. (એકબીજા સામે તાકી રહે છે.) મારી ઉંમર થઇ. સંસાર માંડવાની વય આવી ગઇ છે.

**પ્રભાકર :**
પણ આજુબાજુનાં પડોશીઓ, ગામના લોકો,મારાં સગાં સંબંધીઓ શું કહેશે ?

**ચંપા :**
એ બધાનો મેં વિચાર કરી લીધો છે. હોહા, કર્યા વગર છાનાંમાનાં રજિસ્ટ્રી ઓફિસમાં જઇને લગ્ન કરી લેશું. અહીં તો આપણે પડોશી તરીકે જ રહીશું. થોડા વખતમાં શીલાની મિલ્કત જે હવે તમારી થઇ છે. તે વેચીને તમે લંડન જશો. ત્યાંથી બેરિસ્ટ્રી પાસ કરીને પાછા આવશો. તેટલો વખત અચ્યુતની દેખભાળ હું કરીશ. મા કરતાં વધારે હેત કરીશ. પાછા ફરો તે પહેલાં આ જગ્યા છોડી દઇને સારા લત્તામાં રહેવા ચાલી જઇશું. આખું સોશિયલ સર્કલ બદલાઇ જશે,...(પ્રભાકર આંટા મારતો એક પળ થંભી જાય છે.) મને અબઘડી તમારો જવાબ જોઇએ.

**પ્રભાકર :**
મને વિચાર કરવા વખત જોઇએ.

**ચંપા :**
માફ કરજો, વખત નહીં આપી શકું .......(ઊભી થાય છે, બાલ્કનીના બારણા પાસે જાય છે.) સરસ્વતીબાઇ ચલા, મી યેતે......

**પ્રભાકર :**
ના,ના, કયાં જાવ છો ? બેસો ! બેસો ! તમારી શરત મંજૂર છે. (ખડખડાટ હસી પડે છે.) એક પ્રશ્ન પૂછું ચંપાબાઇ ! મારાં ભવિષ્યનાં પત્ની ચંપાબાઇ ! (ખૂબ જોરથી હસે છે.) એક ખૂનીને પરણતાં તમને ડર નથી લાગતો ? (અટ્ટ હાસ્ય કરે છે. ચંપાની શાંત મુખમુદ્રા જોઇને, ધીરે ધીરે એનું હાસ્ય સૂકાઇ જાય છે.)

**ચંપા :**
એ મુદ્દા પર આવતી જ હતી. એ જ તો મારી બીજી શરત છે. આ ટેબલ પર બેસીને હમણાં સંપૂર્ણ કબૂલાત લખી નાખો. ખૂનનાં વિગતવાર કારણો સહિત એ દસ્તાવેજ મારા કબજામાં રહેશે. મને કંઇપણ થયું તો દસ્તાવેજ મુંબઇના પોલીસ કમિશ્નરના હાથમાં પહોંચી જાય એવી વ્યવસ્થા હું કરીશ. અબઘડી, એક પણ મિનિટ ગુમાવ્યા વિના, કોઇ પણ પડોશી કે સગા વ્હાલા ટપકી પડે તે પહેલાં કબૂલાત લખી, મારા હાથમાં સોંપી દો.

**પ્રભાકર :**
અને ન સોંપી દઉ તો ?

**ચંપા :**
(ઊભી થાય છે.) તો હું ચાલી.

**પ્રભાકર :**
(રસ્તો રોકીને) અને ચાલી જવા ન દઉ તો ?

**ચંપા :**
એટલા જ માટે સરસ્વતીબાઇને બહાર બેસાડી છે. કહો તો હાક મારું. અચ્યુત અંદરની ખોલીમાં છે, એને બોલાવું ? (પ્રભાકરને પરસેવો છૂટી પડે છે, એના હાથ હેઠા પડે છે.) ને બીજૂં ખૂન કેમ કરશો ? હું કઠેરા પર ઊભી નથી કે મને ફેંકી દેવાય ! ગળે ટૂંપો મારીને શબનું શું કરશો ? છૂરી, પિસ્તોલ એવું તો કંઇ તમારી પાસે છે નહીં ! ને હોય તોય શબનું શું ? (હસે છે.)

પ્રભાકર :
બે શરતો થઇ, ત્રીજી કોઇ છે ? હું લંડનમાં હોઉં ત્યારે પેલા ત્રણ શેઠિયાઓ સાથે આડ સંબંધ ચાલુ નહીં રાખો તેની શું ખાતરી ?

ચંપા :
એવી કોઇ બાંયધરી આપતી નથી, મારી ઉંમર થઇ છે. માસિક અટકાવ બંધ થઇ રહ્યો છે. તમે કહેશો કે વિષય વાસના તોય રહે છે. દાક્તરી દૃષ્ટિએ રહેતી હશે, પણ જિંદગીમાં શરીર સુખ કહો કે દુઃખ એટલું તો અનુભવ્યું છે કે હવે ઇચ્છા રહી નથી. મારે ગૃહસ્થી કરવી છે. અચ્યુતને દીકરા તરીકે ઉછેરવો છે. એની આંખ સામે જુનો ધંધો ચલાવવાનો ફાવશે પણ નહીં.

પ્રભાકર :
ઠીક છે, તમારી વાત માનવા જેવી લાગે છે. પણ લંડનથી પાછા ફર્યા પછી મારી શરીર ભૂખનું શું થશે ?

ચંપા :
પહેલી વાત એ કે લંડનમાં તમે છૂટથી હરો - ફરો એ મને કબૂલ છે. પાછા ફર્યા પછી સમાજની આમન્યા જાળવીને, મારું સ્વમાન ન ઘવાય એવી રીતે, જેની સાથે બેસવું હોય તેની સાથે બેસજો. હું તો તમારી પત્ની તરીકે, પ્રતિષ્ઠિત, પૈસાદાર, લંડન રીટર્ન બેરિસ્ટરની બૈરી તરીકે, સમાજમાં સ્થાન માગું છું. તમારી કારકિર્દીની આડે બિલકુલ નહીં આવું. ઊલટું મારા જાતકમાઇના છે તે પણ તમારા અને અચ્યુત માટે ખર્ચવા તૈયાર છું. ખરેખર, તમને બધી રીતે ઊંચા લાવવામાં, મદદ કરવા માગું છું.

પ્રભાકર :
સમજ્યો, વકીલનો સ્વભાવ એટલે પૂછાઇ ગયું.

ચંપા :
હા, અને છતાં એ... તમને બધી છૂટ આપવા પછીએ અતિ આગ્રહ હોય તો આ ચૂંથાઇ ગયેલા દેહને સોંપવા તૈયાર છું. પથારીની ભાગીદાર થવાની ના નથી પાડતી. જો કે હવે તમને જ એમાંથી કશું મળવાનું નથી.

**પ્રભાકર :**
તોય, મને જોઇએ તો ?

**ચંપા :**
તન, મન, ધનથી હું તમારી છું. શીલાની જેમ રસ્તામાં આવવાની નથી. તમારી ખ્યાતિ, આવક, સમાજમાં સ્થાન, બધું જેટલું વિકસે તેટલું કરવાનો તનતોડ પ્રયત્ન કરીશ. તમને ખબર હશે કે, અમને, બજારૂ વેશ્યાઓને, પોતાનો શબ્દ પાળવાની આદત હોય છે.

**પ્રભાકર :**
(થોડોક વખત વિચારમાં ડૂબી જઇને, પછી ખુરશી ટેબલની પાસે ખેંચીને) તો ચાલો, કોઇ આવે તે પહેલાં, અને સરસ્વતીબાઇ ઊંઘી જાય તે પહેલાં, તમે માગ્યો છે તેવો દસ્તાવેજ લખી આપું. (ટાઇપરાઇટરમાં કાગળ નાખીને ઝડપથી ટાઇપ કરે છે. થોડીક પળ કેવળ ટાઇપિંગનો "ટક્...ટક્" અવાજ તખ્તાની શાંતિને વધારે ઘેરી બનાવે છે. પ્રભાકર થોડીક પળ રોકાઇને પાછું ફરીને,..) પણ ચંપા ......! હવેથી હું ચંપા જ કહુંને ?

**ચંપા :**
લંડનથી પાછા ફરીને, મલબાર હીલ રહેવા જઇએ ત્યારે કહેજો. ત્યાં સુધી બીજા સામે હું ચંપાબાઇ જ રહીશ.

**પ્રભાકર :**
અત્યારે એકલા છીએ, એટલે ચંપા જ બરાબર છે...તો ચંપા ! બહાર ખરેખર સરસ્વતીબાઇને બેસાડી છે ?

**ચંપા :**
(આંટા મારતી અટકી જાય છે, માર્મિક સ્મિત કરીને,.......) અંદર બોલાવું ?

**પ્રભાકર :**
(ખટખડાટ હસીને) એ હોય ન હોય, શું ફરક પડે છે ? હવે તો આ પૂરું કરીને જ તારા હાથમાં સોંપવાનો છું (ફરી હસીને) સાચે જ ચંપા, તું જ મારે લાયક પત્ની છે અને હું તારે જ લાયક પતિ છું. (ધીરે ધીરે પ્રકાશ ઓલવાય

છે. ટાઈપરાઈટરનો ટક્ .......ટક્....અવાજ શમી જાય છે, અને ધ્વનિપ્રસારણ યંત્ર દ્વારા મિશ્ર, કરુણની સાથે આનંદિત, સ્વરો રજૂ થાય છે. પડદો પડે છે.)

– અંક બીજો સમાપ્ત –

## અંક ત્રીજો

**સમય :**
અંક બીજાના દૃશ્ય પહેલાથી એક દિવસ પછીનો એટલે કે, તા.૨.૭.૧૯૮૫ નો.

**સ્થળ :**
અંક પહેલાનું જ દૃશ્ય છે. તે જ હોટલનો ઓરડો, જેમાંથી નિશા અને અચ્યુતના અચેતન દેહો મળ્યા હતા.

**સન્નિવેશ, પ્રકાશયોજના, ધ્વનિસંકલન, બધું જ પૂર્વવત્ :**

**પાત્રપરિચય અને વેશભૂષા :**
ઈન્સ્પેક્ટર રીબેરો, રાહુલ, રામકૃષ્ણ, ચંપા, અચ્યુત અને પ્રભાકર.

**પ્રસંગ :**
પડદો ખૂલે છે ત્યારે ઈન્સ્પેક્ટર રીબેરો, રાહુલ અને રામકૃષ્ણ વેઈટરોની પીઠમાં પોતાની બેટનથી પરોણા મારતો હોય તેમ આગળ હડસેલીને દાખલ થાય છે. બન્નેને ડ્રેસિંગ ટેબલની નજદીક ઊભા કરે છે. અને પોતે ખુરશીના હાથા પર બેસે છે. વેઈટરોનાં મોઢાં એકદમ વિલાં થઈ ગયાં હોય છે. એમના યુનિફોર્મ ચોળાયેલા ને મેશવાળા થઈ ગયા છે.

**રીબેરો :**
રાહુલ !

**રાહુલ :**
જી સાબ !

**રીબેરો :**
રામકૃષ્ણ !

રામકૃષ્ણ :
(હાથ જોડીને થરથરતાં) જી,.......જી,.......હમને ખૂન નહીં કિયા સાબ.

રીબેરો :
(બેટન ડાબા હાથની હથેળીમાં વારંવાર મારતાં) ચૂપ ! જેટલું પૂછું એટલાનો જ જવાબ આપવાનો. (ઊભો થઇને બન્નેની પાસે જઇને) તમે બન્ને રૂમમાં દાખલ થયા ત્યારે ખરેખર શું જોયું ? અહીં આ બારણા અને સોફાસેટની વચમાં અચ્યુત ઢળી પડયો હતો. (જેમ બોલતો જાય છે તેમ જુદીજુદી જગ્યાઓ દર્શાવતો, તે દિવસની સવારનું ચિત્ર ફરી ખડું કરતો જાય છે.) નિશાનું બેભાન શરીર અહીં ખાટલા પર હતું. એની પર્સ કયાં હતી ?

રાહુલ :
હમે નહીં માલૂમ સાબ (રીબેરો જોરથી એને એક ઘોલ મારે છે. રાહુલ લગભગ બેવડો થઇ જાય છે.)

રામકૃષ્ણ :
સાબ, ડ્રેસિંગ ટેબલ પર થી.

રીબેરો :
પર્સ કિસને ઉઠાઇ ?

રામકૃષ્ણ :
સચ બોલતા હું, મૈને નહીં ઉઠાઇ.

રીબેરો :
(રાહુલ તરફ ફરીને, બેટનને તેના પેટમાં ઘુસાવીને.) તો પછી તેં ઉઠાવી હશે.

રામકૃષ્ણ :
(કાંપતાં) હા સાબ, ઇસને હી ઉઠાઇ.

રીબેરો :
(ત્રાડ પાડીને, ડરાવતાં...) રાહુલ !

રાહુલ :
(કળ વળી ગઇ છે એટલે એક હાથે પેટ દબાવીને...) જી,...જી....ઉઠાઇ થી.

રીબેરો :
ઉસમેંસે કિતને પૈસે નિકાલે ?

રામકૃષ્ણ :
મુઝે સિર્ફ સો રૂપિયે ઇસને દિયે. જબરજસ્તી ઉસને મેરે ઉપરકે ખીસેમેં ડાલ દિયે. વો નોટ થાણેમેં દર્જ હો ગઇ હૈ.

રીબેરો :
રાહુલને કિતને લિયે ?

રાહુલ :
(આખરે કબૂલ કરી લેતાં) મૈને સિર્ફ ચારસો રખ લિયે થે. (પોતાના બૂટની અંદરનું તળિયું આમતેમ કરીને ઘડી વાળેલ ચાર નોટો કાઢીને ઇન્સ્પેક્ટરને ધરે છે.)

રીબેરો :
ઇસ ટેબલ પર રખ (બેટનથી સોફાસેટ વચ્ચેનું ટેબલ ચીંધે છે.) દેખો ! યે ખૂનકા મામલા હૈ, અમને નાની ચીભડાં ચોરીમાં મુદ્દલ રસ નથી.

રામકૃષ્ણ :
વો સાબકા બગલથૈલા ઇસ સોફા પર થા, ઉસમેંસે રાહુલને એક ઘડી નિકાલી થી.

રાહુલ :
(રામકૃષ્ણ તરફ એક ગુસ્સાની અને ગ્લાનિની મિશ્રિત નજર ફેંકીને,) સાબ હમે માફ કર દો. હમ સિર્ફ મામૂલી ચોર હૈં. હમ બડે ખૂની નહીં, મૈંને ઘડી ઇધર લોબીકે કાર્પેટ કે નીચે હી એક કોનેમેં છીપાઇ થી. કહો તો અભી હાજર કર દું.

રીબેરો :
ભાગનેકી કોશિશ કી તો....

રાહુલ :
હમ ભાગકર કિતને ભાગેંગે ? (ઝડપથી ઓરડાની બહાર જાય છે.)

રીબેરો :
(રામકૃષ્ણને ધમકાવીને) બીજું શું ઊઠાવ્યું ? સાફ સાફ કહી દે.

રામકૃષ્ણ :
ઓર કુછ નહીં સાબ, ઓર કુછ નહીં. આપ કિતના ભી મારલે ફિર ભી સચ બોલતા હું કિ ન તો કુછ મૈંને લિયા ન તો રાહુલને (એવામાં રાહુલ ઘડિયાળ લઈને પાછો ફરે છે, ને સેન્ટર ટેબલ પર મૂકે છે. રીબેરો એની વળેલી પીઠ પર જોરથી બેટનનો ફટકો મારે છે અને રાહુલ જમીનદોસ્ત થઈ જાય છે.)

રીબેરો :
હીરાનો હાર કયાં છુપાવ્યો છે ?

રાહુલ :
(જમીન પર જ સરકતો ઇન્સ્પેક્ટરના બૂટો પર બે હાથ મૂકીને લગભગ રડી દેતાં) સાબ, વો હીરાકા હાર મૈંને નિશા બેન કે ગલે પર ભી નહીં દેખા થા. વો આયી તબ પહેનકે નહીં આયી થી. ઇતની બડી ચોરી કરનેકી હમારી તાકત નહીં હૈ. હમ વો હારકે બારે મેં કુછ નહીં જાનતે.

રામકૃષ્ણ :
(જમીન પર ઘૂંટણ ટેકવીને હાથ જોડીને કરગરતાં) સાબ, ન તો વો હાર હમને દેખા હૈ ન તો ઉસકે બારે મેં હમ કુછ જાનતે હૈં. જબ રાહુલને પર્સમેંસે નોટ નિકાલી તબ વહાં હાર નહીં થા.

રીબેરો :
(એ વિચારમાં ગરકાવ થઈને તખ્તાના પૃષ્ઠ ભાગમાં એક છેડેથી બીજા છેડા

સુધી આંટા મારે છે. રાહુલ અને રામકૃષ્ણ હાથ જોડીને એની સામે જોયા કરે છે. પછી નિર્ણય પર આવી જતાં.....) અચ્છા દેખ લેંગે... (વેઇટરોને ઉદ્દેશીને) અબ ખડે હો જાવ. (કાંડાનું ઘડિયાળ જોઇને) મારી પાસે અત્યારે વખત નથી. (બન્નેને ઢોરની જેમ બેટનના પરોણિયાથી રૂમની બહાર કાઢતાં અને તેમની પાછળ જતાં..જતાં...) હવાલદાર ! ઇન દોનોં કો ઉધર બેંચ પર બીઠાકે રખો. (ત્રણે જણા બહાર જાય છે. રીબેરો પાછો આવે છે ને સેન્ટર ટેબલ પરના ટેપરેકૉર્ડને ઊંચકીને પાછું મૂકે છે. એ બધું ઠીકઠાક કરતો હોય છે. તેવામાં જ ચંપાતાઇ દાખલ થાય છે.)

**ચંપા :**
નમસ્તે, ઇન્સ્પેક્ટર રીબેરો (રીબેરો આગળ વધીને એમને આવકાર આપે છે.)

**રીબેરો :**
નમસ્તે, આપણ આલાત્ તે બરા ઝાલા. ઇથે બસા.

**ચંપા :**
(ધીરે ધીરે આગળ આવે છે. ચારે તરફ જુએ છે.) હીચ, તી જાગા ? ઇથે જ અચ્યુત આણિ નિશા....

**રીબેરો :**
એટલે જ મેં તમને ખાસ અહીં બોલાવ્યાં. તમને ટેપ સાંભળવી હતી એવું તમે મને ફોનમાં કહ્યું. એટલે મને થયું કે તમને એ જ જગ્યાએ સંભળાવું જ્યાં એ રેકૉર્ડ થઇ હતી. (ચંપા એક સોફાખુરશીમાં બેસીને નિઃશ્વાસ નાખે છે.)

**ચંપા :**
આ બધું કેમ બન્યું એ જ સમજાતું નથી ! અમારો સુખી સંસાર હતો. અચ્યુતને હમણાં હમણાં જ સારી નોકરી મળી હતી. અચ્યુતના પિતાની ધમધોકાર પ્રેક્ટિસ ચાલે છે. હું સોશિયલ વર્ક થોડું ઘણું કરું છું. આવું બન્યું જ કેમ ? કેટલાય દિવસથી મને તો રાતના ઊંઘ નથી આવતી.

**રીબેરો :**

મારે તમારી પાસેથી માહિતી જોઇએ છે. પણ તે, આ ટેપ સાંભળી લઇએ પછી પૂછીશ. તમે આરામથી બેસો. (રીબેરો ટેપ શરૂ કરે છે. અને પહેલા અંકના પહેલા દૃશ્યની ઘટનાઓનું પુનરાવર્તન શરૂ થાય છે. – એ જ પાઇપ પડવાનો અવાજ, થપથપાટ અને ઘંટીનો રણકાર વગેરે અવાજોથી શરૂઆત થાય છે. આ દરમ્યાન પ્રકાશ મંદ બનીને લગભગ અંધકાર છવાઇ જાય છે. ફરી પાછો પ્રકાશ પ્રજ્જ્વલિત થાય ત્યારે ટેપનો અંત આવી ચૂક્યો હોય છે. નિશાનો છેલ્લો સંવાદ પૂરો થાય છે. અને અલીઅકરની સરોદનાં સૂરો ફેલાવા લાગે છે. તેવામાં.......)

**ચંપા :**

(ટેપ સાંભળતાં સાંભળતાં ચંપા અતિવ્યાકુળ બની જાય છે. એનો શ્વાસોચ્છ્વાસ ઊંડો બને છે અને વચમાં વચમાં એ ઊભી થઇને એકાદ બે આંટા મારીને કોઇકવાર ખુરશીના હાથા પર તો કોઇકવાર પલંગ પર બેસી જાય છે. રીબેરો બધું શાંત ચિત્તે નીરખ્યા કરે છે. જેવી ટેપ પૂરી થાય છે અને સરોદના સૂર સંભળાય છે કે ચંપાની વ્યથા ખૂબ વધી જઇને એ બોલી પડે છે.) હાય! હાય ! બિચારી નિર્દોષ નિશા ! મારો શ્વાસ ઘૂંટાય છે..... મને પાણી આપો..... (રીબેરો ટેપને બંધ કરવા જતો જ હોય છે. તેવામાં એનું ધ્યાન ચંપાની હાલત પર જાય છે. એ ઊભો થઇને એકાદ છાપું લઇને ચંપાને પવન વીંઝે છે. પછી પાછું છાપું પલંગ પર મૂકી દઇને બેડસાઇડ ટેબલ પરથી લોટો લઇને ડ્રેસિંગટેબલ પરના ગ્લાસને ઊંચકીને તેમાં પાણી રેડે છે અને ચંપાને આપે છે.)

**રીબેરો :**

શું થયું ચંપાતાઇ ? તમારી તબિયત તો બરાબર છે ને ? છાતીમાં દુઃખે છે ? ડોક્ટરને બોલાવું ? (ઇન્સ્પેક્ટરના હાથમાંથી ગ્લાસ લઇને ચંપા પાણી પીવાનો પ્રયત્ન કરે છે. તે દરમ્યાન ટેપ ચાલુ જ રહી જાય છે અને નિશાની રેકૉર્ડર સાથેની મથામણ વ્યકત થાય છે. રેકૉર્ડરની ચાંપો દબાવવાનો અને 'ત્રુટક - ત્રુટક' નિશાનો અવાજ આવે છે.... "આ સરખું ચાલતું કેમ નથી ?" વગેરે શબ્દો ઓચિંતા સંભળાય છે. રીબેરો ચોંકી ઊઠે છે. કારણ એણે હંમેશાં

સરોદના સૂર વખતે ટેપ બંધ કરી દીધી હોય છે. એ પછી પણ નિશાનો સંવાદ હશે એવો અણસાર પણ એને આ પહેલાં કદી થયો ન હતો.) ઓ ગૉડ ! હું કેટલો મહામૂર્ખ કે મેં ટેપ છેવટ સુધી કદી સાંભળી નહીં ...!

**નિશાનો અવાજ :**
અરે, અચ્યુત આ કેસેટ પ્લેયરને માટે ખાસ ટેબલ લેમ્પમાં જોડવાનું સૉકેટ તું લઇ આવ્યો હતો ? તને કેવી રીતે ખબર કે બે પીનનો નહીં પણ બલ્બમાં બેસે તેવો સૉકેટ જોઇશે ? (પળ બે પળની શાંતિ પછી સહેજ થોથવાતા સ્વરે....) અલિ અકબરની સરોદ કેમ બંધ થઇ ગઇ ? અચ્યુત ! આપણા બન્નેની વાતચીત આ કેસેટમાં કેવી રીતે આવી ? તું મુડદા જેવો કેમ પડયો છે ? હું પરલોકમાંથી તારી સાથે વાત કરું છું ? સમજી....તું, સરોદની કેસેટ લાવ્યો જ નથી. આપણી બેની વાતચીત રેકૉર્ડ કરવા સારું આ કેસેટ પ્લેયરને તેં ગોઠવ્યું હતું. પણ તે શું કામ ? બન્ને રાજીખુશીથી આપઘાત કરીએ છીએ તેનો પુરાવો પોલીસને મળે એટલે ? પણ આપણા લખેલા કાગળો તો છે જ. અને જો... આ હાર .....તું બટન નહીં ખોલે તો કાંઇ નહીં, હું મારા હાથે ખોલી નાખું છું. હવે શરમાવાનું શું છે ? આ સ્તનને તેં આજ પહેલા કેટલીએ વાર પંપાળ્યા છે, ચૂસ્યા છે, મસળ્યા છે. તને ખબર છે ? આજે હું મૂર્ખી, પિલ ખાઇને આવી છું. હંમેશની જેમ. જો કે એની જરૂર નહોતી, અને .....(ટેપ પર ફંફોળવાનાં અસ્પષ્ટ અવાજ આવે છે.) મારી ચરસની સિગારેટ કયાં ગઇ ? લાવ, એક દમ મારું (એ ઝીણું ઝીણું "આપ જૈસા કોઇ મેરી જિંદગીમેં આયે તો બાત બન જાએ" એ ગીત ગણગણે છે અને ટેપ બંધ થઇ જાય છે.)

**રીબેરો :**
તમે માનશો નહીં ચંપાતાઇ, પણ આ છેલ્લો ભાગ તો મેં પણ પહેલી વખત આજે સાંભળ્યો.

**ચંપા :**
ઇન્સ્પેક્ટર રીબેરો, મારે તમને એક અગત્યનું બયાન આપવું છે.

**રીબેરો :**
(એ ટેપનો નવો હિસ્સો સાંભળીને એટલો ઉશ્કેરાઇ ગયો હોય છે કે તે ચંપાની

વાત સાંભળતો જ નથી.) આ છેલ્લો હિસ્સો તો મારી મૂળ શંકાને દૃઢ બનાવે છે. અચ્યુત કેસેટ પ્લેયર લાવ્યોતો જ શું કામ ? (ઉશ્કેરાટમાં એ આમથી તેમ આંટા મારે છે.)

ચંપા :
ઈન્સ્પેક્ટર હું કશું જ છુપવવાની નથી. જે થવાનું હોય તે થાય. મારે એકરાર કરવો છે.

રીબેરો :
(એ પોતાની જ માનસિક ગડમથલમાં ગુલતાન છે.) અચ્યુતને પહેલેથી કેવી રીતે ખબર પડી કે બલ્બ સૉકેટવાળો પ્લગ લાવવો પડશે ? એ જરૂર પહેલાં આવીને રૂમ જોઇ ગયો હશે. પેલા વેઇટરોને......(ચંપા તરફ અચાનક ફરીને) ચંપાતાઇ તમે અહીં જ બેસો, હું પેલા બે ચીભડાચોરોને પકડી લાવું છું. (એ બારણા પાસે ફલાંગો ભરીને પહોંચી જાય છે.).

ચંપા :
એની હવે જરૂર નથી, હું તમને એક દસ્તાવેજ આપવા માગું છું.

રીબેરો :
જરૂર છે જ, ખૂબ જ છે. તમે એક મિનિટ બેસો. (ચંપા પોતાની પર્સમાંથી કાગળિયા કાઢવાનો યત્ન કરતી હોય છે અને ઈન્સ્પેક્ટર બહાર ચાલી જાય છે. ચંપા આશ્ચર્ય ચકિત થઇને દસ્તાવેજને ખાલી બારણા તરફ ધરીને, આવાક્ બનીને જોતી રહે છે. અને એક - બે પળમાં ઈન્સ્પેક્ટર રાહુલ અને રામકૃષ્ણને પહેલાંની જેમ બેટનથી ઘોંચ પરોણો કરતો અંદર લઇ આવે છે. બન્ને વેઇટરો ચંપાને જોઇને સલામ કરીને ડ્રેસિંગ ટેબલ પાસે ટટ્ટાર ઊભા રહે છે.)

રીબેરો :
સચ, સચ, બોલદો નહીં તો ચામડી ઉતારી લઇશ...૨૭ મી જૂને, જ્યારે આ બનાવ બન્યો તે પહેલાં અચ્યુત કદી આ હોટલમાં આવ્યો હતો ?

**રાહુલ :**
જી, હા સાબ, જિસ ગુરુવારકો યે સબ હો ગયા ઉસકે બરાબર દો દિન પહલે વે આયે થે.

**રીબેરો :**
(ધારણા ખરી પડી હોવાથી, પુલકિત થઇને) અચ્છા ! કયાં આવ્યો હતો ? કોને મળ્યો હતો ?

**રામકૃષ્ણ :**
મૈં ઉનકો મેનેજર કે પાસ લે ગયા થા. બાદમેં કયા હુઆ વો મુઝે પતા નહીં.

**રાહુલ :**
બાદમેં કયા હુઆ વો મુઝે પતા હૈ, મેનેજરને ઘંટી મારકે મુઝે બુલાયા. મુઝે કહા કિ ઉનકો ૪૦૧ વાલા કમરા દિખાઓ.

**રીબેરો :**
યહી કમરા ? યહી કમરા થા ?

**રાહુલ :**
હા સાબ, યહી ચારસો એક નબંરવાલા કમરા, મૈં ઉનકો યહીં લાયા થા.

**રીબેરો :**
પહલે કયું નહીં બતાયા ?

**રાહુલ :**
આપને કભી પૂછા નહીં ! નહીં તો મૈ કયું છૂપાતા ? મુજે લગા આપકો પતા હોગા.

**રીબેરો :**
ઠીક હૈ, ઠીક હૈ..... અચ્યુત અને તારી વચ્ચે શું વાત થઇ ?

**રાહુલ :**
(હવે પછીનો સંવાદ બોલતો જાય છે. તેમ ક્રિયા કરી બતાવે છે.)હમ દોનોં કમરે મેં આયે, ઉન્હોંને પૂછા કિ હૉટેલમેં આજકલ ભીડ જ્યાદા રહેતી હૈ

ક્યા ? મૈંને બતાયા ઐસા નહીં હૈ. બહોતસે કમરે ખાલી રહેતે હૈં. અચ્યુત સાબને કહા કિ ગુરુવારકે લિયે વો ઈસ કમરેકા બુકિંગ કરનેવાલે હૈં, આજ સિર્ફ દેખને આયે હૈં.મૈંને કહા શોખસે દેખ લીજિયે. વે ફિર પલંગકે પાસ ગયે. ચદ્દર ઔર ગદ્દી ઉઠાકે ઉન્હોંને સબકુછ સાફ સુથરા હૈ કિ નહીં વો દેખ લિયા.

**રીબેરો :**

(રાહુલ ગાદલાનો ખૂણો ઊંચકીને અચ્યુતની ક્રિયા દર્શાવતો હોય છે તેવામાં એનો હાથ પકડી લઈને ) આમ ઊંચક્યું હતું ? (રાહુલને હટાવીને એ ગાદલાનો એક છેડો સંપૂર્ણ રીતે વાળીને પલંગ તરફ તાકી રહે છે.) અહીંયાં છે શું ? (લગભગ મનમાં) અહીંયાં એવું છે શું ? .....(રાહુલને) પછી શું થયું ? (ગાદલાનો છેડો વાળેલો એમને એમ રહેવા દઈને રીબેરો રાહુલની પાછળ પાછળ બેડસાઈડ ટેબલ પર પહોંચે છે.)

**રાહુલ :**

ફિર ઘૂમકે ઈસ ટેબલ પાસ પહુંચે. ઈસ ફૂલદાનીકો ઈધર ઉધર હિલાયા. લોટે કો ઉઠાકર રખ્ખા. ટેબલ લેમ્પકી સ્વિચ દબા કે ઓન કિયા. શેડકો અંદર ઝાંકકે દેખા, ફિર ડ્રેસિંગટેબલ કે પાસસે હોતે હુએ કમરેકે દરવાજે કે પાસ પહુંચે ઔર હમસે પૂછા કિ "ડુ નોટ ડિસ્ટર્બ" વાલી પ્લેટ કહાં હૈ ? મૈંને ડ્રેસિંગટેબલ પરસે વો પ્લેટ ઉઠાકે ઉનકો દિખાયા કિ વો પ્લેટ યહીં રખી જાતી હૈ. ઉન્હોંને પ્લેટ ઉઠાકર દરવાજે કે ઉપર લગાયા ઔર ફિર નિકાલકે હમેં વાપીસ દિયા. હમ દોનોં કમરેસે બહાર નિકલે ઔર મૈંને ફિરસે કમરે કા દરવાજા બંધ કર દિયા ! (એ બારણું વાસતો હોય છે. તેવામાં રીબેરો તેને અટકાવી દે છે.)

**રીબેરો :**

ઠીક હૈ....સમજી ગયો ......અચ્છા એ ગુરુવાર પછી પાછો કદી અચ્યુત અહીં આવ્યો હતો ?

**રાહુલ :**

સાબ, ઉસ દિન કે બાદ હમ લોકપમેં બંદ થે. હમેં ક્યા પતા ?

**રીબેરો :**

(પોતાની ભૂલ સમજી જઇને) અચ્છા, અબ તુમ દોનોં જાઓ. ત્યાં હવાલદારની પાસે બાંકડા પર બેસો ! (બારણા આગળની લોબીમાં ઊભો રહીને, આંગળી ચીંધીને બેસવાની જગ્યા બતાવીને બન્ને વેઇટરોને રવાના કરે છે. રાહુલ અને રામ પહેલાં ચંપાને અને પછી રીબેરોને એક એક સલામ બજાવીને જાય છે. ઇન્સ્પેક્ટર પાછો રૂમમાં આવીને પલંગની પાસે ઊભો રહીને એના માળખાને હલાવીને લગભગ સ્વગત) આ ખાટલામાં માળું છે શું ? (ઓચિંતો ચંપાનો ખ્યાલ આવતાં તેની તરફ ફરીને) સોરી મિસિસ લિમયે. તમે કંઇ કહેતાં હતાં ? (ચંપા ફરીથી પર્સમાંથી કાગળ કાઢવા જાય છે. દરમ્યાન રીબેરો ફરી એકવાર વિચારમાં ડૂબી જાય છે.) આપઘાતના દિવસ પછી તો અચ્યુત અહીં આવ્યો જ નહીં હોય. ત્રણ દિવસ તો હોસ્પિટલમાં હતો. (ફરીથી વિચારમાં ખોવાઇ જાય છે.)

**ચંપા :**

(ફરી પાછો કાગળ કાઢીને ઇન્સ્પેક્ટર સામે ધરે છે.) આ લો ! (થોડો વખત સુધી રીબેરોની સામે એ કાગળ ધરી રાખે છે.)

**રીબેરો :**

(ધરેલી વસ્તુ હાથમાં લીધા વગર) આ છે શું ? મને શું કામ આપો છો ?

**ચંપા :**

વાંચો એટલે સમજાઇ જશે.

**રીબેરો :**

(હજી કાગળ લેતો નથી.) પણ એમાં શું લખ્યું છે ?

**ચંપા :**

એમાં શ્રીયુત પ્રભાકર લિમયેએ એકરાર કર્યો છે કે એમણે સ્વહસ્તે કઠેરા પર ઊભેલી એમની પહેલીવારની પત્ની શીલાને ધકકો મારીને ચારમાળથી ફેંકી દીધી હતી.

**રીબેરો :**
(ચંપાના હાથમાંથી કાગળ એકદમ ઝૂંટવી લેતાં ) શું કહો છો ? (ઝડપથી વાંચે છે તે દરમિયાન તખ્તાપર શાંતિ) ઘણી જૂની વાત છે. જો કે મર્ડર ઇઝ નેવરટાઇમ બાર્ડ (ઊભો થઇને ) તેનો હોટલની ઘટના સાથે શો સંબંધ ? આ કાગળ તમારી પાસે કેવી રીતે આવ્યો ?

**ચંપા :**
સીધો સંબંધ છે. ગાઢો સંબંધ છે. ભૂલ મારી છે કે મેં પ્રભાકરભાઇ સાથે સોદો કર્યો. મારાં કરેલાંનાં ફળ હું ભોગવવા તૈયાર છું, પણ આ ખૂની બાપ દીકરાને સ્વતંત્ર ન જ છોડાય. અચ્યુતે તો હદ કરી નાખી.

**રીબેરો :**
ખૂની બાપ દીકરા ? એટલે ? અચ્યુત ખૂની ?

**ચંપા :**
જી હા, પ્રભાકર અને શીલા વચ્ચેનો ઝાગડો જેમ મેં બાલ્કનીમાંથી સાંભળ્યો તેમ અચ્યુતે અંદરની ખોલીમાંથી સાંભળ્યો. શીલા મોઢું ધોવા અંદર ગઇ ત્યારે એ મોરીના પાણિયારા પાછળ સંતાઇ ગયો, અને પછી રાત્રે મેં અને પ્રભાકરે સોદો કર્યો તે પણ અંદરની ખોલીમાં બારણા આડે ઊભા રહીને એણે સાંભળ્યું. એના કુમળા મન પર આ બીનાએ ખૂબ ઘેરી અસર કરી.

**રીબેરો :**
(મૂંઝવણમાં) મને કંઇ જ સમજાતું નથી. તમે કહો છો તેમાંનું કંઇ સમાજાયું નથી.

**ચંપા :**
હું માંડીને વાત કરવા માગું છું.ફક્ત કયાંથી શરૂ કરું તે મને જડતું નથી. તમે વચમાં વચમાં મને રોકશો નહીં એટલી વિનંતી છે. મને મારી રીતે બધું કહેવા દો. કહી નાખવા દો. હું અને પ્રભાકર આજથી પંદર વર્ષ પહેલાં ગિરગામની ભાઇ જીવનજી લેનની એક ચારમાળની ચાલમાં, સૌથી ઉપરના ચોથામાળા પરના, પડોશીઓ હતાં. મારા કબજામાં ત્રણ ગાળા હતા અને પ્રભાકર અને શીલા એક ગાળાની બે ખોલીમાં લગ્ન કરીને રહેવા આવ્યાં હતાં. (ચંપા બોલતી

જાય છે તેમ તખ્તા પરનો પ્રકાશ મંદ થતો જાય છે. રીબેરો વળીને એમની વાત સાંભળતો હોય છે. ચંપાનો અવાજ ધીરે ધીરે વિલીન થઇ જાય છે. જ્યારે પ્રકાશ ફરી પ્રજ્જવલિત થાય છે ત્યારે રંગભૂમિ પર ફકત ઇન્સ્પેક્ટર રીબેરો હોય છે. ચંપા દેખાતી નથી. એકાદ બે પળ પછી અચ્યુત અને પ્રભાકર દાખલ થાય છે.)

**પ્રભાકર :**
ગુડ આફટ્રનૂન, ઇન્સ્પેક્ટર રીબેરો.

**રીબેરો :**
(માથું ઊંચુ કરીને બાપ દીકરાની જોડી તરફ તાકી રહે છે, એ ઊભો થઇને આવકાર આપતો નથી. પ્રભાકર અને અચ્યુત સહેજ વિમાસણમાં પડી જાય છે. આગળ આવીને સોફા આગળ ઊભા રહે છે અને રીબેરોના બેસવાના આમંત્રણની રાહ જુએ છે. ઇન્સ્પેક્ટર કંઇ બોલતો નથી એટલે પ્રભાકર બેદરકારીથી સોફાપર બેસે છે. અચ્યુત ઊભો જ રહે છે. તેને ઉદ્દેશીને) સિડાઉન !

**પ્રભાકર :**
અમે એક કલાકથી નીચે ઊભા હતા. તમારો હવાલદાર અમને બોલાવી લાવ્યો એ પછી તમારા તરફથી કોઇ જ સૂચના તેમને આપવામાં આવી ન હતી. અમને તેઓ જવા દેવા પણ તૈયાર ન હતા. મારું કોર્ટનું બધું કામ પડતું મૂકાવીને અમને નીચે બેસાડી રાખવાનો શો અર્થ છે ?

**રીબેરો :**
અર્થ ! સમજાશે. (અચ્યુત તરફ ફરીને) ૨૭મી જૂનના ગુરુવારે જ્યારે આ બનાવ બન્યો તેના બે દિવસ પહેલા મંગળવારે તું આ રૂમ જોવા શું કામ આવ્યો હતો ? (અચ્યુત પાછું ડોકિયું કરીને ગાદલાનો વીટેલો કિનારો જોઇને ચોંકી ઊઠે છે, એની જીભ થોથવાય છે.) જી......જી.......અં.....

**પ્રભાકર :**
જસ્ટ મિનિટ, રીબેરો.....

**રીબેરો :**
મને ઈન્સ્પેક્ટર કહો અથવા ઈન્સ્પેક્ટર રીબેરો.

**પ્રભાકર :**
સૉરી ! (અચ્યુત તરફ ફરીને) તું આ ઘટનાના બે દિવસ પહેલાં ખરેખર આ રૂમમાં આવ્યો હતો ?

**અચ્યુત :**
(ગેંગે ફેંફે થઈ જતાં.....) એડવાન્સ્.....રિઝર્વેશન.....પહેલેથી પૈસા આપવા આવ્યો હતો.

**રીબેરો :**
એ તો નીચે, રિસેપ્શન કાઉન્ટર પર થઈ શકતે. રાહુલ વેઈટરને લઈને આ રૂમ તપાસવા શું કામ આવ્યો હતો ? (પ્રભાકર હવે શાંત થઈ જાય છે. અચ્યુતની સામે ટગર ટગર જોયા કરે છે.)

**અચ્યુત :**
(એને પરસેવો છૂટી પડે છે.) મને એમ કે રૂમ, નિશાને પસંદ આવે કે નહીં ?.....

**રીબેરો :**
એણે તો આવતાંની સાથે તારો ઉધડો લઈ લીધો. (ટેપરેકૉર્ડર પર ટકોરા મારે છે.) નિશા જેવી લખપતિ છોકરીને આવો ગંધાતો રૂમ ક્યાંથી પસંદ આવવાનો હતો ? (ફરી એકવાર ટેપરેકૉર્ડર પર ટકોરા મારીને) એ તો છેલ્લે સુધી આ જગ્યા છોડીને બીજે જવાનું કહેતી હતી, તને આજીજી કરી રહી હતી. તારો જ આગ્રહ રહ્યો આ રૂમ વાસ્તે. એવી શું ખૂબી છે આ રૂમમાં ?

**પ્રભાકર :**
વોટ ડઝ ઈટ મેટર .......?

**રીબેરો :**
પ્લીઝ ડોન્ટ ઈન્ટરપ્ટ. તમારો વારો આવે ત્યારે તમે બોલજો. (અચ્યુત તરફ

ધ્યાન ફેરવીને..) યસ,.....મિસ્ટર અચ્યુત, બાપાના પ્રોમ્પ્ટિંગ વગર જવાબ આપો.

**અચ્યુત :**
મને રૂમ ઠીક લાગ્યો હતો.

**રીબેરો :**
(ઊભો થઈને ખાટલા પાસે જાય છે. અચ્યુતનો શ્વાસ અધ્ધર થઈ જાય છે. રીબેરો જાણી જોઈને ખાટલાને ગોળ ફરીને બેડસાઈડટેબલ પર જઈને) કે એ જોવું હતું કે, બે પીનના પ્લગની જગાએ બલ્બના સૉકેટમાં ફિટ થાય તેવો પ્લગ ટેપરેકૉર્ડર સાથે લાવવો ? એ ટેપરેકૉર્ડર તું લાવ્યો હતો શા માટે ? અને નિશાથી છુપાવીને કેમ ચાલુ કર્યું ?

**અચ્યુત :**
નિશાને મારી અલિ અકબરની કેસેટ ખૂબ ગમતી. એણે મને લઈ આવવા કહ્યું હતું. એટલે મંગળવારે રૂમ જોતી વખતે મેં બલ્બસૉકેટમાં બેસે તેવો તાર લાવવાનું નકકી કર્યું.

**રીબેરો :**
પણ, અલિ અકબરની કેસેટ તો તેં વગાડી જ નહીં ? છેલ્લે છેલ્લે નિશાએ આમતેમ ઘેનમાં ચાંપ દબાવી ત્યારે થોડોક ભાગ સરોદનો રહી ગયો. બાકી બીજું બધું તો તેં રબાઉટ કરી નાખ્યું !

**અચ્યુત :**
ભૂલમાં મારાથી પ્લે ને બદલે રેકૉર્ડની ચાંપ દબાઈ ગઈ.

**રીબેરો :**
ભૂલમાં કે જાણી જોઈને ? (અચ્યુત નિરુત્તર રહે છે એટલે વિષય બદલીને) તેં કેટલી ગોળી ખાધી હતી ? આ શીશીમાં પચીસ હતી કેમ ? (ડ્રેસિંગ ટેબલ પરની શીશી ઊંચકે છે.)

**અચ્યુત :**
અમે સરખે ભાગે દસ દસ લીધી હતી.

**રીબેરો :**
પણ આમાં તો તેર બચી છે.

**અચ્યુત :**
મારી ભૂલ થઈ. અમે સરખે ભાગે છ છ લીધી હશે.

**રીબેરો :**
તો પછી તારા સ્ટમકવોશમાં એક પણ કેમ ન મળી ? નિશા બાથરૂમમાં ગઈ ત્યારે એના ગ્લાસમાં વધારે તો નહોતી નાખી દીધી ને ? એનો પ્રાણ તો હોસ્પિટલમાં પહોંચ્યા પહેલાં જ ચાલ્યો ગયો હતો.

**પ્રભાકર :**
લુક હિયર ઇન્સ્પેક્ટર ! આઇ મસ્ટ ઇન્ટરવીન ......પ્રત્યેક વ્યકિતનો બાંધો વેગળો હોય છે. ઝેરની અસર બાંધા પર, ખોરાક - પાણી પર, માનસિક હાલત પર નિર્ભર રહે છે.

**રીબેરો :**
શરીરનો બાંધો અચ્યુતને વારસામાં મળ્યો હશે ! ખોરાક પાણીનો તમે જ બંદોબસ્ત કર્યો હશે ! એની માનસિક હાલત નિષ્ઠુર હતી તે પણ તમારી દેન હશે ! (પ્રભાકર મૌન જાળવે છે.) હાં... તો અચ્યુત, તેં છ અને નિશાએ પણ છ જ ગોળી લીધી. તું સાવ બચી ગયો અને એ મરી ગઈ ! તને એ બાબતનો અફસોસ થાય છે ખરો ?

**અચ્યુત :**
મને ખબર નથી કે એવું મેં કેમ કર્યું ?

**રીબેરો :**
ખબર કેમ નથી ? તેં જ તો નિશાને કહ્યું હતું કે, રોજે રોજનો પાઇએ પાઇનો, હિસાબ તારે પ્રભાકરભાઈના ટેબલ પર મૂકવો પડે છે. આવા

હિસાબની કોઇ પણ દિવસની એકપણ યાદી તું મને બતાવી શકીશ ?

**અચ્યુત :**
નિશાની કંઇક ગેરસમજ થઇ હતી. મેં એને એવું કદી કહ્યું ન હતું.

**રીબેરો :**
આ નિશાનો છેલ્લો કાગળ જો !....મરતાં પહેલાના કાગળમાં કોઇ જૂઠું બોલે ? (સેન્ટર ટેબલની એક ફાઇલમાંથી કાગળ કાઢીને અચ્યુતને આપે છે. અચ્યુત એ કાગળ ફાડવા જાય છે.) ફકત ઝેરોકસ કોપી છે. ઓરિજિનલ તો આ ફાઇલમાં પણ નથી. એ તો થાણાની તિજોરીમાં છે. (અચ્યુત વિલો પડી જાય છે.)

**અચ્યુત :**
હું ફાડવાનો ન હતો . પણ આ કાગળમાં જે પિષ્ટપીંજણ નિશાએ કર્યું છે તે સાવ વાહિયાત છે.

**રીબેરો :**
જ્યારે નિશાએ તને એ કાગળ વાંચી સંભાળાવ્યો ત્યારે કેમ તું કશું બોલ્યો નહીં ? આ ટેપમાં તે વખતની વાતચીત રેકૉર્ડ થઇ છે તે સંભળાવું ?

**અચ્યુત :**
છેલ્લા દિવસે, જતાં જતાં, નિશાની લાગણી મારે દુભાવવી ન હતી.

**રીબેરો :**
એમ ! નિશાની લાગણી બાબત તને એટલી બધી ચિંતા હતી ? (પ્રભાકર તરફ ફરીને) હવે તમારો વારો આવે છે. પંદર વર્ષ પહેલાં શીલાનું મૃત્યુ ધનતેરસના દિવસે થયું, તે પછી તમે તમારા તે વખતનાં પડોશી ચંપાબાઇ સાથે લગ્ન કર્યા, મૃત્યુ પછી લગ્ન કેટલા દિવસમાં કર્યા ? તમને ચેતવણી આપું છું કે આ લગ્ન રજિસ્ટ્રીમાં થયા હતા. અમે રેકૉર્ડને ચેક કરી શકીએ તેમ છીએ.

**પ્રભાકર :**
શીલાના મૃત્યુ અને મારા બીજા લગ્ન વચ્ચે એક મહિનાનો ફાસલો હશે.

**રીબેરો :**
એક મહિનાની તો નોટિસ આપવી પડે છે. એનો અર્થ એમ કે જે દિવસે શીલાનો અગ્નિદાહ થયો. તેને બીજે જ દિવસે તમે બંનેએ રજિસ્ટ્રી ઓફિસમાં જઈને નોટિસ કઢાવી હશે, બરાબરને ?

**પ્રભાકર :**
(ઊલટ તપાસ નીચે હવે એ અકળાતો જાય છે.) મને બરાબર યાદ નથી.

**રીબેરો :**
અચ્યુતને ખબર નથી. તમને યાદ નથી. ચંપાતાઈને બોલાવું તમારી યાદદાસ્ત તાજી કરાવવા ?

**પ્રભાકર :**
(ચિંતાતુર) ના, ના.... ચંપાને બોલાવવાની તકલીફ ન લેશો. મને યાદ આવી ગયું. અગ્નિદાહના દિવસે બપોરે જ અમે રજિસ્ટ્રી ઓફિસમાં ગયાં હતાં.

**અચ્યુત :**
મા તો બપોરથી જ બેપત્તા છે.

**રીબેરો :**
બેપત્તાનો પત્તો લગાડવાની પોલીસને ટેવ હોય છે.

**પ્રભાકર :**
(ચોંકી જઈને) ઓ હો ! એટલે તમને મળી હશે ! ઠીક છે, પણ એટલું યાદ રાખજો કે, ઉશ્કેરાયેલી સ્ત્રીના આડાઅવળા તોહમતોથી મને ડરાવી નહીં શકો.

**રીબેરો :**
તોહમતોની સાથે પુરાવો પણ હોય તો ? (એ ફાઈલ હાથમાં લે છે ને પ્રભાકરનાં ગાત્રો ગળી જાય છે અને એ નિરુત્તર રહે છે.) ચંપાબાઈ સાથે લગ્ન કરવાની એટલી ઉતાવળ હતી ? એકની ચિતા હજી ટાઢી નથી પડી અને બીજીની સાથે લગ્ન લેવાની શરૂઆત થઈ ગઈ ? તમારા અને ચંપાબાઈના તો

પ્રેમલગ્ન હતા ને ! કેમ અચ્યુત ?

**અચ્યુત :**
મને ખબર નથી......હું તે વખતે માંડ બાર - તેર વર્ષનો હોઇશ.

**રીબેરો :**
મેં એટલા માટે તને પૂછ્યું કે તેં શીલાબેન અને પ્રભાકરનો છેલ્લો ઝગડો અંદરની ખોલીમાંથી સાંભળ્યો હતો, નહીં ? (અચ્યુત અને પ્રભાકર દિગ્મૂઢ થઇ જાય છે) એ પછીની પ્રભાકર અને ચંપાબાઇ વચ્ચેની વાત પણ તેં સાંભળી હતી નહીં ?

**અચ્યુત :**
(ગભરાટમાં) મને બરાબર યાદ નથી.

**પ્રભાકર :**
(બધી હિંમત ભેગી કરીને) જૂની વાતો ખંખોળીને શું ફાયદો ? જે થવાનું હતું તે થઇ ગયું. આજે હું અને ચંપા આનંદમાં, હળીમળીને અમારો સંસાર ચલાવી રહ્યાં છીએ. અમારી વચ્ચે વિખવાદ ઊભો કરવાનો તમને શું હકક છે ઇન્સ્પેક્ટર ? અને ગઇ ગુજરીની સાથે આજની બીનાનો શો સંબંધ !

**રીબેરો :**
કંઇ જ સંબંધ નથી ? અચ્યુતના માનસિક ઘડતર સાથે તેનો કંઇ જ સંબંધ નથી ?

**પ્રભાકર :**
ના.....ના......એમ તો.....પણ ટેપમાં નિશાએ કબૂલ કર્યું છે કે એણે રાજીખુશીથી આપઘાત કરવા સારું ટેબલેટો ખાધી હતી.

**રીબેરો :**
ટેપ થયેલા સંવાદો પર પહોંચવાને હજી વાર છે. તેના પહેલાંની પૃષ્ઠભૂમિકા અત્યારે આપણે તપાસી રહ્યાં છીએ. અચ્યુતના ચારિત્ર ઘડતરનો મુદ્દો સાવ અસંબદ્ધ તો નથી ને ?

**પ્રભાકર :**

હું કબૂલ કરું છું કે અચ્યુતને મેં લાડલડાવીને બગાડી નાખ્યો હશે, એને અનેક સગવડો આપીને, બેફામ પૈસા ખર્ચવાની છૂટ આપીને, મેં ઠીક નથી કર્યું એનું આજે મને ભાન થયું છે. મારી આંખ ખોલવા બદલ હું તમારો ઋણી છું. પણ.......પણ.......ટેપમાં નિશાએ સ્પષ્ટ કર્યું છે.....

**રીબેરો :**

ફરી ટેપની વાત કરી ? (પ્રભાકર માથું ઢાળી દઈને....) ખેર, તમારા પ્રેમલગ્ન હોય કે ન હોય, પરનાતનાં તો લગ્ન હતાં જ ને ? તો પછી અચ્યુતે નિશાને ઊંધુંજ કેમ ભરમાવ્યું?

**અચ્યુત :**

મને યાદ નથી કે એવું મેં કદી નિશાને કહ્યું હોય.

**રીબેરો :**

તો પછી એ છેવટના કાગળમાં એવું લખે શા માટે ? તો પછી આપઘાત કરવાનો સવાલ જ કેમ પેદા થયો ? નિશા સુશિક્ષિત હતી, તારી સહાધ્યાયી હતી, તમારા બન્નેનાં કુટુંબ આધુનિક હતાં, બલ્કે સોફિસ્ટીકેટેડ હતાં. તેં નિશાના મનમાં એમ કેમ ઠસાવ્યું કે પ્રભાકરભાઈ અને ચંપાતાઈ રૂઢિચુસ્ત કર્મકાંડી હતાં. ને તેઓ નિશાનો કદી સ્વીકાર કરત નહીં.

**અચ્યુત :**

નિશાની થોડીક ગેરસમજ હતી.

**રીબેરો :**

થોડીક ગેરસમજ ? સાથે આપઘાત કરવા સુધીની ગેરસમજ ?.....તેં નિશા સાથેના તારા લગ્ન કરવાના ઈરાદાની જાણ તારા માતાપિતાને કદી કરી હતી ?

**પ્રભાકર :**

બિલ્કુલ નહીં, એની ગંધ પણ અમને ન હતી. નહીં તો સતારાની કો'ઓપરેટીવ શ્યુગર ફેક્ટરીના ચેરમેનની દીકરી સાથે એનાં વેવિશાળની વાત અમે ઉપાડત

જ શું કામ ?

**રીબેરો :**
ઓહો ! તો એક તરફ અચ્યુતભાઇ સાકર કારખાનાના નવા સંસ્થાનિકની રાજકુમારી સાથે વેવિશાળ યોજી રહ્યા હતા, અને બીજી તરફ નિશા સાથે અંતિમ બલિદાનની ગોઠવણ થઇ રહી હતી ? તને આ વેવિશાળની ખબર હતી અચ્યુત ?

**પ્રભાકર :**
(ખચકાઇને) અમે એવા જૂના જમાનાના છીએ કે છોકરાને પૂછ્યા વગર કંઇ પણ પગલું ભરીએ ?

**રીબેરો :**
ઓહો ! જુના જમાનાના નથી તમે ? રૂઢિસ્ત, કર્મકાંડી, રોજ સંધ્યા - પૂજા કરનારા જ્ઞાતિપ્રેમી, ચિતપાવન તમે નથી ? નિશાની ખરેખર ઘણી મોટી ગેરસમજ ....., પણ પ્રશ્ન મેં તને પૂછયો હતો અચ્યુત !

**અચ્યુત :**
(સાવ નિસ્તેજ થઇને) પપ્પાએ તો તમારી સામે કબૂલ કરી દીધું છે કે મને ખબર હતી.

**રીબેરો :**
(કરડાકીથી) મિ. પ્રભાકર લિમયે એ શું કહ્યું તે નથી પૂછતો, તને ખબર હતી કે નહીં ?

**અચ્યુત :**
ખબર હતી.

**રીબેરો :**
તને આ વેવિશાળ પસંદ હતું ?

**અચ્યુત :**
પસંદ હતું.

**રીબેરો :**
તો પછી નિશાના આપઘાતનો સવાલ નથી રહેતો. તારા આપઘાતનું શું ? નિશાની ગેરસમજ થઇ હશે, એમ માની પણ લઇએ. પ્રભાકર અને ચંપા નિશાનો કદી સ્વીકાર નહીં કરે એમ ધારી પણ લઇએ. તો પણ તું આપઘાત તરફ શું કામ પ્રેરાયો ?

**અચ્યુત :**
આપઘાત ......આપઘાત.....કરવાનો મારો વિચાર ન હતો.

**પ્રભાકર :**
(હવે એ અચ્યુત પર ગુસ્સે થઇ જાય છે.) તો પછી તમે બન્ને આ રૂમમાં આવ્યાં શું કામ ? તેં અમને અંતિમ વિદાયનો પત્ર શા માટે લખ્યો ?

**રીબેરો :**
એક્ઝેક્ટલી, એક્ઝેક્ટલી આ નાટક તેં રચ્યું શા માટે ? (એ ઊભો થઇને પલંગ પાસે જાય છે) અહીં એવું શું છે ? (ઝડપથી અચ્યુત પાસે આવી એના ખમીસના કોલર પર મુઠ્ઠી દબાવી એને ખેંચીને ઊભો કરીને) જો તારે આપઘાત કરવો ન હતો અને નિશા પાસે કરાવવો હતો તો એનો અર્થ એટલો જ કે તેં એનું ખૂન કર્યું છે.

**પ્રભાકર :**
અને તે શું કામ ? તેનું કારણ શું ? તને એમાંથી શું મળ્યું ?

**રીબેરો :**
શીલાનું ખૂન કરીને પ્રભાકરે તો મિલ્કત મેળવી. બેરિસ્ટ્રી કરવા લંડન જવાનો ખર્ચ મેળવ્યો. હા,....હા,.....ચંપાબાઇ સાથે એમને સોદો કરવો પડયો. અને તેય આખરે ફળ્યો. પણ તને શું મળ્યું અચ્યુત ?

**પ્રભાકર :**
(ઉશ્કેરાટમાં ઊભો થઇ ગયો હોય છે, તે પાછો બેસી જાય છે.) તમને બધી જ ખબર પડી ગઇ છે ? (ધીરેથી બાથરૂમનું બારણું ખોલીને ચંપા દાખલ થાય છે. તેને જોઇને પ્રભાકર અને અચ્યુત ઠંડાગાર થઇ જાય છે. પ્રભાકર ફરી

ઊભો થઈને ચંપા તરફ તાકી રહે છે. અચ્યુતનો કોલર એમને એમ ઈન્સ્પેક્ટરની મુઠ્ઠીમાં જ છે.)

**ચંપા :**

મેં ઈન્સ્પેક્ટરને બધી જ બીના કહી દીધી છે. શીલાના ખૂનના અપરાધમાં તમારી સાથે હું પણ જેલમાં જવાની છું. પણ નિશાના ખૂન પછી હું ચૂપ ન રહી શકું.....! અચ્યુતના ચારિત્રનું ઘડતર પાખંડી બુનિયાદ પર થયું, એણે જોયું કે તમે શીલાનું ખૂન કરીને સુખચેનથી જીવનસંસાર ચલાવી રહ્યા છો. પ્રતિષ્ઠા, પૈસા, મોભો, કારકિર્દી બધું જ આરામથી સંભાળી લીધું છે. ભલેને કોઈની હત્યાના પાયા પર મિલ્કતનું સામ્રાજ્ય સર્જાયું હોય ! આપણા સમાજમાં તો મિલ્કત જ સર્વસ્વ છે ને ?

**પ્રભાકર :**

ચંપા, તેં જે કર્યુ તે બદલ મને દુઃખ નથી. હું પણ મારી ભૂલ કબૂલવા તૈયાર છું. આખરે જેને માટે કર્યું તે પણ મારા જેવો ખૂની નીકળશે એવી અપેક્ષા ન હતી. હું મારા કરેલાંનું ફળ ભોગવી જ રહ્યો છું....(થોડી પળની શાંતિ બાદ એકદમ અકળાઈ જઈને) પણ અહીં તો નરી મૂર્ખતા છે. અચ્યુતે તો નિશાની એક ક્રૂર મજાક કરી છે. એને પોતાને કશું જ મળ્યું નથી. એણે તો સ્વાર્થ પણ સાધ્યો નથી. એનું વેવિશાળ આપણે માતબર કુટુંબમાં કરવા ધાર્યું હતું, સ્મિતા ખૂબ જ સુંદર અને સુશિક્ષિત હતી, અરે છે, એ બધું ફગાવી દઈને વિના કારણ નિશાનું ખૂન.... ?......

**રીબેરો :**

(અચ્યુતને જોરથી ધકકો મારીને ખુરશીમાં ફેંકી દે છે.) કારણ વગર કશું બને જ નહીં (એ પાછો પલંગથી બેડસાઈડ ટેબલ, બેડસાઈડ ટેબલથી ડ્રેસિંગ ટેબલ, ડ્રેસિંગ ટેબલથી સેન્ટર ટેબલથી પાછો પલંગ પાસે એમ એક ચકકર મારે છે.) કારણ શું છે તે જ જડતું નથી.

**ચંપા :**

કારણ હું કહું ?

**પ્રભાકર : રીબેરો :**

તમને કારણની ખબર છે ?

**પ્રભાકર : રીબેરો :**
તમને કારણની ખબર છે ?

**ચંપા :**
ખાતરી નથી, પણ કલ્પના કરી શકું છું (ધીરેથી અચ્યુતની પાસે જઇને, એની આંખમાં આંખ મિલાવીને) બેટા અચ્યુત ! પેલો પંચોતેર લાખનો હીરાનો હાર, એ જ કારણ હતું ને ?

**પ્રભાકર :**
ઓ ગોડ !

**રીબેરો :**
આ,..હા...એ હીરાના હારનું તો આપણે ભૂલી જ ગયા !...(અચ્યુત તરફ ફરીને) કયાં છે એ હાર, અચ્યુત ? (ઘૂમીને રીબેરો પાછો પલંગ પાસે જાય છે. એના ફૂટબોર્ડને જોરથી હલાવીને) કયાં સંતાડયો છે એ હાર ?

**અચ્યુત :**
તમને ખબર તો છે.

**રીબેરો :**
તખ્તા પરની બધી લાઇટો બૂઝાઇ જાય છે. અને ફકત રીબેરો અને અચ્યુત પર એક સ્પોટ કેન્દ્રિત થાય છે. ધ્વનિપ્રસારણ યંત્રમાંથી રહસ્ય અને વિષાદના સૂરો રેલાય છે, રીબેરો ખૂબ જ જોરથી ફૂટબોર્ડ તરફના પલંગના સળિયાને હલાવતો રહે છે.) આ પલંગમાં સંતાડયો છે ? ગાદલામાં છે ? ફૂટબોર્ડના માળખાને જોરથી ખેંચીને ગાદલાના વળેલા કિનારા તરફ હાથ લંબાવે છે અને ઓચિંતી એક તરફની પાઇપ છૂટી થઇને જમીન પર અથડાય છે કે ઇન્સ્પેક્ટર કૂદીને એનો છેડો પકડીને એમાંથી હીરાનો હાર કાઢે છે. એ હારને હથેળીમાં લઇને અચ્યુત, ચંપા અને પ્રભાકર તરફ ધરે છે. એ ક્રિયાની સાથે પડદો બંધ થવાની શરૂઆત થઇ જાય છે. અને ચૌરાહાનો અંત આવે છે.)

**"ચૌરાહ"**

**સમાપ્ત**

વિનાયક પુરોહિત લિખિત
હવે પછી પ્રગટ થનારાં બીજાં મૌલિક નાટકો :
બ્યાલીસ, ૧૯૬૮
અમીના અને તેનો જમાનો, ૧૯૭૮
વૈષ્ણવજન તો તેને રે કહીએ.....,૧૯૭૮

(આગલા ફ્લેપથી ચાલુ)


# વિનાયક પુરોહિત

- કલા, સ્થાપત્ય, સંગિત, નૃત્ય, નાટ્ય, ચલચિત્ર અને સાહિત્યવિવેચક ૧૯૫૬ થી માંડીને;
- રાજનિતી વિવેચક, ખાસકરીને ડૉ. રામ મનોહર લોહિયાના મુખપત્ર 'મેનકાઈન્ડ' ના, તેના પ્રથમ ૧૯૬૭ ના અંક થી "ડૉ સાહેબ"ના મૃત્યુ સુધી ૧૯૬૭ ના અંક સુધીના;
- કલા સલાદકાર, એક અગ્રગણ્ય ઉધોગસમુહના, ૧૯૫૦ ના દાયકાથી માંડીને ૧૯૭૦ ના દાયકાના અંતસુધી;
- નાટ્યકાર: ચૌરાહા. બેંતાલીસ, સ્ટીલફ્રેમ ને અમીના અને તેનો જમાનોના, ૧૯૬૦ ના દાયકાના અંતથી માંડીને;
- ગીતાઇ મંદિર, વર્ધાના સ્થાપત્ય રચનાકાર, ૧૯૭૦ નો દાયકો.,
- પીએચ.ડી. ૧૯૭૬ ના, સંક્રાંતિકાળના ભારતની કલાઓ: વીસમી સદી, બે ભાગો, માટે;
- જ્યેષ્ઠ શિષ્યવૃત્તિ, આઇ.સી.એસ.એસ.આર. અને યુ.જી.સી. તરફથી ૧૯૭૬-૮૨;
- મુલાકાતી પ્રાધ્યાપક, પંજાબ વિશ્વવિદ્યાલય, ચંડીગઢ, ૧૯૮૦-૮૨;
- માનદ અતિથિ, ગ્રેટ બ્રિટનની આર્ટ્સ કાઉન્સીલ, ૧૯૮૦-૮૧;
- મુલાકાતી પ્રાધ્યાપક, ગોથેનબર્ગના ચાલ્મર્સ ઈન્સ્ટીટ્યુટના અને સ્ટોકહોમના રોયલ ટેક્નીકલ ઇન્સ્ટીટ્યુટના, ૧૯૮૧;
- મુલાકાતી વૈજ્ઞાનિક, સી.એસ.આઇ.આર., ૧૯૮૨-૮૪;
- મુલાકાતી પ્રાધ્યાપક, ફીલીપીન્સ વિશ્વવિદ્યાલય, મનીલા, ૧૯૮૪;
- સલાહકાર, આઇ.એલ.ઓ.પ્રોજેક્ટ, મહારાષ્ટ્ર, ૧૯૮૪-૮૫;
- હાલ લખી રહ્યા છે "પરોઢ પહેલાનો અંધકાર", એક મહાકાય નવલકથા;
- સાથે સાથે "ભારતની કલાઓનો એક નવો ઇતિહાસ: ભૌતિકવાદી દ્વંદ્વવાદી દષ્ટિકોણથી એક પુનરાવલોકન"

**વિ. શ. પ્રકાશન**
૫, બીજો માળ, રવિ ધુરૂ વાડી,
૩૭૨-અ, વીર સાવરકર માર્ગ, (કેડેલ રોડ)
દાદર, મુંબઈ-૪૦૦૦૨૮.
ફોન: ૪૨૨ ૦૮ ૫૪, ૪૨૨ ૫૮ ૭૫, ૪૩૦ ૯૦ ૪૯.

# ચૌરાહા

Purohit-Guj-04



વિનાયક
પુરોહિત